PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 9, Year: 71, December 2025, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

અંતર્ગત

## શૈક્ષણિક ઉત્કર્ષ યોજના

### સ્વ. શ્રી અનંતરાય તારાચંદ શાહ
### સ્વ. શ્રીમતી સ્નેહલતા અનંતરાય શાહ ના પુત્ર

વતન-ધાંગધ્રા, જીલ્લો -સુરેન્દ્રનગર

## રૂા. અગિયાર લાખ નું માતબર અનુદાન



## ડૉ. શૈલેષકુમાર અનંતરાય શાહ

**ઉંમર વર્ષ : ૬૭ - સ્થળ : અમદાવાદ**

ડૉ. શૈલેષકુમાર અનંતરાય શાહે ગુજરાત S.S.C. બોર્ડમાં સેન્ટરમાં અને M.B.B.S. માં બે ગોલ્ડ મૅડલ, M.S. માં એક ગોલ્ડ મૅડલ સાથે M.P. Shah Medical College માં ૧૯૭૬ થી ૧૯૮૪ માં કેળવણી લીધી, ત્યારબાદ તેમની મેરીટ ઉપર પુરા દેશમાં ૭ થી ૧૦ સીટ વચ્ચે વેલ્લોરની પ્રખ્યાત ક્રિશ્ચિયન મેડીકલ કોલેજમાં યુરોલોજીનો અભ્યાસ કરી અમદાવાદમાં ડૉ. એચ. એલ. ત્રિવેદી સાથે યુરોલોજીનો DNB અભ્યાસક્રમ ચાલુ કર્યો અને ૨૦ વર્ષમાં અનેક ઓપરેશનો મફતમાં અને ટ્રાન્સપ્લાન્ટ પણ મફતમાં કરી આપ્યા.

ઉપરનું શક્ય બન્યુ શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાની મદદથી કેમ કે વિદ્યાર્થી તરીકે હોંશિયાર હોવા છતાં તેમનું કુટુંબ આર્થિક રીતે નબળું હતું. મુંબઈની સંસ્થાઓની મદદથી તેઓ સુપર સ્પેશ્યાલિસ્ટ સર્જન બની શક્યા.

**આ મેં મેળવેલ મદદના પ્રમાણમાં ફૂલની પાંખડી છે પણ મારા ઉપરના ઉપકાર ક્યારેય ભૂલાશે નહિં.**

**ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશનને કોટિ કોટિ વંદન**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશનને

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ દીપચંદભાઈ તુરખીયા

(સુરેન્દ્રનગર નિવાસી - હાલ અંધેરી)

*પ્રેરિત*

# માનસીબેન સુનીલભાઈ તુરખીયા

# એકરાજભાઈ માનસીબેન તુરખીયા

# કન્યા ઉચ્ચ શિક્ષણ યોજના

## રૂા. એક કરોડ પચાસ લાખનું માતબર અનુદાન



શ્રી મહેન્દ્રભાઈ દીપચંદભાઈ તુરખીયા



શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા

# કન્યા શિક્ષણ પ્રેમી

# આ પરીવારને ખુબ ખુબ અભિનંદન

*ઝાલાવાડી સભા દ્વારા ખુબ ખુબ અનુમોદના...*

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

*સંચાલિત*

## શ્રી કનુભાઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહ ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ

## રૂા. પાંચ લાખનું માતબર અનુદાન



# શ્રી દિનેશભાઈ શાંતિલાલ શેઠ

(લીંબડી નિવાસી હાલ અંધેરી, મુંબઈ)

ની

સ્મૃતીના સંભારણા સ્વરૂપે

**ભારતીબેન દિનેશભાઈ શેઠ તથા અમી વૈશલ શાહ પરિવાર તરફથી**

સભા દ્વારા ખુબ ખુબ અનુમોદના

---

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજના**



અ. સૌ. સરોજબેન જીતેન્દ્રભાઈ સંઘવી

## અ. સૌ. સરોજબેન જીતેન્દ્રભાઈ સંઘવી

**હ: ભૌમિક સંઘવી**

વતન જોરાવરનગર (હાલ કાંદીવલી) તરફથી

## રૂા. ત્રણ લાખનું અનુદાન

અનુમોદના સાથે આભાર

---



## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

*સંચાલિત*

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ**

## લોનાવલા સેનેટોરિયમનું
## આધુનિકરણ કાર્ય ખુબજ સુંદર રીતે ચાલી રહ્યું છે

**સભાના માનવંતા સભ્યોને આહ્વાન રૂા. પાંચ લાખ અથવા રૂા. ત્રણ લાખનું અનુદાન આપી લોનાવલા સેનેટોરિયમના આધુનિકરણ કાર્યમાં સહભાગી બનો.**

|| શ્રી ગણેશાય નમઃ ||  || શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||  || શ્રી મહાવીરાય નમઃ ||

# NIRMIT SANJAY SHAH



## PERSONAL DETAILS

- Date of Birth: 9 September, 1997
- Birth Time: 8:45 a.m
- Birth Place: Ghatkopar, Mumbai
- Height: 5'10" | Blood Group: O+ve
- Caste: Zalawadi Vishashrimali Sthanakvasi Jain
- Native Place: Botad
- Residence: 704, Garodia Palace, 90 Feet Road, Ghatkopar (East), Mumbai -400077

## EDUCATION

- MBA - Indian School of Business
- Bachelors in Management Studies - NM College
- P. G. Garodia School (I.C.S.E)

## WORK

- Managing Partner at Gautam Advertising (Family Business)
- Previously worked as Group Head at FCB Kinnect (2018-2022)

## FAMILY

- Grandfather: Late Shri. Jayantilal Chandulal Shah
- Grandmother: Late Smt. Shantaben Jayantilal Shah
- Father: Sanjay Jayantilal Shah - **9821054179**
  Managing Partner at Gautam Advertising
- Mother: Manisha Sanjay Shah (Homemaker) - **9820350093**
- Sister: CA Neoshi Ajmera - Wealth Advisor & Professional Trader (Vile Parle West)
- Brother-in-law: CA Naman Kiritbhai Ajmera - JK Diamonds Institute of Gems & Jewelry

## FAMILY BUSINESS

- **Gautam Advertising** - www.gautamad.com
  57-year-old advertising agency accredited by I.N.S New Delhi specializing in print & digital media
- Office Address: B-606, Neelkanth Business Park, Vidyavihar West, Mumbai - 400086

## PATERNAL FAMILY

- Grand Kaki - Grand Kaka: Pravinaben - Rameshbhai Chandulal Shah - 9820229801
  (Trustee - Shree Ghatkopar Zalawadi St. Jain Mandal)
- Fiya - Fua: Late Alkaben - Chetankumar Shah (Natha Bhavan Family)
  Ritaben - Dr. Rashminkumar Shah (Ghatkopar)
  Sonalben - Manishkumar Sanghavi (Premier Intermediates Pvt. Ltd.)

## MATERNAL FAMILY

- Nani-Nana: Ranjanben - Late Mahendrabhai Himatlal Shah (Sayla, Andheri West)
- Mami-Mama: Manisha - Sanjaybhai Shah (Turakhia Opticians) - 9892485740

Advt.

# VIDIT KOTHARI



**HEIGHT**

5' 11"

**DATE OF BIRTH, PLACE**

5TH NOV 1998, MUMBAI

**CAST**

ZALAWADI VISA -SHRIMALI STHANAKWASI JAIN

**RESIDENCE**

IN INDIA:
SION EAST, MUMBAI

IN USA:
JERSEY CITY, NEW JERSEY

**FAMILY NATIVE**

DHRANGADHRA, SURENDRANAGAR

**ABOUT ME**

I'm a driven Data & AI professional in New York who's passionate about technology and its real-world impact. Outside work, I love cooking, photography, traveling, and exploring hidden food spots or nature trails. Weekends are for spontaneous adventures and spending time with friends and family, who are incredibly important to me. I'm looking for a kind, positive, and intellectually curious partner who complements my calm nature.

**FAMILY DETAILS**

Parents : +91-9930268788
Ketan Pravin Kothari (VP - Infra, 63 Moons Ltd)
Karuna Ketan Kothari (Housewife)

Bhai - Bhabhi : +91-9324112119
Khushank Kothari (Business - Travel Industry)
Ameesha Kothari (Education Consultant, Athena Edu.)

Dada - Dadi :
Pravin Amrutlal Kothari (M/s. A D Kothari - Steel Merch.)
Late Smt. Pushpa Pravin Kothari

Kaka - Kaki : Hitesh P Kothari - Rupal H Kothari

Fui - Fua : Nimisha R Shah - Rajendra Shah

Nana - Nani : Late Shri Mahendra Kalidas Sheth, Late Smt Pushpa Mahendra Sheth
**Native : Savarkundla**

Mama - Mami : Bhavin M Sheth - Manisha B Sheth

Masi - Masa : Dipa J Kothari - Jaydeep C Kothari

**EDUCATION**

- DON BOSCO HIGH SCHOOL, MATUNGA (BATCH OF 2014)
- NMIMS, MUKESH PATEL SCHOOL OF ENGINEERING (2016 - 2020)
  Bachelor of Technology, Computer Science
- ROCHESTER INSTITUTE OF TECHNOLOGY, USA (2022 - 2024)
  Master of Science, Computer Science & AI

**WORK EXPERIENCE**

- Arya.ai (2020 - 2022) - Data Scientist
- Forever Beauty - Principal Data Scientist (2022 - 2024)
- SMBC Group - Analyst, Data Science (2024 - Present)

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ડિસેમ્બર ૨૦૨૫

વર્ષ : ૭૧ : : અંક : ૯

: તંત્રી :

શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ

: મુદ્રક અને પ્રકાશક :

શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ

: પ્રકાશન સ્થાન :

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.

મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧

Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪

: ફક્ત પત્રિકાનું લવાજમ :

ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST

ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–

છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦



*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*




# સમયનો તકાજો

કરી દૃષ્ટિ વિવશ નભમાં ચાતક હવે અકળાય છે,
વાદળ વિના સાવ કોરું, કંઠ બહુ રૂંધાય છે.

એ હતો કુદરતનો ક્રમ, વરસાદનું જ જળ પીવે,
પણ હવે ખાબોચિયાના જળ ભણી લલચાય છે.

હો, સમયનો છે તકાજો, નિયમ સૌ નેવે મૂકો,
સ્વાર્થનો જોડી સંબંધ, શાને સહુ હરખાય છે.

ખુલ્લી બારી ને નજર બહુ દૂર સુધી જાય છે,
પણ ખૂલે ના બારી ભીતરની, કેમ ના કળાય છે ?

સ્પર્શની બોલી, વાચા મૃદુ હતી નજરો પણ ૠજુ,
પણ હવે જીભ છે કાતિલ, દિલ બહુ છોલાય છે.

દર્પણો દશ્યો સભર સહુ ઝળહળાં સંગાથે દીપતા,
સ્હેજમાં વિચ્છિન્ન દર્પણ, 'સ્નેહી' કોઈ ક્યાં દેખાય છે ?

– સુરેશ પરીખ 'સ્નેહી'

# માતાનો પુણ્યપ્રકોપ

કુમારપાળ દેસાઈ

ગુજરાતની મહાજન પરંપરાનો તેજસ્વી ઈતિહાસ છે અને તેમાં પણ અમદાવાદના નગરશેઠની તો ભવ્ય અને ઉજ્જ્વળ પરંપરા જોવા મળે છે. જિનશાસનની કીર્તિગાથાનું આ એક યશસ્વી પ્રકરણ છે.

શેઠ શાંતિદાસની કુનેહ, ઉદારતા અને ધર્મપરાયણતા એમના વારસોમાં ઊતરી આવી. માત્ર નગરશેઠ જ નહીં, પરંતુ હરકુંવર શેઠાણી, ગંગામા, મોહિનાબા જેવાં આ કુટુંબનાં નારીરત્નોઓ ધર્મ અને સમાજમાં આગવો પ્રભાવ પાથર્યો હતો. શેઠ દલપતભાઈનાં પત્ની ગંગાબહેન અનેકવિધ ધર્મકાર્યોમાં સદાય અગ્રેસર રહેતાં હતાં.

વિ. સં. ૧૯૨૧માં શેઠશ્રી દલપતભાઈએ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. પૂજ્ય મૂળચંદ્રજી મહારાજ આ સંઘ સાથે હતા અને એ સમયે પૂજ્ય વૃદ્ધિચંદ્રજી મહારાજ પાલિતાણાથી ભાવનગર પધાર્યા હતા. આ સંઘમાં ગંગામાએ સાધુ-સાધ્વીઓની વૈયાવચ્ચમાં અને શ્રાવક-શ્રાવિકાઓની સાધર્મિક ભક્તિમાં અઢળક ધન તો ખર્ચ્યું, પરંતુ એની પાછળ પોતાની જાત પણ ઘસી નાખી. ચારે પ્રકારના સંઘની ગરિમા વહન કરતાં ગંગામા ધર્મમાતાસમાન હતાં.

સહુ કોઈને એમની પાસેથી માતાની મમતા, વાત્સલ્ય અને સેવા મળતાં હતાં અને તેથી જ તેઓ ગંગામા તરીકે ઓળખાતાં હતાં. એમની ઉદારતા જોઈને સહુને આબુ ઉપર અક્ષયકીર્તિસમાં દેવાલયો બંધાવનાર અનુપમાદેવીનું સ્મરણ થતું હતું. વિ.સં. ૧૯૬૭ના કારતક વદ ૯થી માગસર વદ ૧૦ ને રવિવાર સુધી અમદાવાદના ચારેય સંઘને અમદાવાદની શહેરયાત્રા કરાવી.

આ ધર્મપ્રસંગ એટલો વિરલ હતો કે મુનિરાજ શ્રી રત્નવિજયજી મહારાજે આ ધર્મયાત્રાને વર્ણવતું ભાવાહી સ્તવન રચ્યું હતું.

એક વાર ગંગામા આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજી મ.સા. નું વ્યાખ્યાન સાંભળતાં હતાં. આ સમયે શાસનસમ્રાટ આચાર્યશ્રીને એમની સિંહગર્જનાભરી વાણીમાં તીર્થરક્ષાના મહત્ત્વ અંગે વિસ્તૃત વિવરણ કર્યું. ગંગામાના ચિત્તમાં આનાથી ઉલ્કાપાત જાગ્યો. એ સમયે પરમ પવિત્ર સમેતશિખરજી પહાડ પર અંગ્રેજો શિકારીઓ અને સહેલાણીઓ માટે એક ગેસ્ટ હાઉસ બાંધી રહ્યા હતા.

ગંગામાનું ચિત્ત વિચારે ચડ્યું. અનેક તીર્થંકરો અને મુનિગણોની તપોભૂમિ અને નિર્વાણભૂમિની આવી આશાતના! કેવી પાવન છે આ તીર્થભૂમિ કે જ્યાંથી વીસ તીર્થંકર પરમાત્માઓ અને અનેક મુનિગણો તપશ્ચર્યા કરતાં મોક્ષે સિધાવ્યા છે!

આવી પાવનભૂમિ પર અંગ્રેજ સહેલાણીઓ માટે મોજશોખ, શિકાર, આનંદપ્રમોદ, માંસાહાર, મદિરા અને અભક્ષ્ય ભોજનનું અતિથિગૃહ? ગંગામા મનોમન પ્રભુ પાર્શ્વનાથની પ્રાર્થના કરવા લાગ્યાં. શ્રી સમેતશિખર પર્વત શ્રી પાર્શ્વનાથ પર્વત તરીકે પણ જાણીતો હતો. આ આપત્તિમાંથી ઉગારવા માટે ગંગામા પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન ગાવા લાગ્યાં.

ગંગામાને પોતાના વીર પૂર્વજોનું સ્મરણ થયું. શેઠ શાંતિદાસે તીર્થરક્ષા માટે તો ધર્મઝનૂની એવા ઔરંગઝેબને નમાવ્યો હતો. ગંગામાના પુત્ર લાલભાઈ ભોજન માટે આવ્યા ત્યારે ગંગામાએ એમની થાળીમાં બંગડીઓ પીરસી. લાલભાઈ આનો અર્થ સમજી શક્યા નહીં ત્યારે ગંગામાએ કહ્યું,

''આચાર્ય નેમિસૂરીશ્વરજી મહારાજ-સાહેબ તીર્થરક્ષા કાજે વ્યથિત છે ત્યારે તમે નગરશેઠ હોવા છતાં કશું કરતા નથી. આવા નિષ્ક્રિય જ રહેવાના હો તો આ બંગડી પહેરી લો અને મને તમારી સત્તા આપી દો. હું તીર્થરક્ષા માટે મારા પ્રાણની આહુતિ આપવા તૈયાર છું.''

માતા પુણ્યપ્રકોપે લાલભાઈમાં જુસ્સો જગાડ્યો. પુત્રના વીરત્વને માતાની વાણીએ જાગૃત કર્યું. એમણે અંગ્રેજ સરકાર સામે પ્રચંડ વિરોધ નોંધાવ્યો અને ગેસ્ટ હાઉસનું બાંધકામ બંધ રખાવ્યું.

ગંગામા સાધુ-સાધ્વીઓને અગાધ આદર આપતાં હતાં. સાથોસાથ પાંચ મહાવ્રતોની બાબતમાં સાધુ-સાધ્વી સમુદાયમાં શિથિલતા પેસી ન જાય તેની તકેદારી પણ રાખતાં હતાં. ક્યાંક કોઈ ક્ષતિ કે ઊણપ જુએ કે તરત જ વહાલસોયી માતાની માફક ધ્યાન દોરે. પોતાના પરિવારમાં પણ ધર્મમર્યાદા જળવાય તે માટે સદૈવ જાગ્રત રહેતાં અને અભક્ષ્ય ભક્ષણ ન થાય તેની સાવચેતી રાખતાં. આવાં હતાં ધર્મમાતા સમાં ગંગામા! ❖❖❖

**।। શ્રી મહાવીર વાણી ।।**
ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો,
મૃદુતા દ્વારા માનને જીતો,
સરળતા દ્વારા કપટભાવને દૂર કરો
અને સંતોષ વડે લોભ પર વિજય મેળવો.
**શ્રી દશવૈકાલિક સૂત્ર, ૮-૩૮**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

રજિસ્ટર્ડ ઑફિસ : ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ.બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

## સામાન્ય સભાની નોટિસ

**તા. ૦૫-૧૨-૨૦૨૫**

શ્રીમાન/શ્રીમતી

ઉપરોક્ત સંસ્થાની સામાન્ય સભા તા. ૦૩-૦૧-૨૦૨૬, શનિવાર બપોરે ૩.૩૦ કલાકે નીચેના સ્થળે મળશે, તો સંસ્થાના સભ્યોને સમયસર પધારવા વિનંતી.

### કામકાજ

(૧) તા. ૦૪-૦૧-૨૦૨૫ ની સામાન્ય સભાની મિટિંગની મિનિટ્સને મંજૂરી આપવા.

(૨) તા. ૧-૦૪-૨૦૨૪ થી તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધીના ઑડિટ થયેલાં હિસાબ મંજૂર કરવા.

(૩) સને : ૨૦૨૫-૨૦૨૬ના હિસાબી વર્ષ માટે ઑડિટરની નિમણૂક કરવા તથા તેમનું ઓનેરેરિયમ નક્કી કરવા.

(૪) પ્રમુખશ્રીની રજાથી અન્ય જે રજૂ થાય તે.

**સ્થળ : શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-મુંબઈ**
**૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,**
**૪૭, ડૉ. એમ.બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન)**
**ચીરાબજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨.**

**મનિષાબેન એમ. શાહ**
ટ્રસ્ટીશ્રી -માનદ્ મંત્રીશ્રી
**અતુલભાઈ એ. શાહ**
**અનિલભાઈ એચ. સંઘવી**
માનદ્ મંત્રીશ્રી

**મુકેશભાઈ આર. શાહ**
**નિરવભાઈ પી. દોશી**
માનદ્ સહમંત્રી

**હેમંતભાઈ પી. શાહ**
માનદ્ ખજાનચી
**બીનાબેન એ. સંઘવી**
માનદ્ સહખજાનચી

તા. ક. :

- મિટિંગના સમય વખતે કોરમ નહિ હોય તો અર્ધા કલાક પછી તે જ મિટિંગ તે જ સ્થળે મળશે અને એજન્ડા મુજબનું કામકાજ કરશે.
- આ જનરલ મિટિંગનો સર્ક્યુલર છે. ઝાલાવાડી સભાના તમામ મેમ્બર ભાઈ-બહેનોને પધારવા આમંત્રણ છે.
- પોસ્ટના કાનૂની નિયમ મુજબ હિસાબ પત્રિકા સાથે મોકલી શકાતો નથી તેથી હિસાબની કોપી મોકલાવેલ નથી.
- સભાના ઑડિટેડ હિસાબની કોપી સંસ્થાના કાર્યાલયેથી સંસ્થાના સભ્યોએ લેખિત જણાવવાથી તેમને તા. ૨૪-૧૨-૨૦૨૫ થી ૨૭-૧૨-૨૦૨૫ સુધી બપોરે ૧૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મળી શકશે. તેની નોંધ લેવા વિનંતી. (રવિવાર તથા રજાના દિવસ સિવાય)
- સભાના ઑડિટેડ હિસાબ તથા અન્ય પ્રશ્નોના સવાલ બાબત સભ્યોને કોઈપણ ખુલાસો જોઈતો હોય તો તા. ૩૦-૧૨-૨૦૨૫ સુધી બપોરે ૧૨-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધીમાં કાર્યાલયે લેખિત મોકલી આપવા વિનંતી.

# પાળેલો સંચો

ટૉમ મહોની

ચીનની વિરાટ યાંગ્સી નદીના મૂળ ભણી મજલ કાપતો એક ભૂગોળવેત્તા એક દિવસ એશિયાની પહાડોછાઈ છાતી પરના એક ટચૂકડા ગામમાં આવી પહોંચ્યો. દૂર દૂરના એ સ્થળના જમાના-જૂના વાતાવરણને બહારની દુનિયાનો સહેજ પણ સ્પર્શ કદી નહીં થયો હોય, એવું પ્રવાસીને પ્રથમ નજરે જ લાગી ગયું. પણ ત્યાં તો તેણે એક પરિચિત અવાજ સાંભળ્યો - ઘડીક ખટખટાટ, ઘડીક ઘરઘરાટ... વળી પાછો ખટખટાટ. અવાજની એંધાણીએ મુસાફર આગળ વધ્યો ને માટીના એક કૂબામાં પહોંચ્યો. જુએ છે તો ત્યાં ભોંય પર બેઠો બેઠો એક ગામડિયો દરજી સિંગરના સંચા પર કાંઈક લૂગડું સીવતો હતો - ખટ્ખટ્.... ખટ્ખટ્ખટ્..... ઘર્ર્ર્ર્ ઘર્ર્ર્ર્ઘર્ર્...

સંચા સાથે જેનું નામ જોડાયું છે તે ભાઈ આઈઝેક સિંગરે ૧૮૫૦ની સાલમાં ૪૦ ડૉલરની મૂડી ઉછીની લઈને સીવવાનો એક સંચો બનાવેલો. જોકે સીવવા માટેનું પહેલવહેલું યંત્ર તો સિંગરની પણ પહેલાં શોધાઈ ચૂક્યું હતું. વરસો પહેલાં ફ્રાંસમાં થિમોનિયેર નામના માણસે સિપાઈઓના ગણવેશ સીવવા માટે એક સંચાનો ઉપયોગ આદરેલો, પણ તેનાથી પોતાનો ધંધો ભાંગી પડશે એમ સમજીને હાથસિલાઈ કરતા બીજા દરજીઓએ એનો સંચો ભાંગીતોડી નાખેલોય

એલિયાસ હાઉ નામના બીજા એક માણસે અણી પાસે નાકાવાળી સોય ચલાવતો એક સંચો બનાવીને પેટંટ કરી લીધેલો. પાછળથી સંગર અને બીજા બે જણ પોતાના સુધારેલા  સંચા સાથે બહાર પડ્યા, ત્યારે હાઉએ તેમની ઉપર પેટંટ-ભંગનો ખટલો માંડેલો. કોર્ટના ખટલા થોડો વખત ચાલ્યા, પણ પછી બેઉ પક્ષકારોને સમજાયું કે પરસ્પરની શોધનો લાભ લીધા વિના બેમાંથી એકેયનો સંચો ચાલે તેમ નથી. પરિણામે સમાધાન થયું અને સીવવાના સંચાનું ઉત્પાદન વધવા માંડ્યું.




સિંગરના શરૂઆતના સંચા મોટા ને ભારેખમ હતા ને લૂગડાં સીવવાના કારખાનાને જ તે ખપ લાગે તેવા હતા. પણ તેમાં ફેરફારો કરતાં કરતાં ઘર-વપરાશ માટેનો હળવો સંચો ૧૮૫૬માં બજારમાં મુકાયો. હાથસિલાઈથી જે કામ કરતાં કોઈ સ્ત્રીને ૧૦ થી ૧૪ કલાક લાગતા, તે આ સંચો એક કલાકમાં જ કરી બતાવ્યું. પણ એ સંચો હજી સામાન્ય કુટુંબને પરવડે તેવો ન હતો. તે કાળમાં સરેરાશ કુટુંબની માસિક આવક માંડ ૪૦ ડૉલર હતી, ત્યારે ૧૨૫ ડૉલરનો સંચો એ ક્યાંથી ખરીદી શકે ? ક્લાર્ક નામના સિંગરના ભાગીદારે એમાંથી રસ્તો ખોળી કાઢ્યો - ૫ ડૉલર રોકડા અને પછી દર મહિને ૩-૩ ડૉલરના હપ્તા. આજે જગતભરમાં સીવવાના સંચા જેટલી જ પ્રસરી ગયેલી હપતાથી ખરીદીની પ્રથાનો એ રીત આરંભ થયો.

હપતાવાર ખરીદીની સિંગર-સંચાની યોજના દેશદેશાવરમાં લોકોને કેવી આશીર્વાદરૂપ લાગી, તેનો ખ્યાલ આપતો એક બનાવ ફિલિપ્પાઈન્સના પાટનગર મનીલામાં બનેલો. બીજા વિશ્વયુદ્ધમાં હવાઈ બૉંબમારાથી ખંડેર બનેલા એ શહેરની સિંગરની કચેરીના બધા ચોપડા બળીને ખાક થઈ ગયેલા. પણ લડાઈ પછી ૫૦,૦૦૦ કુટુંબોએ સામે ચાલીને સિંગરના હપતાનાં લેણાં નાણાં ચૂકવી આપ્યાં !

સિંગરના સંચા વેચવા માટે દલાલો જગતમાં જ્યાં જ્યાં જતા ત્યાં પોતાના માલની જાહેરાત કરતાં ચિત્રો, ખીસાનાં ચાટલાં, મેઝરપટ્ટી, અંગૂઠી, પૂઠાના પંખા અને તારીખિયાં જેવી વસ્તુઓ સાથે રાખતા. આમ પોતાના માલની જાહેરાત પાછળ દર વરસે લાખોની રકમ ખરચવાની હિંમત સિંગરે જ કદાચ પહેલીવહેલી કરી હશે. હિંદુસ્તાનમાં સિંગરના એક વેપારીએ અજબ નુસખો અજમાવેલો. ધોતી પનાના હજારો વાર સફેદ કાપડના તાકાઆએ ઉપર થોડે થોડે અંતરે સિંગરનો 'માર્કો' છપાવી, તેમાંથી ફાડેલા ધોતીજોટાનાં હજારો ધોતિયાં સિંગરની હરતીફરતી જાહેરખબર બની ગયેલાં !

માણસ ગાય પાળે કે ઘોડા પાળે, કોઈ ઊંટ પાળે કે હાથી. એ જ રીતે દુનિયાભરનાં કરોડો ઘરોમાં સીવવાનો સંચો એક માનીતા, ઉપયોગી પશુ તરીકે પળાઈ રહ્યો છે.

❖❖❖

# મહાવીર સ્વામીના રૂપમાં મૂર્તિમંત તપ અવતરિત થયું છે

મોરારિબાપુ

ભગવાન કૃષ્ણે 'ગીતામાં કહ્યું છે, અર્જુન, કંઈ પણ થાય; પરંતુ યજ્ઞ, દાન અને તપ ક્યારેય છોડવાં નહીં; કેમ કે યજ્ઞ, દાન અને તપ ત્રણેય બુદ્ધિમાનોની બુદ્ધિને સમયે-સમયે વિશુદ્ધ કરે છે. એ જ કૃષ્ણે કહ્યું કે, કળિયુગ આવશે; ગરીબ અને દીન-હીન, વંચિત, ઉપેક્ષિત કે છેવાડાના માણસો કયાં યજ્ઞ કરી શકશે ? એટલા માટે પાંચ હજાર વર્ષ પહેલાં જ કૃષ્ણે એક નવા યજ્ઞની સ્થાપના ઑલરેડી કરી દીધી. કહ્યું, 'યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ.' 'દુનિયાના સમસ્ત વૈદિક, પૌરાણિક કોઈ પણ યજ્ઞ હોય, એ તમામ યજ્ઞમાં જપયજ્ઞ હું છું.'

ભગવાન મહાવીર પણ એક યજ્ઞની સ્થાપના કરે છે. ભગવાન મહાવીરે કહ્યું એ પશુના બલિનો યજ્ઞ નથી. એ માત્ર ઘી હોમવાનો યજ્ઞ નથી. એ જડતાને કારણે સમય, સમજ, સંપત્તિ વગેરેને વ્યર્થ કરનારો યજ્ઞ નથી. ભગવાન મહાવીરે પણ યજ્ઞ, દાન અને તપ પકડી રાખ્યાં છે. મૂળ પુરુષ તો ક્યારેય જુદા હતા જ નહીં. એમના પછી પાંચસો વર્ષ - હજાર વર્ષ બાદ આ બધી વિષમતાઓ પેદા થઈ. મહાવીર અને બુદ્ધ ક્યારેય કોઈ સિદ્ધાંતો માટે લડ્યા છે ? મહાવીર, રામ, કૃષ્ણ, શિવ કોઈ પણ હોય, શો ફરક પડે છે ? પરંતુ આજનો જે માહોલ છે, જે દેશ-કાળ છે એમાં બહુ પરિવર્તન આવી રહ્યું છે. ચિંતા કરવાની જરૂર નથી. ચિંતન કરવાની જરૂર છે.



કોઈ પણ સિદ્ધાંત દ્વારા કોઈ વ્યક્તિને આનંદરહિત કરવી એ હિંસા છે. આનંદ પામવો, પ્રસન્ન રહેવું એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. આદિ શંકરાચાર્યે કહ્યું છે, 'પ્રસન્ન ચિત્તે પરમાત્મદર્શનમ્.' પરમાત્માનાં દર્શન કરવાં હોય તો પ્રસન્ન રહેવું. આનાથી વધારે સરળ સિદ્ધાંત કયો હોઈ શકે ? જીવ પ્રસન્ન રહીને પરમાત્માને પામે. નિર્દોષ આનંદ પામવો એ આપણો અધિકાર છે. આપણા આનંદને દબાવી દેવામાં આવ્યો; આપણી પ્રસન્નતાને મારવામાં આવી; એ શું હિંસા નથી ? સૂત્રો દ્વારા મારી નાખો ! સિદ્ધાંતો દ્વારા મારી નાખો ! બહુ ઊંડાણપૂર્વકની હિંસા તો છે ! બધા અવતારોમાં ક્યાંય મતભેદ નથી. ભગવાન મહાવીરે યજ્ઞ પકડી રાખ્યો, પરંતુ સંશોધન કર્યું. ભગવાન મહાવીરે દાન નથી કર્યું ? મહાવીર પ્રભુનું સૌથી મોટું દાન છે, ક્ષમાદાન 'મિચ્છા મિ દુક્કડમ્.' જેવું બીજું કયું દાન છે ? ભગવાન મહાવીરસ્વામીના રૂપમાં મૂર્તિમંત તપ અવતરિત થયું છે. તો જે બુદ્ધિને વિશુદ્ધ કરે છે એવા યજ્ઞને છોડવાની ભગવાન કૃષ્ણે મનાઈ કરી છે. એ જ કૃષ્ણે સામાન્ય લોકો માટે જપ કરવો કે પ્રભુનું નામ લેવું એ યજ્ઞ છે, એવું કહ્યું. એ યજ્ઞ માટે તુલસીએ પણ સંશોધન કર્યું. ભગવાન મહાવીર સ્વામીએ પણ એક યજ્ઞની ચર્ચા પોતાનાં સૂત્રોમાં કરી છે. યજ્ઞને હટાવ્યો નથી. યજ્ઞને દેશ-કાળ અનુસાર પ્રસ્થાપિત કર્યો.

યજ્ઞમાં જ્યોતિ જોઈએ. અગ્નિસ્થાપનની જગ્યા જોઈએ. તો વીર મહાપ્રભુ કહે છે, 'તપો જોઈ...' જેમાં તપની જ્યોતિ છે. તપની વ્યાખ્યા મહાવીરના જીવનમાં શોધશું તો અદ્ભુત મળે છે, પરંતુ આપણને બધાંને નિકટ પડે એવું તપ; નિંદા સાંભળી, મુસ્કુરાયા; પ્રશંસા સાંભળી, મુસ્કુરાયા; એ તપ છે. સહારો આપ્યો કે ધક્કો દીધો, પણ મુસ્કુરાયા; એ તપ છે. ગાદી પર બેસાડી દીધા કે ગાદી પરથી હટાવી દીધા, પ્રસન્નતાથી નીકળી ગયા, એ તપ છે. ત્યાગ અને સંગ્રહ સમજ્યા વિના નહીં કરવા જોઈએ. ભગવાન મહાવીરને એક વૃક્ષની નીચે બેસીને તપશ્ચર્યા કરવાનું માફક આવ્યું. મહેલ કે વૃક્ષ મહત્ત્વનાં ન હતાં. તપ મહત્ત્વનું હતું. મહાવીર તો કેટલું કઠિન તપ કરતા હતા ! એ તપજ્યોતિ છે. મને નથી લાગતું કે ધરતી પર આવું તપ કોઈએ કર્યું હોય. 'માનસ'માં મનુ-શતરૂપાએ તપ કર્યું છે; મા પાર્વતીએ તપ કર્યું છે, પરંતુ જે શરતોથી મહાવીર પ્રભુએ તપ કર્યું એવું તપ કદાચ વિશ્વના ઇતિહાસમાં કોઈએ નથી કર્યું.

તપના તપતા સૂર્ય છે ભગવાન મહાવીર. તપ જ્યોતિ છે અને આપણો જીવ જ અગ્નિસ્થાપન કરવાનું સ્થાન છે, તો ક્યાં કરશો અગ્નનું સ્થાપન ? યજ્ઞની વેદિકા કઈ ? આ જીવ જ વેદિકા છે. કરો અંદર યજ્ઞ; રાખો ત્યાં જ્યોતિ. મન, વચન અને કર્મ એ ત્રણેયને એક કરીને આહુતિ આપવાનું સાધન બનાવીએ. મહાવીર પ્રભુ કહે છે, આહુતિ મનથી આપવી જોઈએ; આહુતિ વચનથી આપવી જોઈએ; આહુતિ કર્મથી આપવી જોઈએ. પછી કહે છે, શરીર સૂકા ગોબરનું છાણું છે. શરીર જ હવ્ય વસ્તુ છે. વસ્તુનો હોમ કરવો બહુ આસાન છે. પોતાના વપુને હોમ કરી દેવો. એનો મતલબ કૂદીને હવનમાં પડવાની વાત નથી; મારી સમજ મુજબ એનો મતલબ છે કે તારા દેહાભિમાનનો ત્યાગ કરી દે, તારું દેહાભિમાન છોડી દે. તારો અહમ્ તારા યજ્ઞનાં છાણાં બની જાય. હવનમાં છાણાં જ નથી હોમવામાં આવતાં, સમિધ પણ હોમવામાં આવે છે. મહાવીર પ્રભુ કહે છે, તારાં કર્મ જ યજ્ઞનાં ઈંધણ છે. તારાં બધાં કર્મ સમિધ છે. 'ભગવદ્‌ગીતા'માં કહ્યું છે, બધાં કર્મ ભસ્મસાત્ કરી દે. જ્ઞાનદીપ પ્રસંગમાં તુલસી કહે છે, તારાં શુભ અને અશુભ કર્મ એ બધાં ઈંધણ છે, સમિધ છે.

યજ્ઞ થાય છે ત્યારે શાંતપાઠ થાય છે. પ્રકૃતિનાં બધાં જ તત્ત્વોમાંથી શાંતિની ઉદ્‌ઘોષણા કરવામાં આવી. જલ, વાયુ, ઔષધિ, અન્ન બધાંમાંથી શાંતિ પ્રાપ્ત થાય, એવું આવ્યું છે. દરેક મંત્રની પાછળ 'ૐ શાન્તિ શાન્તિ' ઉચ્ચારણ આપણે કરીએ છીએ, પરંતુ મહાવીર પ્રભુએ અદ્‌ભુત વાત કરી. એમણે કહ્યું કે તમારા જીવનયજ્ઞમાં સંયમ જ શાંતિપાઠ છે. એવું મહાવીર પ્રભુ જ કહી શકે. આપણા પર સંયમ લાદવામાં આવ્યો એટલે અશાંતિ પેદા થઈ, અસંતોષ પેદા થયો. આંખ ફોડવાની નથી. અંદરથી વિકાર ઊભરાય અને લાખ આંખ બંધ કરી દે, પણ અંદરનું શું છે ! એનો મતલબ હું એમ કરીશ કે જે શાંતિ આપે એ સંયમ, જે અશાંતિ આપે એ અસંયમ. તમે મૌન રાખો, અનુષ્ઠાન કરો, ઉપવાસ કરો અને તમે અશાંત થઈ જાઓ તો એ સંયમ નથી, તપ નથી.

તો યજ્ઞ, દાન અને તપ છોડવાનાં નથી; મહાવીર પ્રભુએ પણ છોડ્યાં નહોતાં, સંશોધન કર્યું. જપ-યજ્ઞ ક્યારેય છોડવા નહીં. દાન ક્યારેય છોડવું નહીં. સુવિચારનું દાન કરો. રૂપિયાનું જ દાન કરાય ? આદત થઈ ગઈ છે, બાકી રૂપિયા ન હોય તો દાન નથી કરી શકતા ? કોઈના ખભે હાથ રાખીને એક સૂત્ર સંભળાવી દો એ દાન છે. ક્ષમાદાન કરો. કવિતા સંભળાવો, એક શે'ર સંભળાવો, એ દાન છે. મહાવીર સ્વામીનાં બધાં સૂત્રો સાર્વભૌમ છે, વૈશ્વિક છે. ❖❖❖

---


**જાન્યુઆરી ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર**

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫–૧૨–૨૦૨૫ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**જાન્યુઆરી ૨૦૨૬ ના અંક માટે કુલ ૮ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે**

**રવિવારે તકલીફ ન આપવી.**

**સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

# જરા નિજમાં નિહાળી જો, મળે કૈં કેટલાં મોતી, જીવનને જળ બનાવો તો, મળે કૈં કેટલાં મોતી

ડૉ. શરદ ઠાકર

પ્રસૂતિની છેલ્લી પીડા. એક હળવી ચીસ અને પછી નવજાત શિશુનો જન્મ. સામાન્ય રીતે બાળક જન્મે તો રડવાનો અવાજ સંભળાય, પણ આ કિસ્સામાં ન સંભળાયો. ભાવનગરના શિહોર ગામની આ ઘટના. પચાસ વર્ષ પહેલાંનો સમય. ત્યારે આધુનિક સુવિધાયુક્ત મેટરનિટી હોમ્સ હજુ ગામેગામ શરૂ થયાં ન હતાં. આ સુવાવડ પણ ઘરમાં જ થઈ. અનુભવી દાયણ આવી હતી, જે પ્રસૂતાની પળોજણમાં રોકાયેલી હતી. પ્રસૂતાની મા હાજર હતી. એનું ધ્યાન નવજાત બાળક ઉપર હતું. બાબો હતો, પણ રડતો ન હતો. દાદીમાએ દૌહિત્રના પગ પકડીને ઊંધા માથે લટકાવ્યો, વાંસામાં એક હળવી ટપલી મારી, બાળકે એક-બે હળવાં તરફડિયાં માર્યા, એક ઊંડો શ્વાસ ભર્યો અને એ સાથે જ એના રડવાના અવાજથી ઘરનો એ નાનો, અંધારિયો ઓરડો ભરાઈ ગયો. 'દીકરો જન્મ્યો છે! દીકરો જન્મ્યો છે!' થોડી વારમાં જ આ સમાચાર પ્રખ્યાત શિહોરી પેંડાની મીઠાશ બનીને અડોશપડોશ અને સગાંસંબંધીઓમાં પ્રસરી ગયા.

દીકરો વજમાં સહેજ કમ હતો, પણ માતાની સારસંભાળ સારી અને પિતાની નોકરી પણ સારી હતી, સુંદર માવજાતના કારણે દીકરો ફૂલગુલાબી, હર્યોભર્યો બની ગયો. સુખનો સમય સુપર સોનિક વિમાનની ગતિએ પસાર થઈ જાય છે. દસ વર્ષ હસતાં-હસાવતાં પસાર થઈ ગયાં. પછી દુ:સ્વપ્નની શરૂઆત થઈ.

અગિયાર વર્ષના દીકરા અક્ષયે ઘરે આવીને માતાને ફરિયાદ કરી, 'મમ્મી, આજે



હું સ્કૂલમાં પડી ગયો.'

'બેટા, એવી રમતો ના રમવી જેમાં પડવા-આખડવાનો ભય રહે. દાદર ચડતાં-ઊતરતાં પણ સાચવવું.' માએ વિશ્વની કોઈ પણ જનેતા આપે એવી શિખામણ સંભળાવી દીધી.

'પણ એવું કશું જ નથી બન્યું, મમ્મી!' અક્ષયે સાવ નવી જ વાત કરી, 'હું તો મારી જગ્યાએ બેઠો હતો. ક્લાસ ચાલુ હતો. સાહેબ ભણાવતા હતા, ત્યારે અચાનક પડી ગયો. હું ઊંઘમાંયે ન હતો. પછી તો આખા દિવસમાં આવું બે-ત્રણ વાર થયું.'

રાત્રે નોકરી પરથી પિતા આવ્યા. એમને ખબર પડી. એ પણ ચિંતામાં સરી પડ્યા. અક્ષયના હાથ-પગમાંથી જાણે કે શક્તિ ઓસરતી જતી હતી! જમતી વખતે કોળિયો પડી જતો હતો. પાણી પીતી વખતે ગ્લાસ અટકી ગયો હતો. દફ્તર ઊંચકાતું ન હતું.

ડૉક્ટર પાસે ગયા. મેડિકલ ડાયગ્નોસિસ માટે પણ તબક્કાવાર પગથિયાં ચડવાં પડતાં હોય છે. પ્રથમ પગથિયા પર ફેમિલી ડૉક્ટર, પછી સારું ન થાય તો ઉપરના પગથિયા પર સ્પેશિયાલિસ્ટ અને સ્થિતિ 'રેર' નીકળે તો સુપર સ્પેશિયાલિસ્ટ હાજર હોય છે.

નંદનભાઈ અને કપિલાગૌરી જ્યારે પુત્રને ઊંચકીને છેલ્લા પગથિયે જઈ પહોંચ્યાં, ત્યારે બીમારીનું નિદાન થયું, 'તમારા દીકરાને સેરેબેલર એટેક્સિયા' નામનો રોગ છે.'

'એટલે?' માબાપનો પ્રશ્ન. જવાબમાં સાંભળવા મળ્યું : 'આ રોગમાં દરદીના નાના મગજને નુકસાન થયું હોવાને કારણે શરીર પરનો કાબૂ તે ક્રમશઃ ખોવા લાગે છે. તેમનું આયુષ્ય લાંબુ હોતું નથી. મોટાભાગે વીસ વર્ષ સુધી પહોંચતાં જ તે પોતાના પાચનતંત્ર અને પછી શ્વસનતંત્ર ઉપરનો કાબૂ ગુમાવી દેવાના કારણે મૃત્યુ...'

નંદનભાઈ અને કપિલાબહેન હતાશામાં ડૂબી ગયાં. કપિલાબહેન ઘરે આવીને રડવા માંડ્યાં. પતિએ એમને છાનાં રાખ્યાં, 'નિયતિ પર શ્રદ્ધા રાખ. ભગવાને દીકરો આપ્યો છે, એની મરજી હશે ત્યાં સુધી આપણી પાસે રહેવા દેશે. પાડ માન કે એક દીકરી પણ ઈશ્વરે દીધી છે. નહીંતર આપણે શું કરવાનાં હતાં?'

અક્ષય જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે કશા જ આયોજન વગર કપિલાબહેનને ફરીથી ગર્ભ રહી ગયો હતો અને ગલગોટા જેવી સ્નેહા જન્મી હતી. નંદનભાઈ ધાર્મિક વૃત્તિના પુરુષ હતા. ગીતાનો બીજો અધ્યાય જીવનમાં ચરિતાર્થ કરીને જીવતા હતા. એ કારણે આવો વસમો ઘા એ જીરવી ગયા. સાંભળ્યું છે કે ભગવાન પણ સજ્જનોની કસોટી કરતો હોય છે. સ્નેહા પણ સહેજ

ઉંમરમાં આવી એટલે એ જ વ્યાધિનો ભોગ બની ગઈ. ચાર જણનું સુખી કુટુંબ, એમાંથી બે જણનું નિશ્ચિત મૃત્યુ જાહેર થઈ ગયું. કોઈ માબાપ ભાંગી પડે, પણ નંદનભાઈ નોખી માટીના માણસ નીકળ્યા. એમણે પ્રિ-મેચ્યોર રિટાયરમેન્ટ લઈ લીધું. ઘરે આવીને પત્ની-બાળકોને કહ્યું, 'હું નોકરી છોડીને આવ્યો છું. હવે પગાર નહીં મળે, પેન્શન આવશે. એટલામાં ચલાવી લેવું પડશે. મારો વિચાર હવે પછીની જિંદગી અધ્યાત્મની સાધનામાં, તપમાં અને ધર્મ-ધ્યાનમાં નિર્ગમન કરી દેવાનો છે. તમારો સાથ-સહકાર મળશે તો...'

પિતાનો સંકલ્પ સાંભળીને દીકરો-દીકરી બંને બોલી પડ્યાં, 'આપે તો અમારા મનની વાત કરી નાખી. અને બંને જ્યારે આવી અસાધ્ય બીમારી લાગુ પડી છે, ત્યારે રડી રડીને બીકની જિંદગી વિતાવવાનો શો અર્થ ? એના કરતાં સ્થિત પ્રજ્ઞ બનીને પરમતત્ત્વનું આરાધન શા માટે ન કરીએ ?'

બીજા દિવસથી ઘરનું સમયપત્રક બદલાઈ ગયું. હવે અક્ષયે વહેલા ચાર વાગ્યે ઊઠી જવા માંડ્યું. પૂરા ત્રણ કલાક ગાયત્રીમંત્રના જાપ કરવાના શરૂ થયા. પછી આઠ વાગ્યાથી સાડા નવ સુધી ગીતા-ઉપનિષદ જેવા આત્મજ્ઞાનના ગ્રંથોનું વાંચન ચાલે. સાડા અગિયારથી સાડા બાર ગાયત્રી મંત્રનું લેખન. ભોજનવિરામ પછી નમતા બપોરે ફરીથી બે કલાક સુધી મંત્રજાપ. સાંજે દોઢ કલાક મંત્રલેખન અને રાત્રે બે કલાક સુધી ચારે જણ ભેગાં બેસીને આરતી, સ્તુતિ, ધ્યાન, ભજન અને ધાર્મિક ગ્રંથોનું સમૂહવાંચન કરે. ઘરનું વાતાવરણ સાત્ત્વિક બની ગયું. ભોજનમાંથી રાજસી રંગો અને તામસી ચટાકાઓ અદૃશ્ય થઈ ગયા. ફિલ્મી ચોપાનિયાં, રેડિયો પર વાગતા સિનેમાના રાગડા, સાંસારિક ચોવટો અને દુન્યવી પંચાતો બધું જ આથમી ગયું. ઘર એક મંદિર બની ગયું અને જીવન ઈશ્વરની ઈબાદત થઈ ગયું.

ધૂપસળીની સુવાસ ધીમે ધીમે પ્રસરીને જ રહે છે. ચોપાસ સમાચાર ફેલાઈ ગયા. જે લોકોને અધ્યાત્મ પ્રત્યે પ્રેમ હતો તે બધા આ પરિવારની મુલાકાતે આવવા લાગ્યા. અક્ષય અને સ્નેહા જાણે પૂર્વજન્મના યોગભ્રષ્ટ આત્માઓ હોય અને આ જન્મમાં અધૂરો યોગ પૂરો કરવા આવ્યાં હોય તેવું લાગતું હતું. ભાઈ-બહેન જ્યારે શ્રોતાસમૂહ સમક્ષ સત્સંગ-પ્રવચન કરતાં, ત્યારે સાંભળનારા દંગ રહી જતા હતા. હવામાં આવો પ્રશ્ન ઘુમરાતો રહેતો : 'આટલી કાચી વય અને અધ્યાત્મ વિશેની આવી ઊંડી સમજ ?'

એક પછી એક અંગ નબળું પડતું જતું હતું, પણ ભાઈ-બહેન શરીરભાવ ભૂલીને, જાણે ત્રાહિત વ્યક્તિ બનીને જીવતાં હોય તેમ શારીરિક તકલીફો પ્રત્યે અભાન બનીને ધર્મકાય કરતાં જતાં હતાં. વર્ષના શેષ આયુષ્યકાળમાં અક્ષયે ચોવીસ લાખ ગાયત્રીમંત્રના ત્રણ પુરશ્ચરણ પણ પૂરાં કર્યાં, લગભગ સવા લાખ ગાયત્રી મંત્ર લખ્યા, પંદર જેટલા અગત્યના ટીકાકારોની ગીતાનું અધ્યયન સંપન્ન કર્યું, સોળ વાર સંપૂર્ણ ગીતાના શ્લોકોનું લેખન તથા ચિંતન-મનન કર્યું, ઉપરાંત બ્રહ્મસૂત્ર, અન્ય ઉપનિષદો, આદિશંકરાચાર્ય દ્વારા લખાયેલા વેદાંતગ્રંથો, યોગવાસિષ્ઠ મહારામાયણ, અષ્ટાવક્રગીતા તેમ જ અનુભવી પ્રસિદ્ધ શાસ્ત્રકારોના સાડા ત્રણસો જેટલા ગ્રંથોનું વાંચન પૂર્ણ કર્યું.

યોગસાધનાની સફરમાં ત્રણ વર્ષ બાદ અનાહત ચક્ર અને પછી તરત જ વિશુદ્ધ ચક્રની જાગૃતિ પાર પાડી. વધુ ચાર વર્ષની જહેમત બાદ સહસ્રાર ચક્ર સિદ્ધ કર્યું. દસમાં વરસે બ્રહ્મરંદ્ર વિંધાયું. ચોવીસ વર્ષનો સાધક હવે ઉન્માદની અવસ્થામાં જીવી રહ્યો હતો. પછી એ આત્મજ્ઞાની નિર્વિકલ્પ સમાધિએ પહોંચી ગયો.

નાની બહેન સ્નેહા પણ ભાઈની પાછળ પાછળ જ આ સિદ્ધિઓને પામતી જતી હતી. એનું કર્મફળ વહેલું સમાપ્ત થઈ ગયું. અઢાર વર્ષની ઉંમરે એ સાક્ષીભાવે આથમી ગઈ. 'હવે મારા પગ પરનો કાબૂ જાય છે... હવે માથું મારા કંટ્રોલમાં નથી રહ્યું... હવે વાચા પરનો કાબૂ જઈ રહ્યો છે... હવે આંખે દેખાતું બંધ થાય છે... હવે ધૂન ગાવાનું શરૂ કરો...' આવી સ્પષ્ટ સૂચનાઓ આપતાં આપતાં એણે દેહ ત્યજી દીધો.

જતાં જતાં માતાને કહેતી ગઈ, 'હું તમારા ઘરમાં ખાસ તમને પસંદ કરીને આવી છું. કોઈ કાળે હું ગોકુળમાં રાધાની બહેન તરીકે જન્મી હતી. મારું નામ વૃંદા હતું, માટે જ હું જ્યારે ધ્યાનમાં બેસું છું ત્યારે મને સુંદર બગીચામાં રાધા અને કૃષ્ણ ઊભાં હોય તેવું દૃશ્ય દેખાય છે' આશ્ચર્યની વાત એ હતી કે એણે જે ગ્રંથો વાંચ્યા હતા એમાં કોઈ પણ જગ્યાએ વૃંદા નામની ગોપીનો ઉલ્લેખ ન હતો. પાછળથી 'શ્રી રામકૃષ્ણ કથામૃત' અને વૈષ્ણવોની કથાઓમાં આવો ઉલ્લેખ જાણવા મળ્યો હતો. યોગાનુયોગ જે દિવસે સ્નેહાનું મૃત્યુ થયું તે જ દિવસે ભારતના યુગ યુગપુરષ શ્રીકૃષ્ણનો પણ દેહોત્સર્ગ થયો હતો. બહેનના અવસાન પછી પાંચમાં વરસે અક્ષય પણ એ જ મારગે ચાલી નીકળ્યો. યોગાનુયોગ એ દિવસે રામકૃષ્ણ પરમહંસની પુણ્યતિથિ હતી.

અફસોસ એ વાતનો નથી કે બે પવિત્ર આત્માઓ એક 'રેર' બીમારીનો ભોગ બનીને અકાળે આથમી ગયા. દરેકે મરવું જ પડે છે. નામ તેનો નાશ છે, પણ સમજવા જેવી વાત એ છે કે માતાપિતાની

*(ક્રમશઃ પાના નં. ૧૫ ઉપર)*

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
સંચાલિત
## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા
સભાની ઑફિસ

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024
પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે

Zalawadi Sabha Charitable Foundation
Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024
અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.

જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>શ્રી નિરવભાઈ શાહ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>શ્રી મિલનભાઈ<br>9860125136 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>9860125136 |

સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.


*(અનુસંધાન પાના નં. ૧૪ થી)*

ધર્મભાવના, પૂર્વજન્મના સંસ્કારો અને અંદરથી પ્રગટેલી સમજણના કારણે અક્ષય અને સ્નેહા શાંતિથી આથમી ગયાં. જેમ એક દીવો હોલવાઈ જાય એવી સહજતાથી અને સરળતાથી વિલાઈ ગયાં. બાકી આપણે તો એંશી-પંચાશી વરસની પાકટ વયે પણ 'હાય વોય' કરતા અને અધૂરી રહી ગયેલી વાસનાઓનાં પોટલાં સાથે બાંધીને ભૂત બનીને ભટકતા રહેવાની મજબૂત કામના લઈને 'મરતાં' ડોસા-ડોસીઓને ક્યાં નથી ભાળ્યાં ?!

અક્ષય-સ્નેહાના જીવનમાંથી યોગાનુયોગ કે કથિત ચમત્કારિક અનુભૂતિઓને બાદ કરી નાખીએ તો પણ ઘણું બધું શીખવા જેવું છે. આ એક તદ્દન સત્ય ઘટના છે. પાત્રોનાં નામ બદલ્યાં છે. નંદનભાઈ પણ હવે દુનિયામાં નથી રહ્યા. એકલાં કપિલાબહેન જીવે છે. એક સાંજે એમનો મારી ઉપર ફોન આવ્યો, સ્વસ્થ અવાજમાં બધી હકીકત જણાવીને પછી એમણે પૂછ્યું, 'દીકરા, મારા ઘરમાં દીકરો-દીકરી તો નથી, પણ એમણે વાંચેલા ગ્રંથો પડ્યા છે. તને કામમાં આવશે ? તો હું પહોંચતા કરું !' મેં ભીના અવાજે એમના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

❖❖❖

# હિન્દુએ વિલ ન કર્યું હોય તો કુટુંબના કયા સભ્યોનો હક લાગે?

કિશોર એમ. શાહ (સોલિસિટર)

અત્યારની જે સમાજની પરિસ્થિતિ છે તે જોતાં દરેક હિન્દુએ તેનું વિલ કરી નાખવું જોઈએ કારણકે વિલ કર્યું હોય તો વિલ કરનારની ઈચ્છા પ્રમાણે તેની બધી જ મિલકતની વહેંચણી થાય છે ને જો વિલ ન કર્યું હોય તો હિન્દુ લૉના ક્લાસ ૧ પ્રમાણે જેટલા સંબંધીઓનાં નામ આપ્યાં છે. તેમને સરખે ભાગે તેની બધી જ મિલકતની વહેંચણી થાય છે ને આમાંના અમુક સગાં એવા પણ છે કે તેના જીવન દરમિયાન મૃત વ્યક્તિ સાથે સંબંધ ઓછો હોય કે તેની મિલકતમાંથી આપવાની ઈચ્છા ન હોય તો પણ તે ક્લાસ ૧નાં સગાંને મિલકત પર કાયદાની દૃષ્ટિથી હક લાગે છે.

પુત્રો-પુત્રીઓ, મૃતકની વિધવા મૃતકની મા-મૃતકનાં મૃત્યુ પામેલા પુત્રનો દીકરો (પૌત્ર), મૃતક પુત્રની દીકરીઓ (પૌત્રી), મૃત પુત્રીનો દીકરો, મૃત દીકરીની દીકરી, મૃત પુત્રની વિધવા, મૃત પુત્રના પુત્રની પુત્રી, મૃત દીકરાની વિધવા પુત્રવધૂ ઉપરનાં લખાણ પરથી એક વસ્તુ સાબિત થઈ જાય છે કે કોઈ પણ હિન્દુ વિશ્વના કોઈ પણ સ્થળે વિલ કર્યા વગર ગુજરી જાય તો તેની ઈચ્છા હોય કે ન હોય તો પણ હિન્દુ સક્સેશન ઍક્ટના શેડયુલ્ડ-૧ના ઉપર જણાવેલા અગિયાર સગાંઓ દરેકને ગુજરી જનારની સ્થાવર કે જંગમ બધી જ મિલકત પર એકસરખો ભાગ મળવાનો કાયદેસરનો હક થઈ જાય છે, પણ જો કોઈ પણ વ્યક્તિએ વિલ કર્યું હોય તો તેની ઈચ્છા પ્રમાણે જેને જેટલું આપવું હોય તેટલું વિલમાં લખવું પડે છે એટલે વિલ કરવાથી પરિવાર અનેક મુસીબતમાંથી બચી જાય છે ને વ્યક્તિના ગુજરી ગયા પછી ઘરના કોઈ પણ સગાંઓ સાથે ગેરસમજ થતી નથી. આવા સંજોગોમાં જો વિલ કરનાર વ્યક્તિએ શેડયુલ-૧ ના જે અગિયાર સગાંઓ લખ્યા છે તેને તેની મિલકતમાં કોઈ પણ જાતનો હક કે હિસ્સો ન આપવો હોય તો તેણે વિલ કરી જ નાખવું જોઈએ. કોઈ પણ હિન્દુ એની હયાતિ દરમિયાન ગમે તે સંજોગો બદલાય ત્યારે નવું વિલ કરી શકે છે કે જૂના વિલમાં કોડિશીલ કરીને ફેરફાર કરી શકે છે. એટલે વિલ કર્યા પછી કોઈ પણ વ્યક્તિએ એવો ડર કે ગભરાટ ન રાખવો કે તે આગલા વિલથી બંધાઈ ગયો છે. વિલ કરનાર વ્યક્તિ તેની બધી જ સ્થાવર કે જંગમ મિલકત વિલ કર્યું હોય તો પણ તેમાં ફેરફાર કે લે-વેચ કરી શકે છે. વિલમાં જેની તરફેણમાં કોઈ પણ સ્થાવર કે જંગમ મિલકતમાં હક આપ્યો હોય તે ફક્ત 'કન્ટીજન્ટ ઈન્ટરેસ્ટ' દ્વારા છે ને વિલ કરનાર વ્યક્તિ ગુજરી જાય પછી જ તે 'કન્ટીજન્ટ ઈન્ટરેસ્ટ Vested Interest થઈ જાય છે. વિલ કરનાર વ્યક્તિ એ ખાસ ધ્યાન રાખવું કે વિલમાં બે સાક્ષીઓ કે એટેસ્ટિંગ વિટનેસ હોય તેને વિલમાં બે સાક્ષીઓ કે એટેસ્ટિંગ વિટનેસ હોય તેને વિલમાં કોઈ પણ જાતની ગિફ્ટ આપી નથી શકાતી અને બન્ને સાક્ષીઓ વિલ કરનાર વ્યક્તિ વિલમાં સહી કરે ત્યારે તેમની હાજરીમાં સહી કરે તેનું ખાસ ધ્યાન રાખવું. વિલ કરતી વખતે થોડું વધારે ધ્યાન રાખવું હોય તો જે બોલપેનથી વિલ કરનાર વ્યક્તિ સહી કરે છે તે જ બોલપેનથી સાક્ષીઓની પણ સહી લેવી વધુ હિતાવહ સાબિત થઈ શકે છે.

સામાન્ય રીતે વિલ કોઈ પણ કાગળમાં થઈ શકે છે. જો ડીડ પેપરમાં ટાઈપ થઈ શક્યું હોય તો તે ખાસ ડીડ પેપર ઉપર વિલ કરાવવું, વિલ કરતી વખતે સ્ટૅમ્પ પેપરની જરૂર નથી હોતી પણ તે છતાં વિલનું પહેલું પાનું સ્ટૅમ્પ પેપર ઉપર હોય તો વધારે સારું. કારણકે દરેક સ્ટૅમ્પ પેપર કઈ તારીખે તે ઈસ્યુ થયું છે તેની તારીખ હોય છે.

આના કરતાં પણ વધારે જો ધ્યાન રાખવું હોય તો વિલ નોટરી પાસે સહી થઈ શકે છે. ને આ નોટરી પાસે સહી થયેલું હોય તો તેની રજિસ્ટર પર તે જ સહી ખાસ હોવી જરૂરી છે. આવું કરવાથી વિલ ચેલેન્જ કરવું ઘણું મુશ્કેલ બની જાય છે. સોલિસિટર પાસે વિલ કરાવ્યું હોય તો તેનું બિલ ચેકથી આપવું ને રસીદમાં ખાસ લખાવવું કે આ ચેક વિલની ફી તરીકે આપ્યો છે. દરેક વિલમાં સાક્ષી તરીકે એક સોલિસિટર કે એક ડૉક્ટરની સહી હોય તો તે સૌથી ઉત્તમ વિલ ગણાય કારણકે ડૉક્ટરની સહીને લીધે એમ સાબિત થઈ શકે છે વિલ કરનાર વ્યક્તિની તબિયત સારી હતી અને જે વિલમાં સહી કરી છે તે બરાબર સમજી-વિચારી કરી છે ને સોલિસિટરની સહી બીજા સાક્ષી તરીકે હોય તો તેના પરથી એમ સાબિત થઈ શકે છે કે વિલ કરનાર વ્યક્તિએ વિલની દરેક બાબત સમજીને જ અને કોઈના દબાણ વગર પોતાની ઈચ્છા પ્રમાણે વિલ બનાવ્યું છે.

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- પાણશીણા નિવાસી સ્વ. શ્રી ન્યાલચંદભાઈ શાહની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે સુધાબેન ન્યાલચંદભાઈ શાહ
- સ્વ. હીરાબેન રજનીકાંત કોઠારી પરીવાર તરફથી

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રસમાં ફેરફાર કરવો હોય તો ફક્ત સભાની ઑફિસમાં જ નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો. સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**

## સાભાર સ્વીકાર

| | |
|---|---|
| શ્રી દિલીપભાઈ લસકરભાઈ શાહના સુપુત્ર નિખીલ (ગોળધાણા) નિમિતે અગીયાલી નિવાસી (હાલ - ઘાટકોપર) | રૂા. ૧૧૦૦/- |
| શ્રી દિપકભાઈ મનહરલાલ મહેતાની સુપુત્રી દર્શિની (ગોળધાણા) નિમિત્તે સાયલા નિવાસી (હાલ - અંધેરી) | રૂા. ૧૧૦૦/- |

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **ડૉ. હર્ષિલ** શ્રી ભદ્રેશભાઈ જીવણલાલ વોરાના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - અંધેરી) | **ડૉ. રશ્મી** શ્રીકાંતભાઈ આનંદભાઈ કેલકરની સુપુત્રી પુના નિવાસી (હાલ - દુબઈ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **સૌમ્ય** શ્રી સુબાહુ વિપીનચંદ્ર સંઘવીના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - વિદ્યાવિહાર, મુંબઈ) | **સલોની** શ્રી દિનેશ શોભારામ પુરોહિતની સુપુત્રી આગસ્તમુનિ નિવાસી (હોલ ચેમ્બુર, મુંબઈ) | ૧૧૦૧ | ૧૦૦ |
| **પાર્થ** અ.સૌ. મયુરીબેન ઉર્મિશભાઈ ખંઢેરીયાના સુપુત્ર રાજકોટ શહેર નિવાસી (હાલ-કાંદિવલી) | **રીયા** અ.સૌ. કોમલબેન નીરવભાઈ શાહ (નાથાભવનવાળા) ની સુપુત્રી વઢવાણ શહેર નિવાસી (હાલ-કાંદિવલી) | ૬૦૦ | ૬૦૦ |
| **મિત** પ્રવિણાબેન અશ્વીનભાઈ મોહનલાલ પટેલના સુપુત્ર સાલડી (મહેસાણા) નિવાસી (હાલ - અમદાવાદ) | **અમી** રીનાબેન સંજયભાઈ વસંતલાલ શાહની સુપુત્રી લખતર નિવાસી (હાલ - બોરીવલી) | ૫૧૧ | ૫૧૧ |
| **હર્ષ** શ્રી સંજયભાઈ ગુણવંતરાય અદાણીના સુપુત્ર સુદામડા નિવાસી (હાલ - ચેમ્બુર) | **દ્રીષ્ટી** શ્રી મનીષભાઈ જશવંતરાય ગાંધીની સુપુત્રી તળાજા નિવાસી (હાલ - મુલુન્ડ) | ૫૦૫ | ૫૦૫ |

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## લાગવગ

**અ**મેરિકા દેશ આઝાદ થયો, ત્યારે તેના પ્રથમ પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટન થયા હતા. તે ખૂબ જ પ્રખ્યાત બન્યા હતા.

એક વાર તેમને સારા પગારથી એક માણસને સરકારી કામ અંગે રોકવાની જરૂર પડી. તે જગ્યા બહુ મોટા દરજ્જાની હતી અને પગાર પણ વધારે હતો. એટલે ઘણા માણસોએ એ જગ્યા માટે ઉમેદવારી નોંધાવી. તે માટે ઘણી અરજીઓ કચેરીમાં આવીને પડી. તેમાં વોશિંગ્ટનના એક ખાસ મિત્રની પણ અરજી હતી.

ઘણાખરા માણસોને એવી ખાતરી હતી કે તે મોટી જગ્યા વોશિંગ્ટનના એ ખાસ મિત્રને જ મળશે. પેલા મિત્રને પણ ઊંડે-ઊંડે એમ લાગતું હતું કે - 'એ જગ્યા માટે પોતાની નિમણુંક અવશ્ય થશે.' તેથી તે ખૂબ નિશ્ચિંત હતો.

પરંતુ પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટનને પોતાના દેશ માટે સાચી લાગણી હતી. તે આવા જવાબદારીભર્યા કામમાં પ્રામાણિકપણે તેમજ સાવધાનતાથી વિચાર કર્યા વિના કહે ખરા ? મિત્ર હોય કે સગો હોય, એ બધા એમને મન સરખા હતા, અને એ સૌ ઉમેદવારોમાંથી વધારે લાયક માણસને જ ચૂંટવાનો તેમણે નિશ્ચય કર્યો હતો.

થોડા વખતમાં પરિણામ જાહેર થયું. પેલા મિત્રને તે જગ્યા ન મળી ! પણ આશ્ચર્યની વાત તો એ હતી કે - 'વોશિંગ્ટને પોતાના પક્ષથી વિરુદ્ધ પક્ષના એક માણસને ચૂંટ્યો હતો.'

એ વાતની સૌને જાણ થતાં જ્યોર્જ વોશિંગ્ટનના કેટલાક સાથીઓએ તેમને પુછ્યું : 'આપે આપના ખાસ મિત્રને એ જગ્યા આપવાને બદલે વિરુદ્ધ પક્ષના માણસને શા માટે એ જગ્યા માટે લાયક ગણ્યો ?'

વોશિંગ્ટન બોલ્યા : 'મારો એ મિત્ર એક સારો મિત્ર તરીકે બરોબર છે, પરંતુ પેલી જગ્યા માટે એમની પાસે પૂરતી તૈયારી નથી એમ હું માનું છું. વળી જાહેર જવાબદારીભર્યા કામમાં લાગવગને સ્થાન જ ન હોવું જોઈએ. પેલો માણસ ભલે વિરુદ્ધ પક્ષનો છે, પરંતુ તે એ જગ્યા માટે પૂરતો લાયક છે.'

*(સ્પીડ બ્રેકર બુકમાંથી)*

**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**


**શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહી)**

Advt.

# પરખ

નગીનદાસ સંઘવી

**મા**નવીનું મન એટલું અતાગ છે અને તેની આજુબાજુની પરિસ્થિતિ એવી સંકુલ હોય છે કે બેમાંથી એકેની તત્કાળ અને સચોટ પરખ કરવાનું કાર્ય અત્યંત મુશ્કેલ હોય છે. પોતાની નિરીક્ષ-શક્તિ, અનુભવ કે બુદ્ધિપ્રતિભાને કારણે આવી પરખ કરવાની શક્તિ જેનામાં આવે છે તે માણસને માટે આ દુનિયાના બધા દરવાજા ખૂલી જાય છે.



નંદ વંશના છેલ્લા રાજવી ધનનંદના સૈન્યમાં અધિકારીનો હોદ્દો ધરાવનાર ચંદ્રગુપ્ત મૌર્ય પોતાને સહન કરવા પડતાં અપમાન અને અવહેલનાથી અત્યંત દુઃખી થતો હતો. પણ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ તેને સૂઝતો ન હતો. એક વખત નદીકિનારે જતાં તેણે એક વિચિત્ર દૃશ્ય જોયું કે લગભગ પોતાના જેટલી જ ઉંમરનો એક યુવાન બ્રાહ્મણ કાંઠા પર ઊગેલા ધારવાળા ઘાસને ખેંચી કાઢીને તેનાં મૂળમાં થોડું મોડું મધ રેડી રહ્યો હતો. આ અજબ વર્તનનું કારણ પૂછતાં પેલા બ્રાહ્મણે ખુલાસો કર્યો કે સવારે સ્નાન માટે જતી વખતે આ ધારદાર ઘાસથી કેટલીક વખત તેના પગમાં લોહી નીકળે છે, માટે આ ઘાસ જડમૂળથી નાબૂદ કરી દેવા તે મૂળમાં મધ રેડી રહ્યો છે કે જેથી કીડીઓ અંદર ઘૂસીને મૂળને ખાઈ જાય. આટલી તીવ્ર બુદ્ધિમત્તા અને આટલી ચુસ્ત કાર્યનિષ્ઠા ધરાવનાર બ્રાહ્મણ પોતાને ચોક્કસ ઉપયોગી થઈ પડવાનો, તેવું પારખીને ચંદ્રગુપ્તે તેની જોડે મૈત્રી બાંધી અને નભાવી. કુટલક વંશના આ બ્રાહ્મણનું નામ વિષ્ણુગુપ્ત ચાણક્ય. મૌર્ય વંશની સ્થાપના કરવામાં તેણે બજાવેલી કામગીરી ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે.

♦♦♦


મોગલ સામ્રાજ્ય આથમી ગયું હતું ત્યારે ભારત પર ચડી આવેલા નાદિરશાહે દિલ્હીમાં ધામધૂમથી પ્રવેશ કર્યા બાદ મહમ્મદ શાહ પાસે તેની બેગમોના નાચમુજરા જોવાની ઈચ્છા દર્શાવી, અને આ નાચગાનની મહેફિલમાં કેવળ નાદિરશાહ એકલો જ હાજર રહે તેવી શરતે આ બાયલા બાદશાહે આવી અપમાનાસ્પદ



માગણી પણ કબૂલ રાખી. બેગમો મહેફિલના ઓરડામાં દાખલ થઈ ત્યારે નાદિરશાહ તકિયા પર ઊંઘતો પડ્યો હતો અને તેનાં હથિયાર તેની આસપાસ વીખરાયેલાં હતાં. તેના જાગવાની રાહ જોતી બેગમો ખૂણામાં ઊભી રહીને ઘુસપુસ કરતી રાહ જોવા લાગી. થોડી વાર પછી નાદિરશાહે પોતાની આંખ ઉઘાડી અને અત્યંત તિરસ્કારભર્યા અવાજે આ બેગમોને કહ્યું કે, ''તમારો નાચ મારે જોવો નથી. હું તો હિંદુસ્તાનની ફોજ આટલી બુજદિલ શા માટે છે તેનું કારણ શોધી રહ્યો હતો, અને તે મને મળી ચૂક્યું છે. તમારું આટલું અપમાન કરનાર હું એકલો, ઊંઘતો હોવાને ડોળ કરીને પડ્યો છું. - છતાં અહીં પડેલું કોઈ હથિયાર ઉઠાવીને મારું ખૂન કરવાની કોશિશ કરવા જેટલી ગરમી પણ તમારા દિમાગમાં નથી ! પછી તમારી ઓલાદ આવી નપુંસક થાય તેમાં શી નવાઈ છે ?''

♦♦♦

ગાંધીજી હરિજન-ફાળા માટે ભારતભરમાં ઘૂમી રહ્યા હતા. દેહરાદૂનમાં આજુબાજુનાં ગામડેથી દર્શને આવેલી સ્ત્રીઓની સભામાં તેમણે નવો ખેલ ચલાવ્યો. ફાળો ભેગો કરવા માટે પોતે



સભામાં ઊતર્યા અને ખોબો ધરીને ચાલવા લાગ્યા. ગાંડીતૂર થયેલ ગરીબ સ્ત્રીઓએ તેમના ખોબામાં પાઈ, પૈસો, આનો, અડધો, રૂપિયો, નોટો અને ઘરેણાં નાખવા માંડ્યાં. ખોબો ભરાઈ જાય એટલે મહાત્માજી હાથ છોડીને એ બધું નીચે પડી જવા દે અને ''મારો ખોબો ખાલી છે, ભરી આપો'' તેમ કહેતા જાય. પૂરો અડધો કલાક આ ખેલ ચાલ્યો. સભા વિખેરાઈ ગઈ. નીચે પથરાયેલાં નાણાં ઉપાડીને એકઠાં કરી લેવાનું કામ મહાવીર ત્યાગીને સોંપીને મહાત્માજી ચાલ્યા ગયા. પરચૂરણ, નોટો અને દાગીના એકઠા કરીને, તેની યાદી બનાવીને મહાવીરજી ખુશ થતા ઘેર પહોંચ્યા. ત્યાં તો રાત્રે સાડાનવ વાગે તાબડતોબ હાજર થવાનો સંદેશો મળ્યો. ત્યાગી આવી પહોંચ્યા ત્યારે ગાંધીજી અત્યંત ગુસ્સામાં હતા. ''કામ માથે લેવા નીકળો ત્યારે કશી જવાબદારી સમજો છો ખરા કે

નહિ ?'' મહાવીર તો બિચારા મોં ફાડીને જોઈ જ રહ્યા. ''સભામાં નીચે વેરાયેલું બધું કેમ એકઠું કર્યાં નથી ?'' મહાવીરે ડરતાં ડરતાં કહ્યું : ''જી, બધી જ ચીજો લઈ લેવામાં આવી છે.'' ''નથી લેવામાં આવી,'' ગાંધીજીએ કહ્યું. ''કોણે કહ્યું ?'' એવા ત્યાગીના સવાલના જવાબમાં ગાંધીજીએ એક નાનકડું બૂટિયું ઊંચું કર્યું. ''આ બૂટિયું કહે છે. તેની જોડ નથી. બૂટિયું આપવાવાળી બાઈ કંઈ એક જ બૂટિયું આપે નહિ. આની બીજી જોડ ત્યાં ચોક્કસ હોવી જોઈએ; તમને મળી નથી એનો અર્થ એ કે તમે પૂરી તપાસ કરી નથી.''

મહાવીર ત્યાગી પોતાનાં સંસ્મરણોમાં નોંધે છે કે, ''રાત્રે કિટ્સન લાઇટો પેટાવીને અમે ઊપડ્યાં, બધી તાડપત્રીઓ ઊલટાવી પૂલટાવીને શોધખોળ કરી. ભગવાનની દયા તે બૂટિયું તો મળ્યું; પણ સાથે પરચૂરણ અને ચોળાયેલી ચૂંથાયેલી નોટો મળીને બસોએક રૂપિયાની રકમ પણ એકઠી થઈ. આ બધું બાપુને મોકલાવ્યું, પણ થોડા દિવસ તો તેમને મોં દેખાડતાં પણ શરમ આવતી.''

♦♦♦

ચીનના અત્યંત વિચક્ષણ શહેનશાહ ત્સાઈ-ત્સુંગ એક જેલની મુલાકાતે ગયા હતા. ગંભીર ગુનાઓ માટે લાંબી સજા ભોગવતા કેદીઓને ભેગા કરીને તેમણે એક સવાલ પૂછ્યો કે, ''તમે બધા વરસોથી અહીં છે અને હજુ વરસો સુધી રહેવાના છો. તમને કદી તમારાં બૈરીછોકરાં, સગાંવહાલાંને મળવાનું, તેમની જોડે રહેવાનું મન થાય છે ખરું ?'' કેદીઓનાં મોં પરની ઉત્કટ આતુરતા જોઈને તેમણે કહ્યું : ''હું તમને એક મહિનાની છુટ્ટી આપું તો તમે બધાં પોતપોતાની મેળે પાછા આવશો ?'' બધાએ હા કહી અને ત્સાઈ-ત્સુંગે આ બધાને મહિના માટે ઘેર રહેવા જવાની છૂટ આપી. મહિના પછી જ્યારે એકેએક કેદી પાછો ફર્યો ત્યારે ત્સાઈ-ત્સુંગે પોતાના ઉચ્ચ અધિકારીઓની સભા બોલાવી. ''આવું કઠોર એમનું જીવન હોવા છતાં આપેલું વચન પાળનાર આ કેદીઓને હું મારા રાજ્યના સૌથી પ્રામાણિક માણસો માનું છું. આવા માણસો જેલમાં હોય તેમાં કાં તો સમાજની હલકાઈ છે અથવા મારા વહીવટની ખામી છે.'' તેવું કહીને તેમણે વહીવટી અને ન્યાયતંત્રમાં અસંખ્ય સુધારા કરાવેલા. કોઈ પણ માણસને ફાંસી આપવાના હુકમ પર શહેનશાહની સહી હોવી જોઈએ અને સહી કરતાં પહેલાં શહેનશાહે આખો દિવસ અપવાસ કરવો પડે, તેવો નિયમ તેમણે ઘડેલો.

અમેરિકાની સૌથી નામીચા અને ઘાતકી કેદીઓ સાચવનારી સીંગ સીંગ જેલના અધિકારી જેમ્સ માર્શલ અને તેમનાં પત્નીએ ૨૦-૨૫ વરસ તેમના કેદીઓને ઘણા સમભાવથી સાચવેલા. શ્રીમતી માર્શલ ગુજરી ગયાં ત્યારે ખ્રિસ્તી રિવાજ મુજબ તેમનું શબ ત્રણ દિવસ દેવળમાં રખાયું હતું. બીજે દિવસે કેદીઓની માગણી આવી : ''અમારે શ્રીમતી માર્શલને છેલ્લી અંજલિ આપવા માટે દેવળમાં જવું છે.'' લાંબી ગડમથલ પછી માર્શલે આ ભયંકર જોખમ ઉઠાવ્યું. અંધારી રાતે દરવાજા ખૂલ્યા અને ચોવીસ નામચીન ગુનેગારો ત્રણ માઈલ દૂર આવેલા દેવળમાં ચોકીપહેરા વગર પહોંચ્યા; થોડી વાર માથું નમાવીને ઊભા રહ્યા અને ફરી પાછા તાળાબંધ થવા આવી પહોંચ્યા.

આવી પરખ અત્યંત જોખમી હોય છે અને ખોટી પડે તો તેનાં પરિણામો પણ ભયંકર આવે છે. પણ આવા ભયને ગાંઠે અને જોખમથી ગભરાય, તે જિંદગી જાણે અને માણે કેવી રીતે ?

❖❖❖

## બેસી ન રહો



**એ**ક ભાઈ દરિયાકિનારે નાહ્વા ગયેલા. દરિયાકાંઠે જઈને જુએ છે તો મોજાંની હારની હાર દૂર દૂરથી કિનારા તરફ આવ્યા જ કરે, બસ આવ્યા જ કરે. આ ભાઈ તો મોજાં તરફ જોતા નાહ્યા વિના કિનારે બેસી જ રહ્યા.

આ જોઈ ત્યાં નાહ્વા આવેલા એક ભાઈએ પૂછ્યું : 'તમે કેટલીય વારથી બેસી કેમ રહ્યા છો ? નાહી લોને !' 'જુઓને, મોજાં ઉપર મોજાં આળે છે. એ જરા શાંત થાય પછી હું નાહીશ. મોજાં બંધ થવાની જ હું રાહ જોઉં છું.' એમણે જવાબ આપ્યો.

'અરે ભલા માણસ, દરિયાનાં મોજાં કદી બંધ પડવાનાં નથી. માટે એ શાંત થવાની રાહ જોવાને બદલે ઊભા થાઓ અને નાહી લો. જે કામે આવ્યા છો એ પૂરું કરો. મોજાં બંધ થવાની રાહ જોતા બેસી રહેશો તો નાહ્યા વિના જ રહી જશો !'

સાગર ઘૂઘવતો રહેશે. મોજાં ઊછળતાં રહેશે; બેસી ન રહો. જીવનમાં જે કામો કરવાનાં હોય તે કરવા માંડો. - આજે ને અત્યારે જ...

❖❖❖



# એક સાંજ ભૂલી પડી

**વર્ષા તન્ના**

એક વખત સાંજને ફરવા જવાનું મન થયું. તેણે નદી તળાવમાં ઘણી વખત ઘુબાકા માર્યા હતા. તેણે દરિયાના ઘુઘવાટને પણ ઘૂંટડે ઘૂંટડે પીધો હતો. તેણે બાવળની સૂકી ડાળ પર લટકતા તડકાને પણ જોયો હતો. અને ઝાડની છાયામાં બેઠેલા લોકોના હાશકારાને સાંભળ્યો હતો. ઘરે આવતાં ઢોરનાં પગલાંને તેણે પંપાળ્યાં હતાં.

પંખીઓના માળામાં જરા ડોકિયું કર્યુ ત્યારે તેને માતાના વહાલના ઢગલા પર કૂદાકૂદ કરતાં બચ્ચાંઓનો કલશોર સાંભળ્યો હતો. તેને આ બધુ તો રોજનું થયું હતું. હવે તેને થયું કે આ બધા માણસો તો ગામ છોડી શહેર તરફ પ્રયાણ કરે છે તો મારો શું વાંક ? હું પણ જોઉં ને શહેરના વાંકાચૂકા પણ લસરી જવાય તેવા લીસા રસ્તા અને માણસોનો મહાસાગર. મોટા મોટા ઊંચા ઊંચા બિલ્ડીંગો જેમાં હવાની સાથે વિમાન પણ ઊડે ને છેક ચાંદા સુધી પહોંચે. તો વળી દરિયાના ઘુઘવાટ સાથે સ્ટીમરોની વ્હીસલ પણ ભરતી ને ઓટમાં આળોટે. આવી નવી જ દુનિયા જોવાનું સાંજને મન થયું.

તે ફરતી ફરતી પૂછતી પૂછતી એક મોટા મહાનગરમાં આવી ચડી. આ મહાનગરના આકાશનો રંગ તેને કંઈક જુદો જ લાગ્યો. તેણે તો આજ સુધી શ્યામલ રંગનું આકાશ જોવા મળતું હતું જેમાં પોતે પોતાનો લાલ પાલવ રાધાની જેમ પાથરતી હતી અને કૃષ્ણ સાથે રમતી હોય તેવી અનુભૂતિ થતી હતી. પણ અહીં તો તેને આકાશમાં ઘુમાડાનાં ધાબાં અને અણગમતી વાસ અનુભવી. તેને કંઈક અજુગતું લાગ્યું. છતાં તેણે શહેરનું કમાડ ગોતવા માંડ્યુ ટકોરા દેવા માટે પણ આ મસમોટા શહેરને ક્યાંય દરવાજા નહીં ! તોયે ટકોરા ક્યાં દેવા તેની સાંજને ખબર જ ન પડી. તેણે નજર લંબાવીને જોયું તો તેને કેટલા બધા વિક્રમાદિત્ય નજરે ચડયા. જે પોતાની પીઠ પર વૈતાલની જેમ જિંદગી લાદીને જતા હોય, જેના સવાલનો ઉત્તર આપે તો પણ હાર હતી અને ચૂપ રહે તો પણ હાર હતી. માત્ર ભાર વેંઢારવાનું જ તેના નસીબમાં હતું. રસ્તા પર સિગ્નલ હતાં તે વાહનો માટે હતાં પણ આ સિગ્નલ કેટલાયેને રોકતાં હતાં. ટોકતાં હતાં.

તેણે ત્યાંથી પોતાની લાંબી નજર લાંબા રસ્તા પર નાખી. તેની સામે કોઈ જોતું ન હતું. બધાં પોતપોતાની હડિયાપાટીમાં મશગૂલ હતાં. તેને બાજુવાળાની જિંદગીની પણ ખબર નહી તો કમાડે ઊભેલા મહેમાનની સામે ક્યાંથી જુએ ? ચારેય બાજુ ભીડ હતી. નજર ફેરવે તો પણ નજરને ક્યાંય જગ્યા ન મળે.

બાળકો અને યુવાનો કેટલીયે આશાનો બોજ લઈને દોડતાં હતાં તો વૃદ્ધો એકલતાનો બોજ લઈને દોડતા હતાં. માનવીઓનો જ નહીં, અવાજનો મેળો પણ લાગતો હતો. છતાં કોઈ કોઈનો અવાજ સાંભળતું ન હતું. એટલું જ નહીં પણ પોતાના મનનો અવાજ પણ તે સાંભળી શકતા ન હતા કે સાંભળવા માગતા નહતા. માત્ર અવાજ જ નહીં પણ અણગમતી વાસ પણ હવામાં ઝળૂંબાતી હતી. જેની કોઈને કશી જ અસર ન હતી. આમ સાંજને પોતાને ડચૂરો ચડયો હોય તેવું લાગ્યું. તેણે પોતાની નજર ફેરવી લીધી.

તેણે પોતાની નજર હવે માનવીના ઢગલાને બદલે તેના વિસામાના સ્થાન પર કરી. તેણે ઊંચી ઈમારતો જોઈ. તે બે ઘડી ખુશ થઈ ગઈ. તેને થયું કે ઝાડની ડાળને બદલે તે હવે આ નવો વિસામો બનાવશે. તેણે ઊંચી અગાશીમાં કે તેની બાજુના નાના ઝરુખામાં ડગ માંડયા. પણ તેને આવકારવા કોઈ ન આવ્યું. તેને જરા ખોટું લાગી ગયું હોય તેમ થોડી રિસાઈ ગઈ. પણ તેને મનાવવાવાળું અહીં કોઈ ન હતું. એટલે તેણે બધો ગુસ્સો ખંખેરી ઊંચા મકાનની એકાદી બારીમાં નજર કરી તો ત્યાં તો પડદો બાંધી ગમે ત્યારે સાંજ કરી દીધી હતી. વળી સાંજની મીઠી રળિયાત ન હતી પણ તેમાં એરકંડીશનની એક સરખી ઠંડક હતી. હવા પણ બીબાંઢાળ હતી. તેમાં પંખીઓની ગોઠડી કે ફૂલ અને પર્ણોની કુમાશ કે મીઠી સુગંધ ન હતી. બાળકો હતાં પણ વાઝમાં ગોઠવાયેલા ફૂલ જેવાં. વૃદ્ધોના ઓરડામાં જોયું તો બધી સગવડ હતી પણ એકલતાના દરિયામાં તેમની હોડી ક્યાંક ખોવાઈ ગઈ હતી. અહીં સગવડનાં બધાં સાધનો હતાં પણ મનના ઓરડાની બારી ન હતી જેથી તાજી હવાની અવરજવર થઈ શકે. તેણે જોયું કે નગરની આ ઊંચી ઈમારતમાં માનવીએ પોતાના માટે ઘણી સગવડ કરી છે પણ સાંજ

જેવા મહેમાનો માટે કે બહારની કોઈ વ્યક્તિ માટે સગવડ તેને દેખાઈ નહીં. હવે તેણે ઊંચાઈથી નીચે તરફ નજર માંડી. તેને થયું કે તે ધરતી પર આળોટશે અને તેની લીલીછમ સુગંધને પોતાના શ્વાસમાં ભરી અને નવી જગ્યાને તે પોતાની બનાવી શકશે. પણ તેની નજર તો ધરતીને શોધતી જ રહી. ન તો તેને ધરતી દેખાઈ કે ન લીલીછમ લાગણી. ધરતી પર તો તેને નાનાં નાનાં ઝૂંપડાઓ અને તેને કિનારે નદીને બદલે ગટરનો ગોકીરો મળ્યો. ત્યાં પણ કોઈ દોડતું હતું, તો કોઈ સૂતું હતું, તો કોઈ બેઠું હતું પોતાના શમણાં લઈને કે શમણાંઓની ચિતા પર સાંજને થયું કે તેઓની પીઠને થોડું પંપાળું કે તેઓનાં શરણાંને થોડાં મનાવું. પણ તેને લાગ્યું કે કોઈને તેની તરફ જોવાનો સમય જ નથી. માત્ર એકબીજા સાથેની અને પોતાની જાત સાથેની હરીફાઈ જ જોવા મળી.

સાંજને આવી હરીફાઈ ગમતી ન હતી એટલે ત્યાંથી તેણે નજર ફેરવીને માનવીની આંખો તરફ વાળી. પણ આંખોમાં શમણાં સિવાય કંઈ જ જોવા ન મળ્યું. તેને થયું કે આ માણસ જો થોડી ધરપત ધરે ને મારી સામે જુએ તો તેને થોડીક ટાઢક આપું અને શમણાં પૂરાં કરવાનો સધિયારો પણ. પણ માનવીની આંખો ક્યાં બીજું કાંઈ જોવા તૈયાર જ હતી ? તે તો માત્ર શમણાંના ઝાળામાં પેલા કરોળિયાની જેમ ગૂંચવાઈ ગયો હતો.

આ નગરમાં તો અજવાળાનો સૂરજ લાઈટના થાંભલા પર કાયમ લટકતો હતો. રાત દિવસ કે સવાર સાંજનો કોઈ ભેદ ન હતો. અહીં કામ કરવાના વારા હતા. દિવસે કેટલાકનો વારો તો કેટલાકનો રાત્રે. પાળીમાં વહેંચાયેલો સમય માણસની લાગણીને પણ વહેંચી નાખતો હતો. માત્ર કામ કરવા માટે જ નહીં પણ શાળામાં શીખવા માટે કે શીખવવા માટે સમયની પરવા કરી ન હતી. થાક ઉતરવા માટે સાંજની જરૂર જ નહીં. ગમે ત્યારે શમણાંઓની જાળ ગૂંથાતી હતી. તેમાં કોણ માછલી પકડે ને કોણ માછલી નથી પકડી શકતું તે શીખવવામાં આવતું હતું. અહીં પ્રેમીઓ પણ મોબાઈલની ટચૂકડી ભાષાથી પોતાના પ્રેમની વાત કરી આકાશ સામે જોવાનું ટાળતા હતા. જો તે આકાશ સામે જુએ તો સવાર સાંજની લિપિ વાંચી શકે ને ? પણ તેઓ તો માત્ર પ્રેમની હરીફાઈ કરતા હતા, તેમાં કેટલાક પાસ તો કેટલાક ફેઈલ થતાં હતાં. કોઈને કશું લાગતુંવળગતું ન હતું. માત્ર માનવી સમય સાથે હરીફાઈ કરતો હતો. જે સફળ થતો તે ખુશ હતો અને જે અસફળ થતો તે સમયને કોસતો હતો. તે સમય માણતો નહીં પણ સમયને મારતો હતો. એટલે જ સમય તેને માટે મિત્ર નહીં પણ દુશ્મન હતો.

જેમ સમયમાં સાંજનું કશું મહત્વ ન હતું તેવી જ રીતે આયાખાની સાંજ પણ ક્યાંક જલદી આવી જતી હતી તો કયાંક તો લંબાઈ જતી હતી. કેટલા બધા લોકો વગર સાંજ પડે જ અંધારાની ગર્તામાં ધકેલાઈને રાતને પોતાની માની લીધી હતી. તેઓએની આંખમાં કશો જ થનગનાટ કે કશી પ્રતીક્ષા ન હતી. એકધારી ઉદાસીનતા ટપકતી હતી. તેઓને સમય સાથેનો નાતો તૂટી ગયો હોય તેમ માત્ર શ્વાસ ચાલતો હતો. તેને સૂરજનો થનગનતો ઊજાસ ઢંઢોળી શકતો ન હતો તો સાંજની કુમાશ તેને કેવી સ્પર્શી શકે ? આમ સાંજે જોયું કે મારું વતન તો મારું ગામ છે. તે થોડી ઉદાસ થઈને પાછી વળી.

તે ગામડામાં આવી તો તેનું સ્વાગત ઝાડે ડાળી હલાવીને કર્યું ને પંખીઓએ તે આવી તો ખુશ થઈને પોતાનાં વહાલસોયાં બાળકો માટે હાલરડાં ગાયાં. પાણીની છાલકે આવી તેના પગ પખાળ્યા. અહીં સાંજે જરા પોરો ખાધો તો તેને માના વહાલ જેવું ગમતીલું વહાલ દરેકની આંખમાં છલકતું લાગ્યું. અહીં બધાં સાંજની રાહ જોતાં હતાં. કારણ કે તેના કામની નિરાંત તેણે પોતાની વાતોના કસુંબામાં ઘોળવાની હતી. સાંજ પડે તો જ રાત આવે અને જીવને હાશકારો થાય અને શમણાંને ગામ જવાય. અહીં તો રાત્રે ઢોલિયામાં સૂતાં સૂતાં આકાશમાં રમતા તારા સાથે વાતો કરી હૈયાને હામ આપવાનું બધાને ગમતું. એટલું જ નહીં પણ બારીમાંથી દેખાતું ચાંદાનું ચાંદરણું આખા દિવસનો થાક ઉતારી દેતું. એટલે સાંજનો ઝાંખો દેખાતો ચાંદો બધાને ગમતો.

સાંજની શીતળ લહેરખી ઘરના રોમરોમને છલકાવી દેતી હતી. આમ સાંજને પોતાને પણ અહીં વિસામો મળતો હતો. પોતાની હૃદયની વાતો પોતાના પ્રેમ દ્વારા કે હવાની લહેરખીઓ દ્વારા લિપિ લખી ઠાલવતી હતી. તે પાછી આવી તો તેને જાણે પોતાને ઘેર આવી હોય તેમ લાગ્યું. તેણે હવે અહીંથી ક્યાંય ન જવાના સમ ખાધા.

❖❖❖

## સાંજના ઢળવા છતાંય

**રાજીવ ગોહેલ**

*સાંજના ઢળવા છતાંયે, યાદ આ ઢળતી નથી.*
*હું તને મળતો રહું છું, તું મને મળતી નથી.*
*દુ:ખ તારા વિરહનું મેં, ના બતાવ્યું કોઈને*
*દિલ સદા રડતું રહે છે, આંખ આ રડતી નથી.*
*આપ આવ્યા કે ફરીથી, આપની યાદો જ છે,*
*શું થયું જો ને અચાનક, કોઈ ક્ષણ સરતી નથી.*
*આપણા સાથીની ક્ષણોને, આજ સળગાવી દીધી,*
*તોય યાદોમાં રહેલી, તું કદી ગળતી નથી.*
*જે લખ્યાં' તાં કાવ્ય 'રાજીવ' યાદ તેને તે કરી*
*તે બધા નિર્જીવ શબ્દોમાં હવે શ્વસતી નથી*

# સફળ દાંપત્ય જીવનના પાંચ દાયકા

## ૭-૧૨-૧૯૭૫ થી ૭-૧૨-૨૦૨૫



જીતેન્દ્ર હરજીવનદાસ સંઘવી



સરોજ જીતેન્દ્ર સંઘવી

એકબીજાને સથવારે પચાસ વરસ વીતી ગયા;
શું નથી આપ્યું 'એણે' કે 'એની' કને કાંઈ માગીએ?

ને જિંદગીની હર પળે 'એનું' જ સ્મરણ રહે જારી;
કલ્યાણમિત્ર બની ભવસાગર જઈએ તરી.

માતુશ્રી નાનીબેન હરજીવનદાસ ખુશાલચંદ સંઘવી પરિવાર

ભૌમિક - પૂજા સંઘવી

નીપા - તેજસ કામદાર

દીપ્તિ - ચિંતન શેઠ

સાન્વી - વિયાન - મિરાજ - દ્રીશ


Advt.



RIVERSIDE POOL
LUXURY ROOMS
MOUNTAIN WOODS
FARMSTAY
Making Every Celebration Special
Family / Festive Get-Togethers
Kitty Parties / Birthday Party
Senior Citizen Gatherings
Corporate Get-Togethers
Pre wedding / Digital shooting
PURE VEG
EXPLORE THE NATURE
GROUP OFFER
₹1999*
Per Person
Inc. all meals
9988 1414 82
9820 2323 95
Just 10 minutes from imagica
* Minimum booking of 10 people required on weekdays to avail the offer *
Umberkhind, Khopoli-Pali Road

Advt.


JAPAN CHERRY BLOSSOM WITH ALPINE ROUTE
11D
APR 9th
SOUTH KOREA CHERRY BLOSSOM
10D
MAR 26th | APR 20th | MAY 21st
VIETNAM WITH SAPA
11D
JAN 9th | 26th
FEB 4th | 26th
MAR 8th | 23rd
APR 6th | 20th
GEORGIA
8D
DEC 20th
APR 30th
MAY 7th | 14th | 21st | 28th
JUN 4th
ALMATY, KAZAKSTHAN
5D
DEC - 27th Special New Year Tour
MAR - 6th Exclusive Ladies Tour
May 2026 - 12th | 17th
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
Discover The World, The Ammpal Way!
Embark on unforgettable journeys with AMIT SHAH! We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.
INTRODUCING FOR THE 1st TIME NEW TOUR
CHINA
13 DAYS OF CAPTIVATING TOUR
BEIJING • SHANGHAI • ZHANGJIAJIE • GUILIN • GUANGZHOU
TOUR DATES 2026
18th APR (Ltd. Seats) | 21st MAY
TOUR COST
₹3,33,333/-*
WE DELIVER WHAT WE PROMISE !
ammpalholidays@gmail.com
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100
Advt.



SIDDHIM
अप्पा मे नंदणं वणं
સામાજિક હિત માટે કાર્યરત સંસ્થા
શાશ્વત સિદ્ધાંતોમાં મૂળ ધરાવતી, સિદ્ધિમ એક સંપૂર્ણ રહેણાંક શાળા છે જે હેતુપૂર્ણ શિક્ષણ અને સભાન જીવનને પ્રોત્સાહન આપે છે.
જ્યાં અમે દીકરીઓ માટે મજબૂત આધ્યાત્મિક અને નૈતિક પાયા પર આધારિત અનન્ય સંભાવનાની કલ્પના કરીએ છીએ...
પ્રતિબદ્ધતા
પોતાના હેતુ પ્રત્યે અતૂટ સમર્પણ
બહાદુરી
ભય, અસ્વીકાર કે એકલતામાં પણ સત્યમાં અડગ રહેવું.
સિદ્ધિમના સિદ્ધાંતો
સ્પષ્ટતા
ભય અને ઇચ્છાથી પર, સત્યને જેવું છે તેવું જોવું.
કરુણા
દુ:ખમાં હાજર રહેવું - તમારા પોતાના હોયકે બીજા કોઈના માટે - મોઢું ફેરવ્યા વિના.
સિદ્ધિમ ખાતે, આ સિદ્ધાંતો ફક્ત શીખવવામાં આવતા નથી!!
તે જીવવામાં આવે છે, અનુભવવામાં આવે છે અને તમારી દીકરીના જીવનમાં સમાવિષ્ટ થાય છે!
અમારા સ્તંભો
યોગ્ય ફિલસૂફી
વાસ્તવિકતાને જેમ છે તેમ જોવી - અહંકારની પેલે પાર.
યોગ્ય પાત્ર
વિચાર, વચન અને કર્મમાં એકતા.
યોગ્ય જ્ઞાન
સાચું જ્ઞાન - સ્પષ્ટ, સંપૂર્ણ અને મૂંઝવણથી મુક્ત.
યોગ્ય તપશ્ચર્યા
અટલ સાધના - પોતાના માર્ગ પર અડગ રહેવું.
સરનામું
સિદ્ધિમ ગ્લોબલ સ્કૂલ
NH-48, જયપુર-અજમેર હાઇવે,
દુદુ રાજસ્થાન, 303008
અમારો સંપર્ક કરો
+91 70213 80109
Info@siddhim.org
+91 94617 08177


Advt.



સિદ્ધિમ સ્કૂલની દીકરીઓ ની દિનચર્યા
સિદ્ધિમ સ્કૂલમાં, તમારી દીકરી એવા સિદ્ધાંતો સાથે મોટી થાય છે જે તેની જાગૃતિ, આચરણ અને હેતુને આકાર આપે છે - જ્યાં શીખવું જીવન બની જાય છે.
સંતુલિત અને પૌષ્ટિક આહાર
શરીર અને મન માટે યોગ્ય પોષણ
શૈક્ષણિક શ્રેષ્ઠતા
દરેક દીકરી રુચિઓ અનુસાર અનુભવો અને શિક્ષણ દ્વારા
યોગ અને ધ્યાન
સકારાત્મક ઉર્જા, એકાગ્રતા અને આધ્યાત્મિક વિકાસ
સચેત આદતો
બેસવું, ઊભા રહેવું, સૂવું, ચાલવું, વાત કરવી અને જાગૃતિ સાથે ખાવું.
મેકર્સ લેબ અને ઇનોવેશન
વિજ્ઞાન, ટેકનોલોજી અને ડિઝાઇન
એકાગ્રતાથી શીખો, આનંદથી રમો
પરંપરાગત અને આધુનિક રમતોના મિશ્રણ સાથે.
પોતાને જાણવું
આત્મનિરીક્ષણ,આત્મનિરીક્ષણ, અભ્યાસ અને સ્વ શિક્ષણ
પ્રાચીન જ્ઞાન અને વૈશ્વિક જ્ઞાનનો સંગમ.
દરેક દીકરી શીખવાની શૈલી અને રુચિઓનો આદર કરવો, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું
પ્રવેશ ખુલ્લું છે (તૃતીય ધોરણની દીકરીઓ માટે)
શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે
આત્મનિર્ભર અને હેતુપૂર્ણ દીકરીઓ વિકાસ માટે સમર્પિત સંસ્થા.
૧૦૦% સુધીની શિષ્યવૃત્તિ ઉપલબ્ધ
પર્યાવરણને અનુકૂળ અને હરિયાળું પ્રાંગણ
લર્નિંગ સ્ટુડિયો
થિયેટર
ધ્યાન કેન્દ્ર
વર્કશોપ વિસ્તાર
ઇનોવેશન સેન્ટર
વર્ગખંડો ખોલો
અમારો સંપર્ક કરો :
+91 70213 80109
+91 94617 08177
હવે પહેલું પગલું ભરો!
કૃપા કરીને આજે જ ફોર્મ ભરો.


Advt.



Mihaar

Where Fashion is an Expression



## 1st ANNIVERSARY CELEBRATION!

Join us as we mark our first anniversary with exciting offers and assured gifts for all our lovely customers.

Discover our latest Casual and Festive Collection, a perfect blend of Indo-western, tradition, vibrant colours, and personalized style.

## Anniversary Special Offers!

- FREE Garment worth ₹500 on purchases above ₹3000
- FREE Garment worth ₹1000 on purchases above ₹5000
- FREE Garment worth ₹1500 on purchases above ₹7000

Plus: An assured gift with every purchase!

**Offer Valid:** 8th –14th December 2025 | 11 AM – 7 PM
**Available exclusively at our studio**

**Visit Us:**
A36, Shri Ram Industrial Estate, 13 G. D. Ambekar Marg, Wadala West, Mumbai – 400031

**Enjoy a personalised, one-on-one shopping experience.**
**We also offer customisation (by appointment) for the perfect fit.**

www.mihaar.in | mihaarstories | mihaarstories | +919967190361

Advt.

*not just a business, but a philosophy*

# FLAMINGO
transworld pvt. ltd.




# AMERICAN Discovery

**16 N | 17 D**

**15 May, 5, 26 Jun**
**4 Sept 2026**

## WHY FLAMINGO?

- ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષા ના જાણકાર એવા, અનુભવી ટૂર મેનેજરો ની ઉત્કૃષ્ઠ સેવા
- સમગ્ર ભારતમાં ૫૦ થી વધારે બુકિંગ નેટવર્ક ધરાવતી એક માત્ર ગુજરાતી કંપની
- ૨૮૦ થી વધારે કટીબદ્ધ ફ્લેમિંગો ટીમ મેમ્બર્સ નો કાફલો
- વિશ્વભરના ૮૦ થી પણ વધારે દેશોમાં યાદગાર પ્રવાસ ની મહારથ
- ૨,૧૦,૦૦૦ થી વધુ પરિવારો માટે યાદગાર પ્રવાસો નુ આયોજન કરવા ની ઐતિહાસિક ઉપલબ્ધી



### AMERICAN EXPLORER WITH RC CRUISE
23 Nights | 24 Days
3,17, 31 May, 14 Jun - 2026



### AMERICAN EXPERIENCE
15 Nights | 16 Days
23 Apr, 7, 14, 28 May, 18 Jun, 16 Jul, 13 Aug - 2026




### AMERICAN ESCAPE
12 Nights | 13 Days
6, 20, 27 May, 10, 17 Jun, 19 Aug - 2026



### AMERICAN DREAMS
23 Nights | 24 Days
3, 17 May, 14 Jun, 26 Jul - 2026

## OUR MUMBAI BRANCHES

Andheri | Goregaon | Kandivali | Mira Road | Opera House
Sion | Ghatkopar | Thane | Mulund | Kharghar | Pune

+91 98199 30022 www.flamingotravels.co.in

Advt.

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જુલાઈ -૨૦૨૫) સુધીમાં ૨૯૩૧૦ - જીવો છોડાવેલ છે.**
તથા ઘાસ – ૨૭,૩૫૦ કિલો, ગોળ – ૧૧૬૨૯ કિલો, કેરીનો રસ – ૬૦૦૦ કિલો, લાપ્સી – ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ (૧૫ મહિના) માં ટોટલ ૩૮૧૧ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

# શું ભગવાન આજે પણ આપણી સાથે વાત કરે ખરો ?


ડૉ. આઈ. કે વીજળીવાળા

પરદેશની આ વાત છે. એક યુવાન ફક્ત પોતાની જિજ્ઞાસા સંતોષવા માટે ચર્ચની 'રાત્રિ-બાઈબલ-ક્લબમાં' ગયેલો. પાદરી આવી ક્લબોમાં શું પ્રવચન આપે છે એ જાણવાની ઉત્કંઠામાત્રથી પ્રેરાઈને એ ગયેલો. અને એ દિવસે પાદરીએ કંઈક જુદું જ પ્રવચન આપ્યું. એ રાત્રિક્લબનો મુખ્ય મુદ્દો હતો : 'ભગવાન આજે પણ લોકો સાથે વાત કરતો હોય છે.'

પાદરીના આ સંદર્ભના શબ્દો કે આ મુદ્દો, બેમાંથી એકેય એ યુવાનને ગળે ન ઊતર્યા. ધર્મગ્રંથોનાં એનાં એ જ ચવાઈ ગયેલાં વાક્યોમાંનું આ એક વાક્ય જ એને લાગ્યું. છતાં મિટિંગ પૂરી થયા બાદ એ પાદરી પાસે ગયો અને પૂછયું : 'ફાધર, શું સાચ્ચે જ ભગવાન આપણને સલાહ-સૂચનો આપતો હોય છે ખરો ? શું એ ખરેખર આપણને દોરવણી આપી શકે કે પછી એ બધી ધર્મગ્રંથોની માન્યતાઓ જ માત્ર છે ? અને ધારો કે કદાચ એ આપણી સાથે વાત કરે તો પણ કરી રીતે કરતો હોય છે ?'

એના આટલા બધા પ્રશ્નોના જવાબમાં પાદરી હસીને કહે કે, 'બેટા ! ભગવાન હંમેશાં આપણી જોડે રહીને આપણને દોરતો જ હોય છે. આપણા મનમાં જ એ આપણી સાથે વાત કરી શકતો હોય છે. અરે ! હું તો એમ કહીશ કે એ તો આપણી સાથે વાત કરવા માટે આતુર હોય છે. આની ખાતરી કરવી હોય તો આપણાં મનમાં ઉદ્ભવતા એના આદેશનું બસ ચૂપચાપ પાલન કરતા જવું. બાકીનું બધું એ જ બતાવશે.'

પાદરીના શબ્દોની ઊંડી અસર એ યુવાન પર થઈ. પાદરીનાં વાક્યો પર એને સંપૂર્ણ વિશ્વાસ તો ન જ બેઠો, પરંતુ પોતે ક્યારેક તો આવો પ્રયોગ કરવો એવું એણે મનોમન નક્કી કરી લીધું. વિચારોમાં ને વિચારોમાં જ એણે ગાડી સ્ટાર્ટ કરી. ગમે તે હોય પણ પાદરીનું વાક્ય 'ભગવાન હંમેશાં આપણી સાથે વાત કરવા આતુર હોય છે !' વારંવાર



એના મનમાં ઘૂમરાતું હતું. કાર શરૂ કરીને એણે આકાશ તરફ જોયું. પ્રયોગ કરવો જ હોય તો ક્યારેક શું કામ ? આજે કેમ નહીં એવું વિચારીને એણે મનોમન કહ્યું કે, 'હે ભગવાન ! તું જે હોય તે અને જ્યાં હોય ત્યાં ! શું તું આજે પણ લોકો સાથે વાત કરી શકે છે ખરો ? જો એવું હોય, અને એ સાચું હોય તો મારી સાથે વાત કર. મને પણ કંઈક આદેશ આપ ! હું દિલથી અને નિષ્ઠાપૂર્વક તારા શબ્દોનું પાલન કરવાની કોશિશ કરીશ.'

એને આ બધું વિચિત્ર પણ લાગતું હતું અને હસવું પણ આવતું હતું. છતાં આવી પ્રાર્થના મનોમન કરીને એણે કારને ગિયરમાં નાખી. હજુ તો સોએક ફૂટ જેટલું જ અંતર માંડ કાપ્યું હશે ત્યાં જ એના મનમાં એક વિચિત્ર વિચાર ઊઠયો. કોઈ જાણે એને કહી રહ્યું હતું કે, 'દૂધની એક કોથળી ખરીદી લે !' આવા વિચિત્ર વિચારથી એને હસવું આવી ગયું. અમીર બાપના દીકરાને ચા, દૂધ, જમવાનું અરે દરેક જરૂરિયાત માગ્યા પહેલાં પૂરી પડાતી હતી, તો પછી દૂધની કોથળીની તો એને શું જરૂર હોય ? આ પહેલાં એને ક્યારેય દૂધની કોથળી ખરીદવાની જરૂર નહોતી પડી તો પછી આજે શું કામ ખરીદવાની ? એને સમજાયું નહીં કે આજે જ, જિંદગીમાં પ્રથમ વાર એને દૂધની કોથળી ખરીદવાનો વિચાર કેમ આવી રહ્યો છે ? છતાં એણે નક્કી કરી લીધું હતું કે ગમે તેવો વિચિત્ર વિચાર આવે તો પણ એનું બરાબર પાલન કરવું જ.

પોતાના વિચિત્ર વિચાર તેમજ નિર્ણય બંને પર એને હસવું આવતું હતું છતાં એણે દૂધની એક કોથળી ખરીદી. પછી ઘર તરફ કાર આગળ વધારી. લગભગ એકાદ કિલોમીટર જેટલું આગળ ગયો હશે. ત્યાં જ એક જગ્યાએ એના મનમાંથી ફરીથી અવાજ ઊઠયો કે, 'અહીંથી ડાબી તરફ વળી જા !' હવે એ યુવાનને પોતાની જાત પર બરાબરનું હસવું આવી ગયું. પોતે મૂર્ખાભીભરી હરકતો કરી રહ્યો છે એનું પણ એને સતત ભાન હતું. ભગવાન તો

આવી રીતે વાત કરતો હશે ? એવું વિચારીને એણે પોતાના મનમાં ઊઠેલ અવાજને દબાવી દીધો. પછી ઘર તરફ કારને આગળ વધારી. પરંતુ ખબર નહીં શું કામ, પણ એનું મન જાણે એને વારંવાર ફરજ પાડી રહ્યું હતું કે, 'તું પાછો ફર અને સાતમા વળાંક પર જઈ પછી ડાબી બાજુ વળી જા !'

એણે કારને રસ્તાની બાજુમાં થંભાવી દીધી. બે ક્ષણ પૂરતો વિચાર કર્યો. પછી ફરી એક વખત આજે તો આદરેલો. પ્રયોગ ગમે તે ભોગે પૂરો કરવો જ એવો સંકલ્પ કર્યો અને મનમાંથી ઊઠતા કોઈ પણ અવાજનું અક્ષરશઃ પાલન કરવું એવું નક્કી કરી કારને પાછી લીધી. સાત નંબરના વળાંક પાસે જે જગ્યાએ ડાબી બાજુ વળવાનો વિચાર આવેલો ત્યાં પહોંચીને કારને એણે ડાબી તરફ વાળી થોડી વારમાં જ એ જર્જરિત મકાનોથી ઘેરાયેલા ચોકની બરાબર મધ્યમાં પહોંચી ગયો. આજુબાજુનાં મકાન તેમજ એ ગલીની હાલત જોતાં ત્યાં ગરીબ લોકો જ વસતા હશે એનો તરત જ ખ્યાલ આવી જતો હતો. હવે શું કરવું એમ વિચારતો એ ઊભો હતો ત્યાં જ મનમાંથી ફરીથી અવાજ ઊઠયો કે, 'બરાબર સામેના છેડે ઝાંખા અજવાળાવાળું જે મકાન દેખાય છે તેનું બારણું ખખડાવીને દૂધની આ કોથળી આપી દે !'

'બસ, હવે તો આજના આ ગાંડપણની હદ આવી ગઈ ! એ યુવક મનોમન બોલ્યો. પછી આકાશ સામે જોઈને એ સ્વગત બબડયો : 'હે ભગવાન ! આ કામ કદાચ મારાથી નહીં થાય, કારણ કે કાં તો એ ઘરમાં વસતા માણસો મને ગાંડો ગણશે અથવા તો મૂરખ માનશે. અર્ધી રાતે તમારું બારણું ખખડાવીને કોઈ સાવ અજાણ્યો માણસ દૂધની કોથળી આપે તો કેવું લાગે ? નહીં પ્રભુ ! મારે માણસો સાથે વાત કરવાની તારી ઢબ કે રીત નથી સમજવી અને તું હજું પણ લોકો સાથે વાત કરે છે એની ખાતરી પણ નથી કરવી.' મનોમન એટલું બબડીને એણે કાર શરૂ કરવા હાથ લાંબો કર્યો. એ જ વખતે પેલા ઘરમાંથી કોઈના રડવાનો અવાજ સંભળાયો અને સાથે જ એના મનમાંથી આ વખતે જાણે કડક હુકમના સ્વરૂપમાંઆદેશ આવ્યો કે, 'જા ! એ ઘરમાં દૂધની કોથળી આપી આવ !'

ખબર નહીં, આ બંને ઘટનાઓએ એના પર શી અસર કરી પરંતુ કારનો દરવાજો ખોલીને એ માણસ બહાર નીકળ્યો. પેલા ઘર પાસે જઈ એણે બારણું ખખડાવ્યું.

'કોણ છે ? આટલી રાત ગયે કોણ હશે ? રાતના બાર વાગી ચૂક્યા ચે અને બહાર કેટલો બરફ પડી રહ્યો છે ! કોનું કામ છે ભાઈ, કોણ છો આટલી રાતે ?' મેલાંઘેલાં કપડાવાળાં એક પુરુષે બારણું ખોલ્યું. એની પાછળ એવાં જ મેલાં કપડાં પહેરેલી સ્ત્રી એના રડતા બાળકને છાનું રાખવા એને ખભે રાખીને થપથપાવતી ઊભી હતી.

''બોલો ભાઈ, કોનું કામ છે તમારે ?'' પેલા યુવકને જોઈને મેલાં કપડાંવાળા પુરુષે પૂછયું.

'આ લઈ લો ! આ દૂધની કોથળી આપવા માટે હું આવ્યો છું !' એટલું બોલીને એ યુવાને દૂધની કોથળી આ દંપતી સામે ધરી.

જાણે કોઈ ચમત્કાર જોતાં હોય તેમ પતિ-પત્ની એકબીજા સામે જોવા લાગ્યાં. પછી બંનેની આંખમાંથી આંસુની ધારા વહી નીકળી. રડતાં રડતાં પેલો પુરુષ માંડ બોલ્યો, 'ભાઈ ! અમે લોકો ખૂબ મોટી આફતમાં ફસાઈ ગયાં છીએ. ગયા મહિને મારી નોકરી છૂટી ગઈ. બાળક નાનું હોવાથી મારી પત્ની કામ પર જઈ શકતી નથી. અત્યંત આર્થિક તંગી અને અન્ય તકલીફોને કારણે અમે હેરાન થઈ ગયાં છીએ અમારી પાસેની બચત પણ ખલાસ થઈ ગઈ છે. પાછલા બે દિવસથી પતિ-પત્ની જમ્યાં પણ નથી.

પરંતુ આજ સવારથી તો આ નાના બાળકને દૂધ પણ નથી મળી શક્યું. અમે બંને જણ તો પાણી પીને પણ સૂઈ જઈએ પરંતુ આ નાનો જીવ એવું કઈ રીતે સમજી શકે ? સાંજથી એણે ભૂખથી રજવાનું શરૂ કર્યુ છે તે બંધ જ નથી થતું. છેલ્લા એક કલાકથી અમે પતિ-પત્ની ભગવાનને પ્રાર્થના કરતાં હતાં કે હે ભગવાન કાં તો આ બાળકના દૂધની કંઈક વ્યવસ્થા કરી આપ અને નહીંતર પછી અમને મરવાની હિંમત દે. બસ એ જ વખતે તમે આવી પહોંચ્યા !' આગળ એક પણ શબ્દ એ માણસ ન બોલી શક્યો.

પતિના હાથમાંથી દૂધની કોથળી લઈ રસોડા તરફ જતી એ સ્ત્રી પાછી ફરીને બોલી, 'હું મારા પતિને કહેતી હતી કે સાચા દિલથી ભગવાનને પ્રાર્થના કરીશું તો એ જરૂરથી કોઈ દેવદૂતને આપણા બાળક માટે દૂધની વ્યવસ્થા કરીને મોકલશે. હેં ભાઈ ! સાચ્ચું બોલજો હો, તમે દેવદૂત છો ?'

પેલા યુવાનની આંખમાંથી આંસુની ધારા વછૂટી ગઈ. કંઈ પણ બોલ્યા વિના પોતાના પાકીટમાં જે કંઈ પૈસા હતા એ બધા જ એણે એ ઘરની ફર્શ પર મૂકી દીધા. પછી ચૂપચાપ એ પોતાની કાર તરફ વળ્યો. કાર શરૂ કરી. પાછી વાળતાં પહેલાં આકાશ તરફ જોયું. બે હાથ જોડયા અને આંસુભરી આંખે ફક્ત એટલું જ બોલી શક્યો કે, 'હે ભગવાન ! તું લોકો સાથે આજે પણ વાત કરી શકે છે એ વાતની મને આજે બરાબર ખાતરી થઈ ગઈ, પ્રભુ !'

રાતના સન્નાટામાં એની કાર ઘર તરફ દોડવા લાગી.

❖❖❖

# વહાલના વાવેતર

જ્ઞાનેશ જયચંદ લાપસીયા

વહાલના વાવેતર ના થાય, એ તો અમસ્તાં જ ક્યાંક પાંગરે તો ક્યાંક મૂરઝાઇ જાય, મૂરઝાયેલ વહાલ પાનખર સમ કોરી ખા. પણ પાંગરેલ વહાલ સહુને સ્નેહ સાગરમાં ઝબોળી દે. આવા જ સ્નેહ સાગરમાં હિલોળા લેતું જગદીશ અને વીણાનું પરિવાર જેના મધમધતા મધુવનનું પુષ્પ એટલે એકનું એક સંતાન કુસુમ.

મુંબઈ મહાનગરીના પૂર્વના પરામાં આવેલ ભાંડુપ ખાતે પીપરમેન્ટવાળા એસ્ટેટમાં ભોયતળીયે જગદીશ તેના પરિવાર સાથે આનંદપ્રમોદમાં રહેતો, ઘાટકોપરની ત્રિશલા જ્વેલર્સમાં કેશિયર તરીકે નોકરી કરે, લતા ઘરે પાપડ અથાણાં બનાવી બે પૈસાની ઊપજ કરે અને કુસુમ આઠમાં ધોરણમાં અભ્યાસ કરે મુલુંડ ખાતેની વાણી વિદ્યાલયમાં.

સપ્તાહ તો દૈનિક કામોની દોડાદોડીમાં ક્યાંય પસાર થઈ જાય થોડી નવરાસ મળે રવિવારે, ત્યારે ઘડીક વાતો થાય, સાથે શીરામણ થાય અને કુસુમના અભ્યાસક્રમ અંગે પણ જાણકારી મેળવી લેવાય. આજે વાતવાતમાં કુસુમ બોલી ગઈ, ''પપ્પા અભ્યાસક્રમ થોડો કઠીન થાય છે માટે અનુમતિ આપશો તો ટ્યુશન ક્લાસમાં જોડાઉં,'' થોડીક વાતચીત અને દલીલોને અંતે સંમતી આપી જગદીશે, બીજા દિવસે બે ત્રણ ક્લાસમાં તપાસ કરી છેવટે મુલુંડમાં આવેલ મણિયાર ક્લાસમાં ફી ભરાઈ ગઈ.

સમય સમયનું કામ કરે રાખતો અને બધું સમું પાર ઉતરતું રહ્યું, આસો માસ આવતાં નવરાત્રિ, દશેરા તથા દિવાળીના તહેવાર નજદીક હોઈ જગદીશને દુકાને વધારાનું કામ રહેતા વહેલાં જવાનું અને મોડું આવવાનું થતું, તેમાં એક દિવસ બપોરના સમયે ચાર બુકાનીધારી ધાડપાડુઓ હવામાં ગોળીબાર કરતાં ત્રિશલા જ્વેલર્સમાં પ્રવેશ્યા, એકને દરવાજે ઉભો રહી ધ્યાન



રાખવાં જણાવ્યું અને બીજાઓમાંથી એકે રાડ પાડતા ''જેમ છો, જ્યાં છો ત્યાંજ ઊભા રહી જવા'' જણાવ્યું, ''એઈ છોકરીઓ'' કહી કાઉન્ટર સંભાળતી બંને છોકરીઓને બધાંજ દાગીના અહી લઈ આવી બેગમાં મુકવા ત્રીજા ધાડપાડુએ કહ્યું, બીજી તરફ ચોથાએ જગદીશને કહ્યું ''જેટલા પણ રૂપિયા છે તે આ બેગમાં મુક અને જરા પણ ચાલાકી કરી છે તો જાનથી હાથ ધોવા પડશે''ની ધમકી પણ ઉચ્ચારી, બપોરના સમયે શેઠ ઘરે જમવા ગયેલ અને દુકાનની સઘળી જવાબદારી તેને શિરે હોઈ બે પળ માટે શું કરવું તે વિચારવા લાગ્યો.

ફરી ધાડપાડુની કરડાકી સંભળાઈ અને છેવટે તેની સૂચનાનું અનુસરણ કરવું પડ્યું. અને માલ સમાન હાથ આવી ગયો તેની ખુશીમાં બે પળ માટે ધાડપાડુઓનું ધ્યાન બીજે જતાં તરત જ તકનો ઉપયોગ કરી જગદીશે ઈમર્જંસી બેલનું બટન દાબી દીધું અને એલાર્મ રણકવા લાગ્યો, જેના કારણે ધાડપાડુંઓ એક ક્ષણ માટે ગભરાઈ ગયા પણ બીજી પળે બંદૂકની ગોળી ધરબી દીધી જગદીશની છાતીમા, તત્ક્ષણ લોહીના ફૂંવારા ઉડયા અને તે ઢગલો થઈ ગયો, હવે બીજી કોઈ ગરબડ થાય તે પૂર્વે જ હાથ લાગેલ સઘળો માલસામાન લઈ રફુ ચક્કર થઇ ગયા ચારેય ધાડપાડુંઓ.

આ દુર્ઘટનાથી આસપાસની દુકાનોમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું, છતાં એક દુકાનદારે ત્રિશલા જ્વેલર્સના માલિક સૌમિલભાઈ સંઘવીને બનેલ બનાવની જાણ કરી અને બીજી જાણ કરી ઘાટકોપર પોલીસ ચોકીમા! દસ-પંદર મીનીટમાં બંને આવી પહોંચ્યા દુકાને, પોલીસે કોઈ પણ વસ્તુઓને હાથ ના લગાડવા જણાવ્યું, તરત ફોટાગ્રાફ્સ લીધા, આંગળીઓના નિશાન લીધા અને એક પછી એક દરેકનું સ્ટેટમેન્ટ લીધા, લાશને પોસ્ટમોર્ટમ માટે રવાન કરી અને વિદાય થયા.

આ તરફ સૌમિલભાઈ પણ પહોચ્યા જગદીશના નશ્વર દેહનો કબજો જલ્દીમાં જલ્દી મળી જાય તેવી કોશિશ કરવા, થોડીક દલીલો અને સમજાવટ બાદ પોસ્ટમોર્ટમની

વિધિ પતાવી જગદીશભાઈ એમ્બુલન્સમાં રવાના થયા ભાંડુપ તેના ઘર તરફ, થોડાક જ સમયમાં પહોંચી ગયા ભાંડુપ. આ તરફ એમ્બુલન્સનો અવાજ સાંભળતાં વિણાની માફક જ આસપાસના પરિવારો પણ જીજ્ઞાશાવશ આવી પહોંચ્યાં, એમ્બુલન્સમાંથી નીચે ઉતરી સૌમિલભાઈએ વિણાબેનને બનેલ બનાવની ટૂંકમાં માહિતી આપી અને જગદીશ આપણી વચ્ચે નથઈ રહ્યોના દુખદ સમાચારથી વાકેફ કર્યા અને આટલું સાંભળતા જ અત્યાર સુધી વિણાએ ધરબી રાખેલ આંસુઓનો ધોધ વહેવા લાગ્યો અને મુખેથી નીકળી એક ચિત્કાર અને વિણા ઢળી પડે ધરા ઉપર તે પહેલા તરત જ દોડી આવી મકાનમાં રહેતી બીજી મહિલાઓ અને બાવળા જાલી વિણાને સંભાળવાનો નિરર્થક પ્રયત્ન કરી રહી.

બીજી બાજું સૌમિલભાઈએ તેમના પડોશીને જગદીશની દીકરીનો સંપર્ક સાધી તરત ઘર તરફ આવવા જણાવ્યું, ૨૦-૨૫ મિનીટમાં કુસુમ પણ ઘરે આવી ગઈ અને સમાચાર સાંભળતા જ તે પણ ચોધાર આંસુએ રડવા લાગી. તેને છાની રાખી તેના બીજા સગા સંબધીઓને જગદીશના આ સમાચારથી વાકેફ કરવા જણાવ્યું તેમાં પાડોશીઓએ પણ મદદ કરી, આઠ વાગતાં તો જગદીશના ઘર પાસે સહુ જમા થઈ ગયા અને રાતે જ અંતિમયાત્રાએ લઈ જવાનું નક્કી કર્યું. એકાદ કલાકમાં અંતિમયાત્રાનો આરંભ પણ થઈ ગયો અને જોત જોતામાં જગદીશનો નશ્વરદેહ પંચમહાભૂતમાં ભળી ગયો. આ સંપૂર્ણ સમય દરમિયાન સૌમિલભાઈ ત્યાંજ હાજર હતાં.

સમય વિતતા કયાં વાર લાગે છે, એક પછી એક કરતાં અગિયાર દિવસ પસાર થઈ ગયા અને આજે બારમું પણ આવી ગયું, આજે સૌમિલભાઈએ દુકાન વહેલી વધાવી લઈને જગદીશના ઘરે આવ્યાં, વિણાબેન તથા કુસુમને પાસે બોલાવીને કહ્યું ''જગદીશ મારી દુકાને કામ કરતો કારકુન માત્ર ના હતો, મારા દીકરા સમાન જ દરજ્જો મેં તેને આપેલ, તે હયાત નથી તેથી આપણી વચ્ચેના સંબંધનો અંત નથી આવી ગયો, ગમે ત્યારે કોઈ પણ નાનું મોટું કામ હોય જણાવજો હું હાજર જ હોઈશ અને આ રાખો તમને આવા કપરાં સમયે કામ લાગશે'' કહી સાથે લાવેલ બેગ વિણાને આપી, જેમાં દશ લાખ રૂપિયા હતા, આ જોઈ સૌમિલભાઈ તરફ નતમસ્તક થઈ આદરભેર બેગ પરત કરતાં વીણા બોલી ''તમારી ઉમદા ભાવનાને હૃદયપૂર્વક બિરદાવું છું પણ મને આ દન ના ખપે, અમારું ગુજરાન થઈ રહેશે,'' ઉચ્ચ સંસ્કાર પામેલી વીણા તરફ માનભેર નજર નાખતાં સૌમિલભાઈ બોલ્યા ''આ તેમનાં બચત, ગ્રેજ્યુઈટી, બોનસ, રજા પગારના જ છે એમ સમજી રાખી લ્યો, મને ગમશે અને મારે માથેથી એક ભાર થોડો હળવો પણ થશે,'' તો પણ સસ્મિત વીણાબેને ઈન્કાર જ કર્યે રાખ્યો. બંને તરફ એકમેક માટે આદર વધતું રહ્યું. છેવટે સૌમિલભાઈની ઘણી વિનંતીઓ બાદ વિણાએ કહ્યું ''તમારું માન રાખવાં કહું છું મને અહીની બાજુની જગ્યામાં કરિયાણાની દુકાન શરુ કરવાની ભાવના છે તેમાં અનાજ વગેરે ભરવા હું એકલાખ એકવીશ હજાર રૂપિયા સ્વીકારું છું બાકીના તમે પરત લઈ જાઓ.''

થોડાક સમયમાં જ સારું મુહુર્ત જોઈ વિણાએ ''જગદીશ કિરાણા સ્ટોર''ની શરૂઆત કરી અને તેનું ઉદ્‌ઘાટન કરાવ્યું સૌમિલબાઈના જ વરદ હસ્તે ! મોકાની જગ્યા હોઈ દુકાન ધમધોકાર ચાલવા લાગી, હવે તો દુકાનની ફાજલ જગ્યામાં પી.સી.ઓ. પણ ચાલુ કર્યો, દુકાનના કામમાં કુસુમ પણ તેનો અભ્યાસ ના બગડે તેની કાળજી લઈ મદદ કરવા લાગી. પૈસો પૈસાને ખેચે તે ન્યાયે ભાડા ઉપર લીધેલ આ દુકાન હવે માલિકી ધોરણે વેચાણથી લઈ લીધી. કુસુમ પણ અભ્યાસમાં તેજસ્વી હોઈ દરમા અને બારમાંની બોર્ડની પરીક્ષાઓ સારા ગુણાંક મેળવી પસાર કરી અને જોત જોતમાં બી.કોમ. ની પદવી પણ હાંસલ કરી લીધી.

હવે કુસુમ માટે માંગા પણ આવવા લાગ્યા, પણ વિણાએ દીકરીની ઈચ્છા જાણ્યા વગર કોઈ પગલું ના લેવાનું ઉચિત માન્યું. એક દિવસ લાગ જોઈ રાતે કુસુમ પાસે બેસી તેના પરિણય માટે તેના વિચાર જણાવવા કહ્યું, સાથોસાથ કોઈ તારી પસંદગી હોય તો પણ કહી દેવા જણાવ્યું, કુસુમ પહેલા તો આનાકાની કરતા કહેવા લાગી ''મમ્મી, મારે લગ્ન નથી કરવા, કારણ હું લગ્ન કરીને જતી રહીશ તો તારું ને આપણી દુકાનનું કોણ ધ્યાન રાખશે ? તું એકલી પડી જશે તો ખાવા પીવાની તું કોઈ કાળજી નહિ કરે, માટે હું આજીવન તારી સાથે જ રહીશ.'' તેના જવાબમાં વિણા બોલી ''મારું અને તારા પપ્પાનું એક સપનું હતું તને કોલેજ સુધી ભણાવી પદવીધારી બનાવી સારા ઘરે પરણવવાનું, હવે તું ઉમર લાયક થઈ ગઈ છે, ઘર પણ સંભાળી લે છે, બહારના બેન્કના કામો પણ કરી લે છે, અને પરણ્યા બાદ પણ તું મારું અને દુકાનનું ધ્યાન રાખી શકે છે માટે ખોટી દલીલબાજી ના કર અને તારો સકારાત્મક જવાબ આપ.'' તો પણ કુસુમ દલીલ કરતાં બોલી ''લગ્નમાં ખર્ચો કેટલો બધો થાય અને આપણા ઘરે મારો એક જ પ્રસંગ હોઈ સમાજમાં જ રહી સહુને નિમંત્રણ ના આપીએ તો પણ ખરાબ લાગે વગેરે વગેરે.'' તેનાં જવાબમાં વિણા બોલી

''આપણે સાદાઈથી પણ લગ્ન કરી શકાય અને હજુ તારા લગ્નમાં ખર્ચ માટે મને કોઈની પાસે હાથ લાંબો કરવો પડે તેવા દિવસો નથી આવ્યા, હાલ યોગ્ય સમય છે એક વય વીતી ગયા બાદ સરળ નહિ રહે, શાંતિથી વિચાર !''

છેવટે કુસુમે સ્વીકારી લીધું કે તે વિવાહ કરશે અને કોલેજકાળમાં જતીન ત્રિવેદી નામનાં યુવક સાથે તેને મૈત્રી થઇ છે, તે આપણા ઘરની પરિસ્થિતીથી માહિતગાર પણ છે, તેની માતાનું કાર અકસ્માતમાં દેહાંત થયું છે, બેન્કમાં નોકરી કરે છે, તેની એક બહેન છે જે મુસલમાન સાથે પરણીને કાયમ માટે લાહોર સ્થાયી થયેલ છે, દીકરીના મુખેથી આટલું સાંભળતા જ વિણાની આંખો ભીની થઇ ગઈ અને કુસુમના ગાલે હળવી ટપલી મારતાં કહ્યું, ''બહુ મોટી થઈ ગઈ છે અને જવાબદાર પણ બની ગઈ છે, હું તો હજી મારી આંગળી પકડીને દોડાદોડી કરતી કુસુમ જ સમજી રહી હતી. તેને જ કારણે હું દુકાનના કામકાજમાં આ તરફ ધ્યાન જ ના આપી શકી, ચાલ હવે બુધવારે બેસતો મહિનો છે, જતીનને આપણા ઘરે જમવા બોલાવ અને પછી શાંતિથી બેસીને તારા લગ્નની વાત પણ કરી લઈશ.'' આટલું સાંભળતા કુસુમ તેની માને વળગી પડી અને હર્ષના બેચાર અશ્રુ બિંદુ પણ સારી લીધા.

બુધવાર અને બેસતો મહિનો આવી પહોચ્યો, સાંજ માટેની તડામાર તૈયારીઓ સવારથી જ આરંભાઈ ગઈ, જગદીશના ગયા બાદ ખુશીઓ આ તરફ ફરકવાનું ભૂલી ગયેલ તે ઘર ફરી જોરશોરથી ધબકવા લાગ્યું, અને આવી પહોચી સાંજની એ પળ જેની સવારથી કાગડોળે રાહ જોવાતી હતી, મહેમાનોને બેસાડી સરભરા કરવાનું શરુ થયું અને સાથોસાથ ઓળખાણ પરિચયનો દોર પણ સંભાળી લેવાયો, કુસુમ અને જતીનના મુખે આવેલ એક અનેરી ચમક બન્ને વડીલોની નજરથી બાકાત ના રહી શકી અને ઉભય પક્ષે સાદગીથી વેવિશાળ અને પરિણય વૈશાખ સુદ ૩, અખાત્રીજના શુભ દિવસે કરવાનું સ્વીકારવામાં આવ્યું અને મોઢું ગળ્યું કરી શુકન કરાયા.

લગ્ન અવસર જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ કામો વધવા લાગ્યા, પત્રિકાઓ છપાઈ ગઈ, લખાઈ ગઈ અને વિતરણ પણ થવા લાગ્યું, સર્વત્ર ખુશીનું એક વાતાવરણ સર્જાઈ ગયું.

એક પત્રિકા જગદીશના શેઠ સૌમિલભાઈને પણ આપવામાં આવી, અને ફરી સૌમિલભાઈ બોલ્યા, ''આ લગ્નનો ખર્ચ મને કરવા આપો વિણાબેન આપણે ખુબ ધામધૂમથી દરેક પ્રસંગ ઉજવીશું,'' ફરી વિણાબેન નકાર કરતાં કહ્યું, ''મારા વેવાઈની પરિસ્થિતી જોયા બાદ આ નિર્ણય લીધો છે, એટલે કાર્યક્રમમાં કોઈ ફેર નહિ પડે પણ તમે પરિવાર સાથે જરૂર પધારજો'' કહી સ્મિત વેરી વિણાબેન તેમનાં ઘરેથી વિદાય થયા.

અખાત્રીજના આગલા બે દિવસથી પીપરમેન્ટવાળા એસ્ટેટ રોશનીથી શણગારવામાં આવેલ, અને લગ્નના દિવસે કમ્પાઉન્ડમાં સવારથી ઢોલ ઢબૂકવાં લાગ્યા, બેન્ડની સૂરીલી સંગીત સફરની સાથે જ જાન આવી પહોચી પરિણય માંડવે, પોંખવાની ને વરમાળા બદલાવવાની વિધિ પણ પૂર્ણ થઈ અને યથા યોગ્ય ચોઘડિયે હસ્તમેળાપ પણ થયો અને ચોરીના ચાર ફેરા પણ ફરાઈ ગયા. હવે કુસુમ જગદીશ પંડ્યા બની શ્રીમતી કુસુમ જતીન ત્રિવેદી.

વિદાયના મુહુર્તે વિધિ સંપન્ન કરતાં મા-દીકરીના આંખોમાંથી વહેતી ગંગા જમુના બંધ થવાનું નામ ના લેતી. બન્ને જગદીશને યાદ કરી કરીને અશ્રુઓ સારતા સારતા ભારે હૈયે વિદાય થયા અને સવારની ધમાલ શાંત થઈ ગઈ.

દીકરી જમાઈ પોતાના ઘરે એકદમ ખુશ હતા, વારે તહેવારે વીણાને ઘરે આંટો ફેરો કરી આવતાં. પણ તેનેય સાસરીયું સંભાળવાનું હોઈ આટાફેરા કરવા ધીરે ધીરે ઓછા થવા લાગ્યા.

ઘર અને દુકાનની બે જવાબદારીઓ હવે વિણાના એકલાં હાથે સંભાળી શકાતી નહોતી, વારંવાર નાની મોટી માંદગીઓનો શિકાર બનવા લાગી, થોડો સમય તો ખેચ્યાં રાખ્યું પણ છેવટે એક દિવસ સ્વાસ્થ્ય વધુ બગડતા હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા ત્યારે ડોક્ટરની પાસેથી મળેલ માહિતી મુજબ તેમને થોડો શ્રમ પણ શ્વાસની તકલીફ વધારનાર બની રહે છે માટે દુકાનનું સુકાન સંભાળવા કોઈ વ્યક્તિને રાખવો પડશે અથવા દુકાનને માંગલિક રાખવી પડશે.

આ બાબતે ચર્ચા કરવાનો હાલમાં અનુકુળ સમય નથી, એક વખત વિણાબેનને સ્વસ્થ બની હોસ્પિટલમાંથી ઘરે આવી જવા દ્યો પછી વાત. એમ કહી જતીને નાહકની ચર્ચા ઉપર પૂર્ણવિરામ મુકી દીધું. ત્રણ દિવસમાં તો વિણાબેન સાજા બની ઘરે આવી ગયા, પણ દુકાન હજી પણ માંગલિક જ રાખી. એક દિવસ તક મળતાં જમાઈએ કહ્યું ''તમને દુકાનનો શ્રમ વધુ પડે છે માટે હવે દુકાનનું કામ આપણે મૂકી દેવું જોઈએ,'' ઉત્તર આપતાં વિણાબેન બોલ્યાં ''જગદીશના ગયા બાદ આ જ મારી આજીવિકાનું સાધન છે માટે તેને બંધ નહિ કરી શકાય, પણ જો આપણે યોગ્ય લાગે તો એકાદ ભણેલાં ભાઈ કે બહેનને મદદમાં રાખો તેને પણ આવક થશે અને મારું પણ ગુજરાન ચાલશે,'' ''ના બેટા, હું સ્વાભિમાનથી જીવતા શીખી છું જ મને તે

પર્યાય મંજુર નથી,'' ઘણી દલીલબાજીને અંતે વિણાની ઈચ્છા મુજબ એક આધેડ વયના શારદાબેન તેની દુકાને કામ કરવા નિયુક્ત કર્યા.

થોડોક સમય પસાર થતાં કુસુમના સારા દિવસો રહ્યા અને સુવાવડ માટે પિયર આવી ગઈ, અને પ્રસુતિ વેદના પણ ઉપડી, જમાઈને બોલાવ્યા અને હોસ્પિટલમાં લઈ જવામાં આવી, લેબરરૂમમાં કુસુમની વેદના વકરી અને તાબડતોબ તાજા લોહીની વ્યવસ્થા કરવા ડોક્ટર દ્વારા તાકીદ કરાઈ, વિણાએ કહ્યું મારું ને કુસમનું લોહી એક જ ગ્રુપનું છે અને હું દીકરીને રક્તદાન આપવા તત્પર છું કહી ડોક્ટરની સૂચના અનુસારના ઓરડામાં જઈ લોહીના ગ્રુપની તપાસ કરી તો બંનેનું એક ગ્રુપ હતું તેથી તાજું લોહી ચઢાવવાનું શરુ થઈ ગયું, બે બોટલ રક્તદાન કરી દીકરી આને તેની નવજાત દીકરીનો જીવ બચાવી લીધો વીણાએ. ચાર દિવસનો આરામ કરી માં દીકરીને ઘરે જવાની રજા અપાઈ.

ઘરે આવ્યાને પખવાડિયામાં જ વિણાની તબિયત લથડી અને તેને ICU આઈ.સી.યુ. માં દાખલ કરાયા, બે દિવસની સારવાર બાદ પણ તબિયતમાં કોઈ સુધારો ના જણાયો ત્યારે વિણાએ જતીનને કહ્યું મારે તાબડતોબ એક વીલ બનાવવું છે માટે વકીલની વ્યવસ્થા કરી આપ મને મારો અંત નજર સમક્ષ દેખ્યા છે.

તેના કહ્યા મુજબ જતીને એક વકીલને હોસ્પિટલમાં બોલવ્યો અને વિણા એક પછી એસ વસ્તુઓ દીકરી જમાઈ કે સંસ્થાને આપવા લખાવવા માંડી અને છેલ્લે જગદીશના મૃત્યુ બાદ અનાજ ભરવા સૌમિલભાઈએ આપેલ એક લાખ એકવીશ હજારમાં વ્યાજ ઉમેરી ચાર લાખ છવ્વીસહજાર આપવાનું લખાવ્યું. શારદાબેનને પણ અગિયાર હજાર આપવા કહ્યું અને વકીલ સાહેબ ને કહ્યું ''મારી સહી કરાવી લ્યો, હું કોઈ પણ ક્ષણે શ્વાસ ત્યજી દઈશ,'' સુચના મુજબ સહી કરી વીણાએ, બીજી સહી વકીલ સાહેબે કરી, સાક્ષીમાં સહી લીધી ડોક્ટરની અને જમાઈની, અને બીજી જ પળે સમાધિપૂર્વક દેહ ત્યાગ કર્યો વિણાએ...!

❖❖❖

---

# ના કહેવાની શક્તિ

**વિનોબા ભાવે**

**એ**ક માણસને રાક્ષસ ઉપાડી ગયો. પછી તેની પાસે ખૂબ ખૂબ કામ કરાવે. આરામનું તો નામ જ નહીં. જરા ચૂં કે ચાં કરે કે રાક્ષસ ધમકી આપે કે, તને ખાઈ જઈશ.

આખરે પેલા માણસે વિચાર્યું કે આવું તો કયાં સુધી ચાલે ? એટલે એક દિવસ એણે કહી પાડ્યું કે, જા, કામ નથી કરવાનો; તારે મને ખાવો હોય તો ખાઈ જા !

પણ રાક્ષસે કાંઈ એને ખાધો-બાધો નહીં, કેમકે એક વાર એને ખાઈ જાય તો પછી રાક્ષસનું કામ કોણ કરે ? પછી માણસમાં વધુ હિંમત આવી. એણે કહ્યું કે, વગર મજૂરીએ કામ નહીં કરું. તો રાક્ષસ મજૂરી પણ આપવા લાગ્યો.

આ ના કહેવાની શક્તિ - તમારા ખોટા કામમાં સહકાર નહીં આપું, એમ કહેવાની શક્તિ - આપણામાં આવવી જોઈએ. અને તેમ કરતાં મરવું પડે, તો મરવાની પણ તૈયારી આપણે રાખવી જોઈએ.

બાળકોને આવી નિર્ભયતા શીખવવી જોઈએ. તેને બદલે આજે તો માબાપ બાળકોને માર મારીને ધાક બેસાડવા પ્રયત્ન કરે છે. તેનાથી છોકરાં ડરપોક બને છે. છોકરો નિશાળે નથી જતો. બે-ત્રણ વાર સમજાવ્યો છતાં ન માન્યો, એટલે તેને માર્યો. પેલો ડરતો ડરતો નિશાળે જવા લાગ્યો. તે નિયમિતતા શીખ્યો, પણ તેણે નિર્ભયતા ખોઈ. એક રૂપિયો મેળવ્યો અને સાટામાં સો રૂપિયા ખોયા ! અને પેલી નિયમિતતા પણ પાકી થોડી જ થઈ ? પિતાજી ગયા, કે અનિયમિત વહેવાર શરૂ થયો.

હજારો માબાપો માર મારી મારીને છોકરાંને ડરપોક બનાવે છે. પછી જુલ્મી લોકો આ ડરપોકપણાનો લાભ ઉઠાવે છે. આમ જુલ્મી લોકોનાં રાજ્ય ચાલે છે તેની બધી જવાબદારી બાળકોને મારનારાં માબાપોની છે.

આશ્ચર્યની વાત તો એ છે કે માતામાં આટલી બધી શ્રદ્ધા રાખનારા, મા જે કહે તે માની લેનારા - મા ચાંદો કહે તો ચાંદો અને સૂરજ કહે તો સૂરજ - એવા છોકરાને મારપીટ કરવાનો વારો આવ્યો ! આનો અર્થ એ કે તે માબાપોની નાલાયકી છે.

બાળકોને તો નિર્ભય બનાવવાં જોઈએ. છોકરાને મારપીટ ન કરવી જોઈએ. બલ્કે એને તો એમ શીખવવું જોઈએ કે, કોઈ ડર બતાવીને કે મારપીટ કરીને તારી પાસે કાંઈ કરાવવા માગે, તો હરગિજ તેમ ન કરતો !

આવી તાકાત દેશનાં બાળકોમાં, નવજવાનોમાં આવશે ત્યારે દેશની શક્તિ વધશે.

# અહેસાનમંદ

શરદ મણિયાર

''**અલ** ઝહારા હોસ્પિટલ - દુબઈ'' ના વોર્ડ નં. ૫૦૪ માં પલંગ પર પડેલા સૈયદને હોશ આવ્યો એટલે આંખો ખોલીને સામે એક લેડી ડોક્ટર અને એક નર્સ ને જોઈને ખૂબ જ અચંબીત થઈ ગયો અને માંડ આટલું જ બોલી શક્યો, 'હું અહીંયા કેવી રીતે આવ્યો ?' તો તરત જ લેડી ડોક્ટરે જવાબ આપ્યો, 'ભાઇ, તમે આજે બપોરે શેખ ઝાયેદ રોડ પર સિગ્નલ ક્રોસ કરવા જઈ રહ્યા હતા અને એકાએક ચક્કર ખાઈને રસ્તાની વચ્ચે પડી ગયા એટલે તમને અહીં લાવવામાં આવ્યા છે. હવે તમને કેમ લાગી રહ્યું છે'. 'હા હું ઠીક છું'!. સૈયદ થી માત્ર એટલું જ બોલાયું. 'સરસ, શું નામ છે તમારું અને દુબઈમાં ક્યાં રહો છો ?'. ડોક્ટરે વધુ એક જરૂરી સવાલ કર્યો. 'મેડમ, મારું નામ સૈયદ અન્સારી છે અને હું બર દુબઈના મીના બજારમાં રહું છું'. 'ઓકે, હું ડો. શિવાની ગુપ્તા અને અહીંયા તમારી સારવાર કરવાની જવાબદારી મને સોંપવામાં આવી છે.'ડોક્ટરે ચોખવટ કરી. 'તો પ્લીઝ હવે મને કહો કે તમને એક્ઝેટલી શું તકલીફથી ચક્કર આવ્યા ?' ડોક્ટરે આગળ ચલાવ્યું. પણ સૈયદ એ એમનો જવાબ આપવાનું ટાળ્યું અને નતમસ્તકે ચૂપ રહ્યો તો ફરી ડોક્ટર શિવાનીએ આગ્રહ ભર્યા અવાજમાં પાછો એ જ સવાલ પૂછ્યો તો હવે સૈયદ થી રહેવાયું નહીં અને એક બાળક ની જેમ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો એ જોઈને ડોક્ટર શિવાની અને તેમની સાથે ઊભેલી બંને નર્સો સ્તબ્ધ થઈ ગયા. 'અરે, અરે સૈયદ, તમે શું કામ રડો છો, તમને શું પ્રોબ્લેમ છે'? ડોક્ટર શિવાનીએ પ્રેમાળ સ્વરે એના ખભે હાથ મૂકીને પૂછ્યું. 'મેડમ છેલ્લા ૧૫ દિવસથી મેં પેટ ભરીને ખાધું નથી, ફક્ત એક ટાઈમ સાંજે બે તંદુર રોટી પાણી સાથે ખાઈ લઉં છું અને નોકરીની તલાશમાં અહીંયા થી ત્યાં પગપાળા જ ભટકું છું એટલે અશક્તિના કારણે મને ચક્કર આવી ગયા હશે. ''ઓહો સમજી ગઈ, પહેલા તમે પેટ ભરીને જમી લ્યો પછી આપણે એ વિષે વધુ વાત કરીએ. લગભગ એકાદ કલાક બાદ તેઓ પાછા સૈયદના



વોર્ડમાં આવ્યા ત્યારે સૈયદના ચહેરા પર સ્વાદિષ્ટ ભોજનથી પેટ ભરાયાનો સંતોષ અને ચમક જોઈ ખુશ થયા એટલે સીધું પૂછી લીધું, ''સૈયદ તમને અહીંના રસ્તાઓ ઉપર કાર ચલાવવી ફાવશે ?'' તો સૈયદે ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો, 'હા, હા કેમ નહીં મેડમ ? ''તો ઠીક છે''. એમ કહીને એમણે પોતાના પર્સમાંથી પૈસા કાઢ્યા અને સૈયદના હાથમાં મૂકીને બોલ્યા, ''કાલે સવારના ૦૯:૦૦ વાગે મારા ઘરે આવી જજો તમારી નોકરી અને રહેવાનું મારા ઘરે પાક્કું''. ડો. શિવાનીનો પ્રસ્તાવ સાંભળી સૈયદ એકદમ ગળગળો થઈ ગયો, આંખોથી હરખના આંસુઓ ટપકવા માંડ્યા એટલે એ બિસ્તર પરથી ઉભો થઈ હાથ જોડીને ફક્ત એટલું જ બોલી શક્યો, ''મેડમ, તમારો આ અહેસાન હું ક્યારેય નહીં ભૂલીશ, પણ સમય આવે તો એને ચૂકવવાની કોશિશ પણ જરૂર કરીશ''. તો ડો. શિવાનીએ મધુર સ્મિત આપી બોલ્યા, ''અરે એમાં અહેસાન કેવો ? જોગાનું જોગ મારો જુનો ડ્રાઈવર એના ગામે ગયો છે અને પાછા આવવાનું નામ નથી લઈ રહ્યો એટલે તમે જો મારી ગાડી સંભાળી લો તો મને બહુ જ મોટી રાહત થાય અને હું મારા બહુ મોટા ઘરમાં એકલી જ રહું છું તો મને ઘરના કામકાજમાં પણ તમારી મદદ મળી રહેશે''. લગભગ છ મહિના સુધી બધું રાબેતા મુજબ ચાલતું રહ્યું. સૈયદે ડો. શિવાનીના કાર ચલાવવાની ફરજ તો બખૂબી નિભાવી અને સાથે સાથે એમના ઘરના નાના-મોટા કામોની જવાબદારી પણ બહુ જ સહજતાથી ઉપાડી લીધી હતી. એના વાણી, વર્તન અને વ્યવહારથી તેઓ ખૂબ જ પ્રભાવિત હતા. એક મધરાતે સૈયદ બાથરૂમ જવા ઉઠ્યો, પોતાના રૂમથી લિવિંગ રૂમના બાથરૂમ સુધી જઈ રહ્યો હતો ત્યાં જ શિવાનીના રૂમમાંથી કોઈના વાત કરવાનો ધીમો અવાજ એના કાને પડ્યો. પહેલા તો એને કંઈ ભ્રમ થયો હોય એવું લાગ્યું પણ પછી આ અવાજ થોડો વધુ તીવ્ર થયો તો સૈયદને ખાતરી થઈ ગઈ કે આ અવાજ તો શિવાનીના રૂમમાંથી જ

આવે છે એટલે થોડું આશ્ચર્ય તો થયું કારણ કે છેલ્લા છ મહિનાથી એ જાણે છે કે આ ઘરમાં એના અને શિવાની સિવાય અન્ય કોઈ રહેતું જ નથી તો પછી આમ અડધી રાત્રે એમના રૂમમાં કોણ આવ્યું હશે ? વધુ આશ્ચર્ય તો હવે એ વાતનું થયું કે એ ધીમો ગણગણાટ કોઈ પુરુષ સાથે વાતચીત નો હતો એટલે એ વિચાર માં પડી ગયો લાગ્યું કે મેડમ આ રીતે કોઈ પુરુષને શા માટે પોતાની રૂમમાં બોલાવે. પણ પછી એને એ વિચાર પણ આવ્યો કે મારે મેડમના અંગત જીવનમાં શા માટે માથું મારવું ? અને એ રીતે મન મનાવીને એ પાછો પોતાના રૂમમાં જઈ રહ્યો હતો ત્યાં જ શિવાની ની ચીસ સાંભળીને એ સ્તબ્ધ થઈ ગયો અને કંઈ કંઈક અજુગતું બન્યું હોવું જોઈએ એ ઉચાટમાં દોડતો શિવાનીના રૂમ તરફ ધસી ગયો તો એણે જોયું કે કોઈ બે અજાણ્યા પુરુષો ખૂબ જ આક્રોશ ભાવે એની રૂમમાંથી બહાર આવ્યા અને શિવાનીને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે, ''કાલનો છેલ્લો દિવસ છે, અમારું કામ પતાવવાનો, નહીંતર તારી ખેર નથી''. એટલું કહીને એ બંને વ્યક્તિઓ ઘરની બહાર નીકળી ગયા પણ સમય સૂચકતા વાપરીને સૈયદ ઝડપભેર શિવાનીના રૂમ માં પ્રવેશ્યો તો એણે જોયું કે શિવાની પલંગ પર રડમસ ચહેરે બેસી ગઈ હતી પણ તરત ઊભી થઈને બોલી ઉઠી, ''સૈયદ, શા માટે મારી રૂમમાં આવ્યા તમે ?'' ''મેડમ મને માફ કરજો, પણ આ બધું શું છે ? કોણ હતા એ લોકો, અને તમને શા માટે આ રીતે ધમકી આપીને ગયા ?'' ચિંતિત સ્વરે સૈયદ એ પૂછ્યું તો શિવાનીએ ઠપકાના ભાવ સાથે બોલ્યા, ''જો સૈયદ એ મારો અંગત મામલો છે, તારે એમાં પડવાની જરૂર નથી.'' ''કેમ નથી મેડમ, હું તમારું નમક ખાવ છું તો એ નમક નું ઋણ અદા કરવું એ મારી ફરજ છે, તમે પ્લીઝ ડરો નહીં અને બેજીજક મને બધી વાતથી વાકેફ કરો. તો ડોક્ટર શિવાનીએ રડતા રડતા કહ્યું, ''શું કહું તને ? તું શું કરી શકીશ, એ લોકો અહીંના રહેવાસી છે, બહું વગદાર અને ખતરનાક લોકો છે, મારું તો ઠીક તારું પણ જીવન દુષ્કર કરી નાખશે !'' પણ સૈયદ મક્કમ હતો, ''મેડમ મારી ચિંતા તમે નહીં કરો, મને તમારી મદદ કરવા દો, પ્લીઝ કહો કે આખરે યહ માજરા ક્યા હૈ ?''. સૈયદના સ્વરમાં આત્મવિશ્વાસ ની લાગણી જાણીને ડો. શિવાની પણ થોડી હિંમત એકઠી કરીને ધીરે ધીરે કહેવા લાગ્યા, ''મારી હોસ્પિટલમાં ફાતિમા શેખ નામની એક આધેડ વયની પેશન્ટની હું સારવાર કરી રહી છું. એને ગયા અઠવાડિયે હાર્ટઅટેક આવ્યો હતો પણ તરત ઈલાજ મળવાથી એ બચી તો ગઈ પણ આ બે વ્યક્તિઓ જે એમના દીકરા છે તેઓ નથી ઈચ્છતા કે એ બચી જાય, એટલે મારા પર દબાણ કરી રહ્યા છે કે મારે એને કોઈ ખોટી દવા આપી અને એવી રીતે સારવાર કરવી કે એ લેડી હોસ્પિટલમાં જ દમ તોડી દે.'' આ સાંભળીને સૈયદની બંને આંખો પહોળી થઈ ગઈ, ''સગા દીકરા એવું ઈચ્છે છે તેમની માં ગુજરી જાય ?'' ''સગા દીકરા નથી, ઓરમાયા છે. ફાતિમા શેખના પતિની પહેલી બીબીના દીકરા છે અને એમના વાલીદ ના ગુજરી ગયા પછી એમની બધી મિલકત હાલ ફાતિમા ના નામે છે, અને એના પતિના વસિયત મુજબ ફાતિમાના જીવતા જીવ એ લોકોને આ મિલકતમાંથી કંઈ મળે એમ નથી એટલે એ લોકો કોઈપણ ભોગે એ બિચારીને મરાવી દેવા હવે મારા પર દબાણ કરી રહ્યા છે. પહેલા તો એ લોકો એ મને આ કામ માટે દસ લાખ દિરહામની લાલચ આપી પણ એ મેં નહીં સ્વીકારી તો કેમ જાણે ક્યાંથી એ લોકોએ ઈન્ડિયામાં મારા મમ્મી પપ્પા ની ભાળ કઢાવી લાવ્યા અને હવે મને ધમકી આપે છે કે જો હું એમની વાત નહીં માનું તો એ લોકો મારા મા બાપની હત્યા કરાવી દેશે, તો હવે શું કરવું એજ નથી સમજાતું''. ''પણ મેડમ તો તમે પોલીસમાં ફરિયાદ કેમ નથી કરી દેતા ?'' સૈયદ એ પૂછ્યું તો ડોક્ટર શિવાનીએ રડતા રડતા જવાબ આપ્યો, ''ફરિયાદ કેવી રીતે કરવી, એમના વિરુદ્ધ કોઈ પુરાવા પણ તો નથી મારી પાસે અને હવે સમય પણ નથી. આજે સાંજ સુધી જો હું એમનું કામ નહીં કરું તો મારા મમ્મી પપ્પા શું થશે એની ચિંતા મને સતાવી રહી છે'' તો સૈયદ પણ એકદમ વિચારોમાં ખોવાઈ ગયો પણ પછી તરત એને એક તુક્કો સૂઝ્યો, ''મેડમ એમના જ પાપની કહાની એમની જ જુબાની કરાવીએ તો કેવું ?''. ''એટલે હું કાંઈ સમજી નહીં'' શિવાની મૂંઝાયા. તો હવે સૈયદે વધુ દ્રઢ સ્વરમાં જવાબ આપ્યો, ''મેડમ, હવે તમે નિરાંતે સુઈ જાવ, આપણે કાલે વ્હેલી સવારે જ પોલીસ સ્ટેશનમાં જઈને બાકીનું આયોજન ત્યાં જ કરશું.'' અને નક્કી કર્યા મુજબ તેવો બંને નજીકના પોલીસ સ્ટેશને પહોંચી ગયા. ડ્યુટી પર હાજર એ વરિષ્ઠ ઓફિસરે એમની બધી વાત સાંભળી અને હવે જરૂરી હતું એ બંને ભાઈઓ વિરુદ્ધ સબળ પુરાવા એકઠા કરવાનું એટલે એમની સુચના મુજબ શિવાનીએ પેલા ભાઈને ફોન લગાડ્યો અને ફોન સ્પીકર પર રાખ્યો, સામેથી મોટાભાઈ વસીમ નો અવાજ સંભળાયો, ''બોલો ડો. શિવાની કેમ આમ અચાનક આટલી વ્હેલી સવારે મને જગાડ્યો !''. ''હા ભાઈજાન તમારા જ કામ માટે ફોન કર્યો છે''. શિવાનીનો જવાબ સાંભળી એણે પ્રશ્ન કર્યો, ''ઓહ, તો શું તમે તૈયાર છો'' ? ''હા પણ'' શિવાની ની

વાત વાસીમે કાપી, ''પણ શું ?''. ''વસીમભાઈ, તમારા કહેવા પ્રમાણે તમારાા મમ્મીજાન ને ઊંઘમાં જ પતાવી દેવા માટે તમે જે દસ લાખ દિરહામ ઓફર કર્યા છે એ ખૂબ જ ઓછા છે'' શિવાનીએ જવાબ આપ્યો તો વાસીમ બોલ્યો, ''ઓહ, તો તમને હવે લાલચ લાગી છે એમને ?'' ''ના ભાઈ, એવું નથી'', શિવાનીએ ખુલાસો કર્યો, ''પણ આટલું ખતરનાક કામ કરવા માટે મારે ખૂબ જ સાવચેતી રાખવી પડશે અને બે બે નર્સો ને પણ વિશ્વાસમાં લેવા પડશે, એમને પણ પાંચ પાંચ લાખ આપવા પડશે''. ''મંજૂર છે, પણ આ કામ આજે થઈ જવું જોઈએ'' વસીમે વાત સ્વીકારી. તો શિવાની બોલી, ''આજે મોડી રાત સુધી તમારા અમ્મીજાન જન્નત નસીન થઈ જશે, પણ એના માટે અમને એડવાન્સ પૈસા જોઈશે''. ''મળી જશે''. વસીમનો ઉત્સાહ જોઈને ડોક્ટર શિવાનીએ હવે છેલ્લો વાર કર્યો, ''પણ હમણાં જ જોઈશે, તમે મારા ઘરે આપવા આવી શકશો ?''. શિવાની ની વાતોની જાળમાં વસીમ ફસાઈ ચૂક્યો હતો. ''હું નહીં આવું, પણ મારો નાનો ભાઈ શાહિદ થોડીવારમાં તમારા ઘરે પહોંચી જશે''. વાત પૂરી થઈ અને એનું રેકોર્ડિંગ પણ થઈ ગયું એટલે પોલીસની એક ટીમ ડોક્ટર શિવાનીના ઘરે પહોંચી અને એક છુપા કેમેરા લઈને એના ઘરના પડદા પાછળ છુપાઈ ગઈ. પોલીસની બીજી ટીમે હોસ્પિટલ પહોંચીને ફાતિમા શેખ ને વિશ્વાસમાં લઈને એના કપૂતો ની વાતનું સમર્થન કરી લીધું. નાનો ભાઈ શાહિદ શિવાનીના ઘરે પહોંચીને એના હાથમાં નોટોનું બંડલ પકડાવી રહ્યો હતો ત્યાં જ પડદા પાછળ છુપાયેલ પોલીસે બહાર આવીને એને દબોચી લીધો અને પોલીસની ત્રીજી ટીમે મોટાભાઈ વસીમને એના ઘરેથી જ ગિરફતાર કરી લીધો. આટલી મોટી આફતનું નિરાકરણ આટલી ઝડપી અને સહેલાઈથી કરાવવા બદલ ડો. શિવાની ખૂબ જ ભાવુક થઈ ગયા અને સૈયદ સામે હાથ જોડીને એટલું જ બોલ્યા, ''સૈયદભાઈ આજથી હું સદાય તમારી અહેસાનમંદ રહીશ.''

❖❖❖

---

## ટહુકો ગયો રહી

આ ઓરડો, આ ઓસરી, આ ફળિયું પણ હવે
લાગે બધાં સૂનાં સૂનાં માના ગયા પછી....
ઊડી ગયું પંખી અને ટહુકો ગયો રહી
લો, ઘૂઘવે દરિયા લૂના માના ગયા પછી.

– લાલજી કાનપરિયા


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

**New RATE CARD Effective from April 2021**

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**
**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**
**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

# સમાચાર સંકલન

## ઝાલાવાડી મહિલા મંડળ - બોરીવલી

તા. ૧૩-૧૧-૨૦૨૫ ના દિવસે બોરીવલી ઝાલાવાડી મહિલા મંડળ તરફથી ૨૦૨૫ નો ૬ ઠ્ઠો પ્રોગ્રામ સરગમ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા -સુરીલા ગીતોની સથવારે રાખવામાં આવ્યો હતો.

મંગલકારી મહામંત્ર નવકારથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પ્રમુખ નલીનીબેને સર્વનું હાર્દિક સ્વાગત કર્યુ. વર્ષાબેને ૨૦૨૫ વર્ષ દરમ્યાન કરેલા કાર્યક્રમોની ઝલક આપી. સરગમ ઓરકેસ્ટ્રા આકાંક્ષા આચાર્ય એન્ડ પાર્ટી તરફથી જુના અને નવા ફીલ્મી ગીતો ખૂબજ સુમધુર કંઠમાં રજુ કરવામાં આવ્યા. સંગીતના તાલે સભ્ય બહેનો મન ભરીને ઝુમી ઉઠયા. અંતમાં ગરબાની રમઝટ બોલાવી. કમિટી મેમ્બર્સ તરફથી સરપ્રાઈઝ ઈનામો આપવામાં આવ્યા. સેક્રેટરી તેજલબેન તથા સર્વ કમિટી મેમ્બર્સની મહેનત, ઉષ્માભર્યો સાથ અને સહકારથી કાર્યક્રમ સફળ થયો જે અમારાં મંડળનો આધારસ્તંભ છે. બહેનોએ પણ સારી સંખ્યામાં હાજર રહી ખૂબજ આનંદ અને હર્ષથી પ્રોગ્રામ માણ્યો. અંતમાં મનગમતા સ્વાદિષ્ટ ભોજન અને આઈસક્રીમ લઈને આનંદ અને પ્રસન્નતા સાથે સૌ છૂટા પડ્યા.

♦♦♦

## ઝાલાવાડ જૈન સમાજ રાજકોટ દ્વારા યોજાયો ત્રિવિધ કાર્યક્રમ

### તેજસ્વી છાત્રોનું સન્માન, તપસ્વીઓનું બહુમાન, વડીલવંદના-સ્નેહમિલન યોજાયું

ઝાલાવાડ જૈન સમાજ દ્વારા તાજેતરમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તેજસ્વી તારલાઓનું સન્માન, તપસ્વી બહુમાન તથા વડીલ વંદના સમારોહ સાથે સ્નેહમિલન યોજાયું હતું.

કાર્યક્રમ અંતર્ગત તેજસ્વી છાત્રોને પ્રોત્સાહિત કરવાની સાથોસાથ વડિલોને સન્માનપત્ર, શાલ, વિશે ઉપહારો અપાયા હતા. સાથો સાથ સ્નેહમિલન તથા તપસ્વીઓનું બહુમાન કરાયું હતું.

કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ બેંગલોર, ભાવનગર, સૌરાષ્ટ્ર મહારાષ્ટ્રથી મહેમાનો ઉપસ્થિત હતા. સમાજના પ્રમુખ પારસભાઈશાહના માર્ગદર્શનમાં મેહુલભાઈ રવાણી સહિતના કાર્યરત હતા. આ તકે રાજકોટના રજીસ્ટર્ડ સભ્યોને લોનાવાલા, મહાબળેશ્વર, લીંબડી, સુરેન્દ્રનગરમાં સેનેટોરિયમમાં રાહત દરે રૂમો તથા વિદ્યાર્થીઓને અમદાવાદમાં ૧૦ એસી રૂમ જરૂરિયાત પ્રમાણે અપાશે તેમ જણાવ્યું હતું. વિવિધ દાતાઓ હેમેન્દ્રભાઈ મનસુખભાઈ શાહ ભાડલાવાળા, પ્રદીપભાઈ રમણીકલાલ ગોસલિયા, અશોકભાઈ પી. દોશી, ભરતભાઈ અજમેરા વગેરેનો સહયોગ રહ્યો હતો.

♦♦♦

## શ્રી નાથાભવન કૌટુંબિક મંડળ મુંબઈ

તારીખ ૨-૧૧-૨૦૨૫ રવિવાર ના રોજ શ્રી નાથાભવન કૌટુંબિક મંડળ મુંબઈનું નૂતનવર્ષાભિનંદન નિમિતે એક સંમેલનનું કમિટી એ ખુબ જ સુંદર રીતે આયોજન કરેલ, સંમેલન અંધેરી (વેસ્ટ)માં પઠારે પ્રભુ ચેરિટીઝ હોલ ખાતે આયોજિત કરેલ.

૬.૩૦ વાગે પોગ્રામની શરૂઆત થઈ. સૌથી પહેલા નવકાર મંત્ર અને માતાજીની સ્તુતિ સાથે શુભ શરૂઆત થઈ. શ્રી મધુભાઈ શાહ અને શ્રીમતી ધીરજબેન દાદભાવાળાનું શાલ ઓઢાડને બહુમાન કરેલ, ત્યારબાદ તેઓના હસ્તે લગભગ ૧૮ વ્યક્તિનું ૭૫થી ઉપરના સિનિયર સિટીઝન કુટુંબીજનોનું શાલ ઓઢાડી ને બહુમાન કરેલ, તેમજ તેઓના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીને પારિતોષિક આપીને સન્માન કરેલ તથા ઉગ્ર તપસ્વીનું બહુમાન કરવામાં આવેલ.

ત્યારબાદ મ્યુઝિકલ હાઉઝીનું ખુબ જ સુંદર અને આનંદદાયક ગેમ રમાડેલ, દરેક કુટુંબીજનો એ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. લક્કી નંબર તેમજ ગેમમાં ઘણા સારા ઈનામ પણ રાખેલ. લગભગ ૨૫૦ કુટુંબીજનો આવેલા, આ વર્ષેકમિટી એ ખુબ જ મહેનત કરીને આ પોગ્રામ ને ચાર ચાંદ લગાવેલ છે, લગભગ ૯.૩૦ વાગે પોગ્રામ પૂરો થતા દરેકે સ્વાદિષ્ટ ભોજન લઈને સૌ છુટા પડ્યા.

♦♦♦

## જીવનને સફળ બનાવવા રિપોર્ટર નહીં સપોર્ટર બનો : ધીરગુરુદેવ

શ્રી જાંબુવાળા સ્થાનકવાસી જૈન ઉપાશ્રય સુરેન્દ્રનગર ખાતે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં ચિંતન જાંબુવાળા આરાધના ભવનના વૈયાવચ્ચ દાતાઓનું સન્માન મોમેન્ટો થી કરાયું હતું. સમારોહમાં પૂ. પ્રતિભાજી મ.સ., પૂ. હિતજ્ઞાજી મ.સ., પૂ. પ્રીતિજી મ.સ., પૂ. આસ્થાજી મ.સ., પૂ. જ્યોત્સનાજી મ.સ., પૂ. મીનાજીમ.સ. આદિ તથા ઈથોપિયા, મસ્કત, મુંબઈ અમદાવાદ, રાજકોટ, ધંધુકા વગેરે ગામના ભાવિકોની હાજરી હતી. જીવદયા કળશ નો લાભ મંછાબેન કેશવલાલ સંઘવી, રાજુ કેસ્ટ્રોલ, રાજુભાઈ અને ભાવેશભાઈ ધોલેરાવાળા વગેરે એ લીધેલ.

વિશાળ ધર્મસભાને સંબોધતા ગુરુદેવ કહેલ કે - શાસનના, સંઘના સત્કાર્યમાં રિપોર્ટર નહીં સપોર્ટર બનશો. રસિલાબેન પ્રાણલાલ જાંબુવાલા એ બીનસંપ્રદાયક ઉપાશ્રયનું નિર્માણ કરાવી અનુમોદનીય કાર્ય કરવા બદલ સહુએ સરાહના કરી હતી.

બપોરે પ્રેમની પરબ - માતા-પિતા કાર્યક્રમ ઉત્તમ છેડાએ રજુ કરેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કમલ જાંબુવાલા, અને ટીમ, મહિલા મંડળે જહેમત ઉઠાવી હતી.

❖❖❖

# BIODATA



**PERSONAL DETAILS:-**

| | |
|---|---|
| **NAME** | **: HRITHIK SANJAY KAMDAR** |
| Date of Birth | : 17th February 2000 |
| Contact Info | : +1(562)282-8727 |
| Birthplace | : Kandivali (Mumbai, India) |
| Current Location | : Los Angeles (California, USA) |
| Height | : 5'11" |
| Birth Time | : 5:30 pm |
| Native Place | : Botad (Gujarat, India) |
| Weight | : 75 kg / 165 lbs |
| Religion | : Jain (Sthanakvasi) |
| Education | : - Bachelor of Architecture[B.Arch] (Mumbai)<br>- MS Civil Engineering in Construction Management |
| Language | : English, Hindi, Gujarati, Marathi |
| Working as | : Transportation Engineer @ Caltrans (US Government Job) |

**FAMILY DETAILS:-**

| | |
|---|---|
| Father's Name | : Sanjay Bhupatray Kamdar |
| Contact Info | : +91 9322347440 |
| Mother's Name | : Manisha Sanjay Kamdar |
| Maternal Grandmother | : Purnima Bipin Shah, Chicago (Illinois) |
| Contact Info | : +1(630)835-6773 |
| Uncle's Name | : Karan Shah, Los Angeles (California) |
| Contact Info | : +1 (714)350-0944 |
| Uncle's Name | : Deepak Shah, Vile Parle East (Mumbai) |
| Contact Info | : +91 9820070123 |
| Address | : 203/204 B, Nagwekar 1, Akurli Main Rd, Kandivali East, Mumbai-400101 |
| Preference | : U.S Citizen / Green Card |

Advt.

શ્રીજી

**જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**

Mo. 98790 75965

**અંકિતભાઈ એ. શેઠ**

Mo. 98796 79553, 8200628452

Email : ankitsheth77@gmail.com

## અતુલભાઈ ટી. શેઠ

સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે,
જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

### જૈન સમાજના વડીલો આટલું જરૂરથી વાંચશો...

જૈન સગપણ ગ્રુપ જૈન સમાજના દરેક લગ્નઉત્સુકપાત્રને જીવનસાથીની પસંદગી કરાવી આપતુ ગ્રુપ છે જૈન સમાજના દેશ વિદેશમાં રહેતા દીકરા દીકરીઓને પસંદગીના પાત્રો જૈન સગપણ ગ્રુપમાં ઉપલબ્ધ છે જૈન સગપણ ગ્રુપના આ કાર્ય દ્વારા કેટલાય પાત્રોને પોતાના જીવનસાથીની પસંદગી ખૂબ જ ઝડપી અને સરળતાથી થઇ ગઇ છે...

જૈન સમાજના ચારે ફિરકાઓ કચ્છી, દશા શ્રીમાળી, વિશા શ્રીમાળી, ઘોઘારી, ઓસવાલ, પોરવાર તેમ જ સમગ્ર જૈન સમાજના ઉમેદવારો આ ગ્રુપમાં જોડાય છે જેથી દરેકને ઉમેદવાર પસંદગી કરવાની ખૂબ જ વિશાળ તક મળે છે જેના લીધે પોતાના જીવનસાથીની પસંદગી કરવામાં સમય બગડતો નથી. લગ્ન તો યોગ્ય ઉંમરે થઈ જ જવા જોઈએ...

... તો તમે પણ વધતી ઉંમરને ધ્યાનમાં રાખી આજે જ આપનું રજીસ્ટ્રેશન કરાવી પસંદગીનું પાત્ર શોધવાની શરૂઆત આજથી જ કરી દો...

આ મેસેજને આપના સમાજમાં, સગા સંબંધીઓને, મિત્રોને તથા જૈન સમાજના દરેક ગ્રુપોમાં મોકલવા વિનંતી છે જેથી તેઓ પણ આ જૈન સગપણ ગ્રુપનો લાભ લઈ શકે...

*www.jainswayamvar.com www.nriswayamvar.com*

**જૈન સગપણ ગ્રુપ મો. :- 92656 66526**

Advt.

# JINENDRA CHARITABLE TRUST

Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

## ( ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા ! )



માનનીય દાતાશ્રીઓને હૃદયપૂર્વક જય જિનેન્દ્ર અને જયશ્રી કૃષ્ણ,

ભારતમાં હજુ પણ ૧ કરોડ થી વધુ અંધજનો વસે છે. ૨,૭૦,૦૦૦ બાળકો અંધ છે.

**ફકત રૂા.૧૫૦૦/-નું દાન આપી મોતિયાના ઓપરેશન દ્વારા એક અંધભાઈ/બહેન/બાળકને આંખની રોશની આપી નવું જીવન આપી શકો છો.**

એક નેત્રયજ્ઞ માટે રૂા.૧૫૦૦૦/-નું દાન આપી ૨૫ જેટલા અંધજનોને આંખની રોશની આપી શકો છો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય છે. દાતાને ફોટા/દર્દીઓનું લિસ્ટ વગેરેનો રીપોર્ટ આપવામાં આવશે.

આંખની રોશની આપી આશાનું કિરણ આપવા આપને સહકાર આપવા વિનંતી.

લિ. સેવક કિશોરલાલ શાહ (સાયલા નિવાસી)ના જય જિનેન્દ્ર
B.A (Hons) B.Ed. Dip.Ed. (London) Email ID: kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી

Account # : 925010024476033
A / C Name : JINENDRA CHARITABLE TRUST
IFCS Code : UTIB0004518
Bank Details : AXIS BANK LTD (YAGNIK RD BRANCH)

**Office :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

(Advt.)



## હાર્દિક અભિનંદન... ચિ. જીનય



CFA (Chartered Financial Analyst)
Level 1, 2 અને 3 ની પરીક્ષા માં
પ્રથમ પ્રયાસે ઉતીર્ણ થવા બદલ અમે પરિવારજનો
અત્યંત આનંદ અને ગર્વ અનુભવીએ છીએ.
વોરા તથા સંઘવી પરિવાર તરફથી
ચિ. જીનયને ઉજ્જવળ ભવિષ્ય માટે
ખૂબ ખૂબ શુભેચ્છાઓ તથા આશીર્વાદ...
દાદી-દાદા : સ્વ. નીલાબેન - સ્વ.જગદીશભાઈ સવાઈલાલ વોરા
નાની-નાના : સરલાબેન - સ્વ. અરવિંદભાઈ નંદલાલ સંઘવી
મમ્મી-પપ્પા : બીના - બિરેન
શ્રી સવાઈલાલ પાનાચંદ વોરા પરિવારના
જયજિનેન્દ્ર

Advt.



।।શ્રી ગણેશાય નમઃ।।
શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ


Advt.

## ''ખુશ ખબર''


## એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.

**ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*



**૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**



**તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો**
**અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.**
**<u>ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી</u>**

**સંપર્ક :**
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
**૯૮૨૧૦૨૯૦૫૩**
**પુત્ર – જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪**

Advt.


## વીર આવો અમારી સાથે

**વિશ્વ સામાયિક નું આયોજન તા. ૦૬-૦૧-૨૦૨૬, યોગી સભાગૃહ, દાદર. સવારે ૮.૩૦ કલાકે રાખેલ છે.**

પ્રથમ વાર ચાલો સૌ બૃહદ મુંબઈ ઝાલાવાડી સભા, ઝાલાવાડી મહિલા મંડળ, ઝાલાવાડી મિત્ર મંડળ, તેમજ જૈનોના ચારે ફિરકાઓ માટે વિશ્વ સામાયિકનું આયોજન કરેલ છે. જૈન સંઘ ને પાંચ, બે પાસ પ્રમુખ ને એમ સાત પાસ મોકલાવેલ છે..


અરિંહત નો વેશ ( સફેદ), મૌન સામાયિક ૨૦૨૬ ની શુભ શરુઆત છ કાય જીવ ની રક્ષા કરી ભક્તિના રંગમાં પુણ્ય સામાયિક ની જેમ અનમોલ સામાયિક ક્ષેણિક મહારાજ ને પણ ના મળી તો જે ભાગ્ય શાળી ને પાસ મળેલ છે..તે ૧૧૧૮ સામુહિક સામાયિકમાં પધારશોજી..... બાકી ના ભાગ્યશાળી પોતાના ઘરે સામાયિક કરવા ની ભાવના રાખશોજી..

ઝાલાવાડમાં કોઈ સંસ્થા માં પાસ ના પહોંચ્યા હોય તો

**સંપર્ક**

૯૮૬૭૮૭૭૦૦૭ / ૯૮૨૦૭૪૪૯૧૩ / ૯૩૨૨૨૩૦૧૧૫

**તા.ક. : યોગી સભાગૃહમાં આમંત્રણ પાસ આપવાથી જ પ્રવેશ આપવામાં આવશે.**

Advt.

# પરમ પૂજય પ્રેમાળ પપ્પા

જન્મ
તા. ૦૪-૦૩-૧૯૪૪





અરિહંતશરણ
તા. ૧૬-૧૧-૨૦૨૫



## સ્વ. કીર્તિકાંત કાંતિલાલ ચુડગર

સુરેન્દ્રનગર નિવાસી - હાલ બોરીવલી મુંબઈ.

રોજ સવારે આંખ ખૂલે ત્યારે દર્શન દેતાં હતાં તમે પપ્પા
આમ મધરાતે આંખેથી જીવન-જયોતિ બુઝાવી કયાં ચાલ્યાં પપ્પા
નાનપણથી આજ સુધી દીધેલાં સ્નેહની યાદ તાજી થાય છે પપ્પા
સાથે વીતાવેલી હરપળની સ્મૃતિઓથી આંખો છલકાય છે પપ્પા
રોજ- રોજ નવા રમકડાં અપાવી રમતા કર્યા અમોને મોટાં પપ્પા
નીત નવાં વસ્ત્રા-ભૂષણો પહેરાવી અમોને આનંદિત કરતાં પપ્પા
સાયકલની સીટ પર બેસાડી સ્કૂલે ઝડપથી મૂકવા આવતાં પપ્પા
નવા પુસ્તકો,નવા યુનિફૉર્મ અપાવી શિક્ષિત કર્યા અમોને પપ્પા
નાનાં હોય કે મોટાં, સ્વજન હોય કે પારકાં સૌનું માન જાળવતાં પપ્પા
હળાહળ અપમાન કરનારને પણ પ્રેમથી સન્માન- આદર આપતાં પપ્પા
સર્વસ્વ છીનવી રાજામાંથી રંક બનાવનારને પણ આશિષ આપતાં પપ્પા
પીઠ પાછળ કાવતરા-માયા કરનારનો પણ દ્વેષ કષાય ન કરતાં પપ્પા
કેટલાંયને ભણવા માટે ફી અપાવી, કેટલાંયને બીમારીમાં દવાઓ અપાવી પપ્પા
કેટલાંયને નોકરીઓ અપાવી, કેટલાંયને પરણાવી ઘર બંધાવ્યા પપ્પા
આખું જીવન પરગજુ બની જીવ્યાં, છતાં અંત સમયે થયાં એકલાં પપ્પા
તમે તો હતાં પરમેશ્વર પ્રભુના છોરું, જાણે કે પાંચમાં આરાનાં અછેરું પપ્પા
કોઈના પણ સુખના કે દુઃખના પ્રસંગમાં સદા અગ્રેસર રહેતાં તમે પપ્પા
તમારા ઘરમાં ન આવ્યો સુખનો પ્રસંગ, દુઃખના દિવસોમાં પણ સહુ દૂર થયાં પપ્પા
જીવનની અંતિમ અવસ્થાએ કટોકટીની ક્ષણોમાં પણ પપ્પા
આર્થિક તંગદિલીએ અમે ન કરી શકયાં જરૂર પ્રમાણે સુશ્રૂષા પપ્પા
પહેલા મમ્મી ચાલી, થોડો સાથ આપી ચાલ્યાં તમે આ તે કેવી પ્રીત પપ્પા
બંનેનો અંતસમય આવ્યો એક જ રીત,એ જ કારણ એ જ નિમિત્ત પપ્પા
તમે બન્ને મલ્યાં અમોને એ હતો અમારો પ્રબળ પુણ્યોદય પપ્પા
મોક્ષપર્યંત મા-બાપ સ્વરૂપે મળતાં રહો એવો રહે સદા ઉદય પપ્પા
તમારું ભોળપણ, તમારી સરળતા - નિખાલસતા સદા રડાવશે પપ્પા
તમારા જેવા સાથે શીદને થયો આટલો અન્યાય પ્રભુને પૂછતાં રહીશું પપ્પા
ઈશ્વર તમારા પરમ પવિત્ર સરળ આત્માને નિષ્કપટ, માયારહિત ક્ષેત્રે પહોંચાડે
અને તમને મોક્ષગામી બનાવી પરમ સુખને પમાડે .

લિ. આપના વ્હાલાં સંજીવ, સુનિલ, નિકેતાના કોટિશ વંદન.

Advt.

# ૨૮મી પુણ્યતિથિએ
# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મતારીખ
૧૦-૭-૧૯૪૬

અરિહંતશરણ
૨૬-૧૨-૧૯૯૭

**સ્વ. વિમળાબેન રમણીકલાલ સંઘવી**

(ધાંગધ્રા-પીપળી નિવાસી - હાલ ઘાટકોપર)

**'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી - અવિનાશી હું આત્મસ્વરૂપ'**

*શ્રીને સંઘરવાને બદલે સાર્થક કરી જાણી,*
*જીવન જીવીને બધે સુવાસ ફેલાવી જાણી.*
*લાખોના દુઃખમાં ભાગ લઈ દુઃખ દૂર કરી જાણી,*
*લક્ષ્મીમાં એ અભિમાનની અણસાર ન આણી.*
*મેઘ વરસે કે ઠંડી, પણ પોતાનું કર્તવ્ય જાણી,*
*જીવન જીવ્યા અને સૌને સાથી રાહ બતાવી જાણી.*
*વખત હોય કે ન હોય, દરેક સમયે હાજર રહી જાણી,*
*પોતાના હોય કે પરાયા સૌને સમાન જાણી.*
*મારા છે મારા છે બસ એક જ એમની વાણી*
*દૃષ્ટિમાં હજુયે રમે છે, તમારા હસતા ચહેરા*
*અંતરમાં હજુયે પડઘાય છે, તમારી સ્મૃતિના ધબકારા*
*અસ્તિત્વનું રોમેરોમ હજુયે અનુભવે છે*
*તમારી હયાતીનો હુંફાળો સ્પર્શ.*
*સમયને જતાં ક્યાં વાર લાગે છે ?*
*જીવન એવું જીવ્યા કે ભુલાતું નથી.*

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે
એ જ નત મસ્તકે શ્રદ્ધાંજલિ.

❖ લિ ❖

**રમણીકલાલ રતિલાલ સંઘવી**

પુત્રો : કલ્પેશ, તુષાર, નીરવ
પુત્રવધૂ : પારુલ, ફાલ્ગુની, દર્શીતા
પૌત્રો-પૌત્રી : ભવ્ય-પૂજા, આયુષ, નિયતી, સિદ્ધાંત, મહેક તથા મોક્ષ

**સ્વ. શાંતાબેન રતિલાલ સંઘવી પરિવાર**
**સ્વ. રંભાબેન ગાંડાલાલ પારેખ પરિવાર**

સરનામું : ૬૦૭/૬૦૮ સંભવનાથ ટાવર, સુધા પાર્ક,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

Advt.

।। શ્રી મહાવીરાય નમઃ ।।

# માતૃ વંદના



જન્મ
૦૧ જૂન ૧૯૩૮

અરિહંત શરણ
૨૫ ઑક્ટોબર ૨૦૨૫

ધ્રાંગધ્રા નિવાસી હાલ દહિસર

**સ્વ. હીરાબેન રજનીકાંત કોઠારી**

પરિવાર જેમનું મંદિર હતું, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેમની ભક્તિ હતી, સ્નેહ જેમની શક્તિ હતી,
ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં.

અમારા સમગ્ર પરિવારના સભ્યોનું ભવિષ્ય ઉજવળ બનાવનાર
એવા વાત્સલ્યરૂપ માતુશ્રીને કોટી કોટી વંદન.

**કોઠારી પરીવાર તરફથી**
**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ**
**આધાર સ્તંભમાં (રૂ. ૧૧,૦૦૦/-) ની**
**અનુમોદના**
**કોઠારી પરિવારના જય જિનેન્દ્ર**

Advt.

# પ્રથમ પુણ્યતિથીએ
# ભાવભીની સ્મરણાંજલિ

સહજાત્મ સ્વરૂપ પરમગુરુ



## સ્વ. મંજુલાબેન હિંમતલાલ શાહ

**મૂળવતન – રળોલ, હાલ – બોરીવલી**

જન્મ : ૦૮-૦૫-૧૯૩૮ ● અરિહંતશરણ : ૨૬-૧૧-૨૦૨૪

અમારા માતુશ્રીની પ્રથમ પુણ્યતિથીએ તેમના પવિત્ર સ્મરણોને નમન કરીએ.

મા ની મમતાની છાયા એકવાર આથમી જાય પછી માત્ર સ્મરણ ગુંજન થી હૈયાને તસલ્લી આપવી પડે છે.

આટલું જ યાદ રહે કે જેમણે દેહ આપીને આ ધરતી ઉપર વિચરનારી જીંદગીના વરદાન આપ્યા એમના પ્રત્યે કૃતજ્ઞતા દાખવીએ એટલી ઓછી.

''મમતા ગઈ એની માયા ગઈ,
એક ઘટાદાર વડલાની છાયા ગઈ.''

**પ્રેમાળ સ્મૃતિમા**

પતિ : સ્વ. હિંમતલાલ શાંતિલાલ શાહ

પુત્ર : મુંજાલ શાહ પુત્રવધૂ : નીતા શાહ

પુત્રી : રાજુલ અજમેરા જમાઈ : કિશોરભાઈ અજમેરા

શેફાલી ગાંધી સંજયભાઈ ગાંધી

દોહિત્ર : રૂષભ – પ્રાચી, કુનાલ – ભૂમિ

દોહિત્રી : અનુભૂતિ – સ્મિત

**સમસ્ત લક્ષ્મીબેન શાંતિલાલ શાહ પરિવાર**

**કાંતાબેન રતિલાલ વોરા પરિવાર**


# ૯મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ
૦૪-૦૮-૧૯૪૮



અરિહંતશરણ
૧૨-૧૧-૨૦૧૬

## સ્વ. હંસાબેન કિર્તીભાઈ શાહ

શિયાની, ઘાટકોપર (ઈસ્ટ)

સમય જિંદગી નો ઓછો હશે... ક્યાં ખબર હતી.
વિદાઈ તમારી અણધારી હશે એ... ક્યાં ખબર હતી
કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા...
આપણા દિવ્ય આત્માને પરમ શાંતિ મળે, હંમેશા જૈન ધર્મનું
શરણ મળે અને વહેલા માં વહેલા મોક્ષ મળે,
એવી અમારી પરમાત્માને પ્રાર્થના

**V2 Motors : Chembur, Mulund, Andheri**
**Nirav Shah & family, 9819012468**

Advt.


# સમર્પણનો આનંદ

તમને જીવન તરફ અને મનુષ્યો તરફ ઘૃણા થઈ આવી હોય, એટલે તમારે યોગ કરવાનો નથી. મુશ્કેલીઓમાંથી નાસી છૂટવાને માટે તમારે અહીં આવવાનું નથી. પ્રેમની મધુરતા માણવાને ખાતર પણ ્હીં આવવાનું નથી. કેમ કે પ્રભુનો પ્રેમ તો, તમે સાચું વલણ ધારણ કરશો તો, તમને ગમે તે સ્થળે મળી શકે તેમ છે.

પ્રભુની સેવામાં પોતાની જાતને પૂર્ણપણે આપી દેવાનું મન તમને જ્યારે થાય, પ્રભુના કાર્યને ખાતર પોતાની જાતનું સમર્પણ કરી દેવાની ઈચ્છા થાય, એમાં ફક્ત પોતાની જાતને આપવાનો આનંદ જ રહેલો હોય, એના બદલામાં બીજી કોઈ વસ્તુની માગણી ન હોય, માત્ર એટલું જ કે તમને સમર્પણ કરવાની શક્યતા મળે - આ સ્થિતિ હોય તો સમજવું કે માણસ અહી આવવાને માટે તૈયાર છે.

**શ્રીમાતાજી**







Supreme FURNITURE






SENIOR AGENCY AKSHAY SHAH: 98210 12193 / 77889 97781

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.

# ભાવભરી હૃદયાંજલી



સંસારી નામ.
સ્વ, પૂજ્ય લીલા બેન (દીદીબા)

## ગૌતમગઢ નિવાસી.
## સુરેન્દ્રનગર.
## ઉમર વર્ષ ૯૦

## દેવલોક ગમન
**તા: ૧૨-૧૦-૨૦૨૫ - રવિવાર**



દીક્ષાર્થી નામ
પૂજ્ય આત્મદયા શ્રી મહાસતીજી

**આરંભ પરીગ્રહ અલ્પ હો - મહાવ્રત કરૂ સ્વીકાર,**
**સંથારો થાવ અંતમા. ત્રણ મનોરથ સાર.**

આપે જીંદગીભર જે ચિંતવણા કરી હતી- તે જીવન ભર આરાધના કરતા કરતા. છેલ્લે, ડાયમંડ ઉપાશ્રય સ્થિત પૂ. ગુરુદેવ ભાવેશમુનિ આદિ . ઠાણા ચાર, અને પૂજ્ય સમતાશ્રી જી મહાસતી જી આદિ ઠાણા ચાર- ની નિશ્રામા: સંથારો અને દીક્ષા ગ્રહણ કરી ત્રણેય મનોરથો પૂરા થયા. જીવન ની અંતિમક્ષણોમાં પૂ. ચારેય ગુરૂદેવો અને પૂ. ચારેય ગુરૂણી માતા નાં મુખેથી "ચતારિ શરણં પવજ્જામિ" ની ધૂન સાંભળતા શાંતિપૂર્વક દેહત્યાગી , મૃત્યુને મહોત્સવ બનાવ્યુ - આપ પરમગતિ ને પામો, તેવી પરમ કૃપાળુ પાસે પ્રાર્થના કરતા તમારા સંસારી.

## પરિવારજનો

સાસુ - સસરા: સ્વ. મોતીબેન પોપટલાલ વોરા (ગૌતમગઢ)
પતિ: સ્વ. ચંદુલાલ પોપટલાલ વોરા.

**જેઠ-જેઠાણી:** સ્વ. મનસુખભાઈ-સ્વ. સવિતાબેન
**જેઠ-જેઠાણી:** સ્વ. શાંતિભાઈ-સ્વ. શુશીલાબેન
**દેર-દેરાણી:** સ્વ. વાડીભાઈ-સ્વ. રંજનબેન
**દેર:** સ્વ. કાંતિભાઈ
**નણંદ-નણદોઈ:** સ્વ. લલીતાબેન-સ્વ. ગીરધરલાલ શાહ
**નણંદ-નણદોઈ:** સ્વ. રંજનબેન-સ્વ. મહાસુખલાલ જોબલીયા

### પિયર પક્ષે:

**માતા - પિતા:** સ્વ. મરઘાબેન - સ્વ. હરિભાઈ શાહ (દાણાવાડા)
**બેન - બનેવી:** સ્વ. મુક્તાબેન - સ્વ જયંતિભાઈ શાહ
**બેન - બનેવી:** સ્વ. ઇન્દીરાબેન - સ્વ. ડો. પ્રફુલભાઈ શાહ
**ભાઇ - ભાભી:** સ્વ. બાબુભાઈ - સ્વ. ઇન્દુબેન શાહ

**પુત્ર - પુત્રવધુ:** અનિલભાઇ - સૌ. રીટાબેન
**પુત્ર - પુત્રવધુ:** કમલેશભાઇ - સૌ. પારૂલબેન
**પુત્રી - જમાઈ:** સૌ. પારૂબેન - શ્રી શરદકુમાર જસવાણી
**પુત્ર - પુત્રવધુ:** જસ્મીનભાઇ - સૌ. સોનલબેન
**પૌત્ર -** પરીન
**પૌત્ર - પૌત્રવધુ અને બાળકો:** ઉમંગ-સૌ. પલ્લવી-આશી-જીલ

**પૌત્ર - પૌત્રવધુ અને બાળકો:** પાર્થ - સૌ. નિધિ-વિહાન
**પૌત્ર - પૌત્રવધુ અને બાળકો:** ભવ્ય - સૌ. પલક
**પૌત્રી - જમાઈ અને બાળકો:** ચી. અનેરી સિદ્ધાર્થકુમાર મહેતા-રીયાંશ
**પૌત્રી - જમાઈ અને બાળકો:** ચી. લબ્ધી-અંકિતકુમાર બાવીશી-વિઆન
**દોહિત્ર - દોહિત્રવધુ અને બાળકો:** દર્શન-સૌ. નમ્રતા-પરમ-દેવ
**દોહિત્ર - દોહિત્રવધુ અને બાળકો:** નિગમ સૌ. અંકિતા-હિયા-વીર

**તથા સમગ્ર વોરા પરિવાર ગૌતમગઢ**
**જય જીનેન્દ્ર**

Advt.

## આઠમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



**અવનિ અવતરણ**
**૦૨-૧૨-૧૯૩૪**

**અરિહંતશરણ**
**૦૩-૧૨-૨૦૧૭**

# સ્વ. કિશોરકુમાર વાડીલાલ શાહ

*છોડી સ્વજનોનો સાથ*
*તમે વસ્યા પ્રભુને પાસ*
*નથી હયાત પણ છો સાથ,*
*એવો અમને રહેશે ભાસ*
*શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,*
*અંજલિ આપતા હૈયુ તૂટે છે.*

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રભુ પાસે પ્રાર્થના

### શ્રદ્ધાસુમન અર્પણ કરનાર

ધર્મપત્ની : અરૂણાબેન કિશોરકુમાર શાહ

| પુત્ર | પુત્રવધુ | પૌત્ર |
|---|---|---|
| તેજસ | દીપ્તિ | લવ્ય |

Advt.

# પ્રથમ માસિક પુણ્યતિથિએ અશ્રુ ભરી શ્રદ્ધાંજલિ

## અરિહંત શરણ

જન્મ તારીખ :
૧૫-૬-૧૯૪૫



અરિહંતશરણ :
૧૯-૧૦-૨૦૨૫

## સ્વ. કાંતાબેન ભુપેન્દ્રભાઈ ગાંધી

થાનગઢ નિવાસી - હાલ મલાડ

''મા ગુમાવ્યા ની વ્યથા શબ્દોમાં સમાતી નથી
હૈયુ માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની
હૃદય અમારું રડી પડે છે જોઈ તસવીર આપની
મહિનો વીતી ગયો છતાં અશ્રુ અમારા સુકાતા નથી
હર હંમેશા વરસથી રહેતી લાગણી વિસરાતી નથી
દરેક પ્રસંગે ખટકે છે ખોટ મા તમારી
ઓચિંતી લીધી વિદાય અમને આપી હાથતાળી
આપના સ્નેહથી યાદો અંતરમાંથી જવાની નથી

આપનું શુદ્ધ આત્મા જ્યાં હોય ત્યાં શાશ્વત શાંતિ પામે જન્મો જન્મ જૈન ધર્મ
અને નવકાર મહામંત્રનું સ્મરણ પામે એ જ પરમ કૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના

**સ્મરણાંજલિ અર્પણ કરનાર**

**સ્વ. ખોડીદાસ હીરાચંદ ગાંધી પરિવાર**

**સ્વ. ભગુભાઈ અમીચંદ શાહ પરિવાર (વીંછીયાવાળા)**

**આપને હર પળ યાદ કરનાર અને આપના ઋણી**

| | | |
|---|---|---|
| પતિ | : | સ્વ. ભુપેન્દ્રભાઈ ગાંધી |
| પુત્ર-પુત્રવધુ | : | પિનાકીન - રીમા |
| પુત્રી - જમાઈ | : | પ્રીતિ - પંકજકુમાર |
| પૌત્ર-દોહીત્રી | : | કથન - નિહારીકા |

Advt.

# ૨૧મી પૂણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ

**સુરેન્દ્રનગર નિવાસી**

**હાલ : બોરીવલી (યોગીનગર), મુંબઇ**



## માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા

**માતુશ્રી દેહ વિલય : તા.૧૬-૧૨-૨૦૦૪, ગુરૂવાર**

**માત્ર નવ દિવસ નહીં પરંતુ પુરા નવ મહિના સુધી આપણું સર્જન કરનારી**
**આપણા ઘરમાં રહેલી માં ને સન્માન આપવું એ પણ એક નવરાત્રિ જ છે !**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, અંજલી આપતા હૈયુ તૂટે છે.
શ્રદ્ધાંજલિ આપતા શબ્દોય ખૂટે છે. કલ્પી ના શકાય તેવી અણધારી તમારી વિદાય
અમારા સૌના કાળજા કંપાવી ગઈ, દિલ હજુ માનતું નથી કે તમે મારી વચ્ચે નથી.
આપનાં દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રભુને અમારી પ્રાર્થના.

થોડું જોયા કરજો, થોડું જતું કરજો અને,  થોડું જાતે કરજો. જીંદગી જીવવા જેવી લાગશે.
કોઈના ગયાં પછી, "Miss You" લખવા કરતાં, જીવતાં હોય ત્યાં સુધી "With You" લખો ને એ વધારે સારું.




માતુશ્રી મુકતાબેન જયંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
(Reg. NO 23022 M)

**MAYUR STEEL CORPORATION**


(૧૧૦૭ યોગી ટાવર, યોગી નગર,એકસર રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ -૯૨)

D/9 Shop No.5, Yogi Laxmi C H S Yoginagar Eksar Road, Borivali (W), Mumbai - 400091

Office Add. : Room No 39, 2nd Floor, Haji Manzil,
82/86 Abdul Rehman Street, Mumbai  400003
Mob : 098201 77209 / 098208 10782 / 96199 34543

● mehtamayursteel@gmail.com ●  ● Bhavya mehta : bhavya@mayursteel.com ●

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.




PAWANDHAM (KANDIVALI)


ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future------

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

Contact us : 7021213467

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.


Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi